Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૬
તા.૧૧-૦૬-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪ સૂર્યાસ્ત : ૦૭:૨૫

તાપમાન

ડીસા	૩૯.૬	વડોદરા	૩૯.૪
અમદાવાદ	૪૧.૨	સુરત	૩૫.૦
ગાંધીનગર	૪૦.૦	નલિયા	૩૫.૫

ચાંદી : ૪૦૦૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાલ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંચાલક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૩૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

જમ્મુ કાશ્મીર : ઘુસણખોરીના પ્રયાસમાં છ આંતકીઓ ઠાર

ઠાર થયેલા કુખ્યાત ત્રાસવાદીઓ પાસેથી મોતનો મસાલો જપ્ત : કુપવારાના કેરન સેક્ટરમાં ઘુસણખોરીનો પ્રયાસ : આતંકવાદીઓ રમઝાનમાં પણ મોટા હુમલાઓ કરવાના પ્રયાસમાં : સુરક્ષા દળો હાલ હાઈએલર્ટ ઉપર

કુપવારા

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો આતંકવાદીઓના ઇરાદા પર સતત પાણી ફેરવી રહ્યા છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલી ઘુસણખોરીના પ્રયાસોને નિષ્ફળ કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પ્રયાસને આજે નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ છ ત્રાસવાદીઓને ઠાર મારી દીધા હતા. આ ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કુપવારા જિલ્લામાં આ પ્રયાસ નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ મોટી સફળતા હાસલ કરી હતી.

અનુસંધાન પાના નં.૬

વિચાર વૈભવ...

નિર્ણય!

અમેરિકાની વાત છે. એક માણસ પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. શિયાળાની સાંજનો સમય હતો.સ્ટ્રીટલાઈટ તો હતી. પણ બંને તરફના ઘટાદાર વૃક્ષોના કારણે વચ્ચે વચ્ચે રોડ પર લાંબા અંધારપટ થઈ જતુ હતુ. રસ્તો નિર્જન અને સૂમસામ હતો. અચાનક તે થોડે દૂર રોડની ભરાબર બાજુની ઝાડીમાંથી કર્કશ અવાજ આવતો સંભળાયો. તે દીશામાં પડી ગયો. ઝાડી નજીક જઈને ધ્યાનથી સાંભળ્યું તો અવાજ પરથી જાણે કોઈ બે જણા વચ્ચે ઝગડાઝપી થતી હોય તેવું લાગતુ હતુ. કદાચ એમાંથી એક અવાજ કોઈ સ્ત્રીનો હતો. એના મોં પર કોઈએ ડાબ દાબી રાખ્યો હોય અને તે બીચારી પાડવાની કોશિશ કરી રહી હોય તેવો તે અવાજ હતો. તે માણસને ખાતરી થઈ ગઈ કે કોઈ સ્ત્રી પર હુમલો થઈ રહ્યો હતો. તે સિચાઈ પોતાની બાંહી જ તાણતાંથી પ્રતિજ્ઞા કરી રહી હતી. તે ઝાડીમાં ઘૂસવા જ જતો હતો ત્યાં જ તેને થયું કે પોતે શું કામ પોતાની જિંદગી જોખમમાં નાખવી? એ સાથે વિચાર આવતાં જ તે માણસના પગ અટકી ગયા. બીજો વિચાર તેને તેવો આવ્યો કે અજાણ્યા ટેરિરીસ્ટોન બૂરા પરથી કુદન કરીને પોલીસને જાણ કરી દેવી. પછી પોલીસને જે કરવું હોય તે કરે. પરંતુ તેનું તટસ્થ અને વ્યવહાર કરીનું હતુ કે આમ કોઈ લોકની અને વધારે લોકો ઠેકાણ થતી લોકોની જગાં રહેવું કે સક્ર તો ન જ કરેવાય. એનું મગજ વારંવાર તેને ભાગી જવાનું કહેતું હતું. પરંતુ તેનું તટસ્થ તેનો તેમ કરવાની ના પાડતું હતુ પેલી સ્ત્રીનો વિલોપ કરી દીધાં પછી રહ્યો હોય તેવું લાગતું હતુ. તે સ્ત્રી હતી ઝાડીને ઠાંગી જશે તેવો વિચાર આવતા જ તે માણસે ત્યાંથી જતા રહેવાનો પોતાનો વિચાર માંડી વાળ્યો. તે પોતે કાંઈ મોટો સાહસવાળાજ કે કરાટે માસ્ટર નહોતો. છતાં જેવું તેણે પેલી સ્ત્રીને મદદ કરવાનું નક્કી કર્યું કે તરત જ તેનામાં અચાંક હિંમત ઊભરાઈ આવી. અત્યા વિચારો પડતા મૂકીને તે દોડતો પેલી ઝાડીમાં ઘુસ્યો. એક તુવરીનો ભોગ પર પછાડીને એના પર સવાર થયેલા ગુંડાને જોઈ બોલીને પડકીને પછાડી દીધો. બંને વચ્ચે થોડીવાર ઝપાઝપી થઈ. તે દરમિયાન નીચે પડેલી તુવરી દોડીને એક ઝાડ પાછળ લપાઈ ગઈ. આ માણસ ડનુનયુટર ગુંડાનો સામનો કરી રહ્યો હતો. અચાનક હુમલો થવાથી ગુંડો પણ ગભરાઈ ગયો હતો, બોલવે બોણે વધારે વડવાનું છોડી ત્યાંથી ભાગી જવાનું પસંદ કર્યું. એ માણસ ઊભો થયો. ધૂળ ખખેરી પોતાના ફાટી ગયેલા કોટની બાંયોને ધૂજતા હાથે સરખી કરી થોડોક શ્વાસ લેતો બોલ્યો ત્યારે બોણે જોયું કે પેલી તુવરી હજુ ઝાડના પાછળ લપાઈને ભીંતમાં ભરાઈ હતી. એને વધારે ગભરાટ ન થાય એટલા માટે બોણે દૂરથી જ કહ્યું, 'બહેન બોલ્ટ કરો ગભરાઈશ નહીં. પેલો ગુંડો ભાગી ગયો છે. હવે તું બહાર આવી જા દીકરી! હવે તું બિલકુલ સલામત છો' થોડીક ક્ષણે પૂરતી શાંતી છવાઈ ગઈ. પછી ઝીમો, ધૂજતો અવાજ આવ્યો, 'પપ્પા તમે છો ? હું સેફરીના'

અને તે સાથે જ ઝાડ પાછળથી નીકળીને તે માણસની પોતાની જ નાની દીકરી સેફરીન દોડીને એને વળગી પડી!

એક સરસ સોલોમોનોન:

Whenever you have to take a critical decision,
Always believe your heart,
Because:
Your heart may be in the left
But it is always right!

- ડો.આઈ.કે.વીજલીવાળા

ગતકડું....

- દેવન વ્યાસ

અધિક માસના એક ટાણા કરે છે તો પણ તાડું જન ઘટતુ નથી.!!

બનાસકાંઠાના ખેડૂતોને પડતા પર પાટું

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના લાભથી વંચિત ખેડૂતોમાં આક્રોશ

પાક વીમાના નાણાં વસુલનાર વીમા કંપનીઓને બ્લેક લિસ્ટ કરવાની કલેક્ટરની ચીમકી

(સંજય જોષી)

પાલનપુર

સરકાર લોકોને સુખાકારી મળી રહે તે માટે અનેક યોજનાઓ બનાવે છે. પરંતુ સરકારની યોજનાનો સાચો લાભ લાભાર્થી સુધી પોહચતો જ નથી. વાત છે બનાસકાંઠા જીલ્લાની કે જ્યાં ૨૦૧૫ અને ૨૦૧૭ માં વિનાશક પૂર આવ્યું. અનેક ખેડૂતો અને પશુપાલકો પાયમાલ થયા. પરંતુ જે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત લોકોના વીમા પ્રીમીયમ ભરાઈ ગયા હોવા છતાં આજદિન સુધી એક પણ ખેડૂતને આ વીમા યોજના અંતર્ગત પાક વીમાના નાણાં

અનુસંધાન પાના નં.૬

કિસાન સંઘ લડી લેવાના મૂડમાં

ભાજપની જ કિશાન પાંખ ગણાતી કિસાન સંઘ દ્વારા આ મામલે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી છે. કિસાન સંઘ પણ હવે લડી લેવાના મૂડમાં છે. આ મામલે તેમને હાઈકોર્ટના દ્વારા ખખડાવ્યા છે. જુબ્બાબાં પૂનમ ચાલમાલ કરવેલા અનેક ખેડૂતો છે જેને પ્રધાનમંત્રી પાક વીમાના નાણાં મળ્યા નથી. ત્યારે આ મામલે જો સોગ કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં ભાજપની જ કિશાન સંઘ આ મામલે આંદોલન કરશે તેવું મિડિયા પ્રમુખ ભીખાભાઈ ભુતડા એ જણાવ્યું હતુ.

ભાજપની સરકાર સાફ કરોના નારા લાગ્યા

ખેડૂત સમર્થનમાં રાજયભરમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવ

પરેશ ધાનાણી તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિત અનેક કોંગી નેતાઓ, કાર્યકરોની અટકાયત

અમદાવાદ

ખેડૂતોને પોષણક્ષમ ભાવો અને સંપૂર્ણ દેવા માફી સહિતની માંગણીઓ સાથે ગુજરાતના ખેડૂતોના આંદોલનને ટેકો આપવાની સાથે આજે કોંગ્રેસ પક્ષ દ્વારા અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત, અમરેલી, ભરૂચ સહિતના શહેરોમાં જેલ ભરો આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસે ખેડૂતોના સમર્થનમાં આજે રાજયભરમાં ઉગ્ર દેખાવો અને પ્રદર્શન કર્યા હતા એટલું જ નહી, હાઈવે પર ટ્રાફિક ચક્કાજામ કરી ભાજપ સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શીત કર્યા હતા. રાજયભરમાં કોંગ્રેસના આંદોલનને પગલે આજે દેખાવો દરમ્યાન પોલીસે વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિતના અનેક કોંગી નેતાઓ અને સેંકડો કોંગી કાર્યકરોની અટકાયત કરી હતી. જેને પગલે ખેડૂતોના મુદ્દે ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોનું દેવુ માફ નહી કરો, નહી તો ભાજપની સરકારને દેશમાંથી સાફ કરો સૂત્ર સાથે સમગ્ર દેશમાં ખેડૂતોના સમર્થનમાં કોંગ્રેસ પક્ષ દ્વારા દેખાવો અને આંદોલન કરાયા છે. ગુજરાતમાં કરોડો રૂપિયાના ખર્ચે કૃષિમેળાના નાટકો ભજવાઈ રહ્યા છે પરંતુ ખેડૂતોના મૂળભૂત પ્રશ્નોનું નિરાકરણ કરવામાં અને ખેડૂત-

અનુસંધાન પાના નં.૬

દિવાળી સુધી સોનાની કિંમત ૩૪,૦૦૦ સુધી પહોંચી શકે

મુંબઈ

સોનાની કિંમતમાં દિવાળી સુધીમાં ૩૪૦૦૦ સુધી ભાવ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડોલરની સામે રૂપિયો નબળો પડતા અને ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિના પરિણામ સ્વરુપે દિવાળી દરમિયાન સોનાના ભાવ ૩૪૦૦૦ સુધી પહોંચી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સ્થાનિક માર્કેટમાં દિવાળી સુધી પ્રતિ ૧૦ ગ્રામ ૩૦૦૦૦થી ૩૪૦૦૦ સુધીનો ભાવ રહી શકે છે. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનાની કિંમત ૧૨૬૦-૧૪૦૦ ડોલર પ્રતિ ઔંસ રહી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, રેટમાં વધારાની કોઈ અસર હાલમાં દેખાઈ રહી નથી. ભારતમાં આઠમી જૂનના દિવસે સોનાની કિંમત પ્રતિ૧૦ ગ્રામ ૩૧૦૧૦ રહી હતી જ્યારે ન્યુયોર્કમાં ૧૩૦૨.૭૦ ડોલર ઔંસ રહી હતી. વૈશ્વિક આધાર પર સોનાની કિંમત સ્થાનિક બજાર ઉપર પણ અસર કરી રહી છે. કોમોડિટી એન્ડ કરન્સી મેનેજિંગ ડિરેક્ટર પૃથ્વી રાઠીનું કહેવું છે કે, દિવાળી સુધી સોનાની કિંમત ૩૧૫૦૦થી ૩૧૮૦૦ની રેંજમાં રહી શકે છે. લાંબાગાળે સોનાની કિંમતમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સોનાની કિંમતમાં ફરી એકવાર વધારો થવાના સંકે દેખાતા

અનુસંધાન પાના નં.૬

દીઓદરમાં પરિવાર ધાબા ઉપર સુતો રહ્યો ને ચોરો બંધ મકાનમાંથી રૂા.૧,૮૩૦૦૦ ની ચોરી કરી પલાયન

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે આદર્શ હાઈસ્કુલની પાછળ આવેલ શ્રીકુંજ સોસાયટીમાં પ્લોટ નંબર ૨૧ માં તા.૧૦-૬-૨૦૧૮ના રોજ રાત્રીના બંધ મકાનમાંથી અજાણ્યા ચોર ઈસમોએ રૂા.૧,૮૩ હજારની ચોરી કરી પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામેલ.

પ્રાપ્ત માહીતી મુજબ દીઓદર તાલુકાના વડીયા ગામના વતની અને દીઓદરમાં આદર્શ હાઈસ્કુલ પાછળ આવેલ શ્રીકુંજ સોસાયટીમાં પ્લોટ નં.૨૧માં રહેતા રમેશભાઈ લાધુરામ વ્યાસ તા.૯-૬-૨૦૧૮ના રોજ પોતાના પુત્રના સાસરીયામાં સામાજીક કામ અર્થે ગયેલ હતા ત્યારે તા.૧૦-૬-૨૦૧૮ ના રાત્રીના સમયે પોતાના પુત્ર મકાનના ધાબા ઉપર સુવા ગયેલ. ત્યારબાદ રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે કોઈક અજાણ્યા ચોર ઈસમોએ તેમના મકાનનું દરવાજાનો નકુચો તોડી મકાનની અંદર પ્રવેશી કબાટમાં પેટીમાં મુકેલા સોના - ચાંદીના દર દાગીના તથા રોકડ રકમ મળી કુલ કીંમત રૂા.૧,૮૩૦૦૦ લઈ ચોરી કરી ભાગી છુટેલ.આ ઘટનાની જાણ સવારે પોતાના પુત્ર ધાબા પરથી નીચે આવતાં મકાનનું તાળુ તુટેલ હાલતમાં જોવા મળતા અંદર તપાસ કરતાં ઘરમાં ચીજવસ્તુઓ વેરણ છેરણ પડી હતી.ત્યારબાદ અંદર જઈ તપાસ કરતાં પેટીમાં મુકેલા દાગીના અને રોકડ રકમ ચોરાયાનું માલુમ થતાં તેઓએ આજુબાજુના લોકોને જાણ કરતાં લોકો દોડી આવેલ અને દીઓદર પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ કરતાં મકાનમાંથી સોના ચાંદીના દાગીના જેવા કે એક સોનાનો ત્રણ તોલાનો હાર કીંમત રૂા.૫૦,૦૦૦, એક મંગળ સુત્ર બે તોલા કીંમત રૂા.૪૦,૦૦૦, બીજુ એક મંગળ સુત્ર રૂા.૧૫૦૦૦, સોનાની કંઠી નંગ એક બે તોલા કીંમત રૂા.૩૫૦૦૦, સોનાની બુટી જોડ બે કીંમત રૂા.૧૫૦૦૦, ચાંદીના કડલા જોડ એક ૭૫૦ ગ્રામ કીંમત રૂા.૧૦,૦૦૦, સોનાની વીંટી ૩ કીંમત રૂા.૧૦૦૦૦, રોકડા રૂપીયા ૧૫૦૦૦ મળી કુલ ૧,૮૩૦૦૦ રૂપીયાની ની ચોરી થયાની ફરીયાદ રમેશભાઈ લાધુરામ વ્યાસે દીઓદર પોલીસ મથકે નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઝીલીયા ગામે તાલુકા પંચાયતના પૂર્વ ડેલીગેટની હત્યા

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ઝીલીયા ગામે ભાજપના પૂર્વ તાલુકા પંચાયત ડેલીકેટ અને હાલમાં ખેતીનો વ્યવસાય કરતા વૃધ્ધનું કોઈ અજાણ્યા શખ્સોએ માથાના પાઈપના ભાગે લાકડા વડે માર મારી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી જવા પામી છે.

ઝીલીયા ગામમાં વાલાભાઈ કાળાભાઈ પરમાર પૂર્વ તાલુકા પંચાયત ડેલીકેટ રહી ચુકેલા છે. હાલમાં તેઓ ખેતીનો વ્યવસાય કરી રહ્યા છે. તેમના નિત્યક્રમ મુજબ ગત શુક્રવારે બપોરે ભોજન કરી ખેતરે ગયા હતા, દરમિયાન સાંજના સમયે તેમનો છોકરો અને છોકરી ખેતરે ગયા હતા અને તેઓને લોહીલુહાણ અવસ્થામાં મૃત હાલતમાં ખાટલામાં જોતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. દરમિયાન આ અંગે તેઓએ ચાણસ્મા પોલીસને જાણ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને બનાવની હકીકત જાણવા તપાસ ચલાવેલ.

મૃતકના પુત્ર જગદીશે ચાણસ્મા પોલીસ મથકે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પી.આઈ. પ્રીયદશી તપાસ ચલાવી રહ્યા છે. પેનલ ડ્રેક્ટર દ્વારા મૃતકનું પી.એમ. કરવામાં આવ્યું હતું.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (સીધરી)
ડીસા, મો.૯૦૩૩૯૫૫૪૦



સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૨૫

તિથિદર્શન
જેઠ વદ-૧૨ સોમવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :બારસ સોમવાર નક્ષત્ર:ભરણી રાત્રે ૯.૦૬ પછી કૃતીકા યોગ :અતીગંડ કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

વિષધર તોકોઅપ્યતિ વિષમ : ખલ ઈતિ ન મૃષા વદિન્ત વિદ્વાંસ : યદર્નકુલદ્વેષી પુનઃ પિશુન :

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'દુર્જન નિંદા' નો આ શ્લોક છે :

'જાણકાર' માણસો કહે છે કે ખલપુરૂષ- દુષ્ટ - દુર્જન તો વિષધર કાળા કોબ્રાથી પણ અત્યંત ઝેરીલો છે એ વાત તદન ખોટી પણ નથી, કારણ કે સાપની દુશ્મની- વિરોધ તો માત્ર નકુલ- નોળિયા સાથે જ છે તેનો જ દ્વેષ વિના કારણ પણ કરે છે (અર્થાત બીજા પ્રાણીઓ સામે વિના કારણ વિરોધ કરતો નથી) પરંતુ દુષ્ટજન- દુર્જન તો પોતાના કુળ- પરિવાર સંબંધીઓ પ્રત્યે પણ ઝેરીલો દ્વેષ કરે છે.' આમાં સાપ- કાળો નાગ અને દુર્જનની સરખામણી કરતાં એવું જણાવામાં આવ્યું છે કે સાપ કરતાં પણ દુષ્ટ- દુર્જન વધારે ખતરનાક અને ખરાબ છે કારણ કે સાપને કોઈ સાથે દુશ્મની કે દ્વેષ નથી એ પોતાને રસ્તે જ જાય છે સામાન્યતઃ કોઈ એને છંછેડે તો જ ફૂંકાળો મારે એની જાતિય દુશ્મની માત્ર 'નોળિયા' સાથે જ છે. પરંતુ, દુષ્ટ- દુર્જન, તો કોઈની સાથે પણ ટંટો- ઝગડો કરી લે છે, પોતાની સ્વાર્થને હાનિ થતી હોય ત્યારે કે વિના કારણ પણ ઈર્ષાને કારણ સંબંધી - સ્નેહીજન - સગાંને પહેલાં એ પંપાળે અને પછી પછાડે છે.

બ્રહ્મક્ષત્રિય સમાજનું ગૌરવ

ડીસા

પાલનપુરની એસેન્ટ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં અભ્યાસ કરતા ડીસાના અક્ષિત-કુમાર સત્યમભાઈ સોનેજીએ વીઆઈટી વેલોર યુનિવર્સિટી તથા એસ. આર.એમ ચેન્નાઈ યુનિવર્સિટી બન્નેના એન્ટ્રેસ ટેસ્ટમાં સમગ્ર બનાસકાંઠામાં પ્રથમ આવેલ છે અને માર્ચ ૨૦૧૮ માં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ (ઈંગ્લીશ મીડીયમ) માં ૯૨.૨૭ પી.આર સાથે ઉત્તીર્ણ થઈ શાળા અને બ્રહ્મક્ષત્રિ સમાજનું ગૌરવ વધારેલ છે.

આજનો દિન મહાન
- યશવંત કડીકર

જાપાની સાહિત્યના સ્તંભ અને જાપાનની રસાર્દ્ર ચેતનાના સંરક્ષક શ્રી યાસુનારી કાવાબાતાની જન્મતિથિ છે.

એમનો જન્મ ૧૧/૬/૧૮૯૯ના રોજ થયો હતો. ૧૬૮નો સાહિત્ય માટેનો 'નોબેલ પુરસ્કાર' એમને મળ્યો હતો. જાપાનના સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો એમણે બરાબર પચાવ્યાં હતાં.

૧૯૪૮થી ૧૯૬૫ સુધી જાપાનની 'રેન' સંસ્થાનું પ્રમુખપદ શોભાવનાર યાસુનારી આંતરરાષ્ટ્રીય વિભૂતિ બન્યાં. આવા આ પ્રતિભાસંપન્ન સાહિત્યકારે ૭૨ વર્ષની વયે, બાથરૂમના પાણી ગરમ કરવાનાં યંત્રો તથા ગૅસ ખુલ્લો મૂકીને ગૂંગળાઈને આપઘાત કર્યો. મૃત્યુ ૧૬/૪/૧૯૭૨.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

આપનું અઠવાડિયું કેવું જશે ?

મેષ : આ સપ્તાહ દરમિયાન નિર્ણયોમાં વિલંબ સંભવ છે. લાભની તક હાથમાંથી સરી જાય. સ્થાવર મિલ્કત અંગેના પ્રશ્નોમાં વિઘ્ન આવે. નાણાંકીય સ્થિતિ મધ્ય રહે. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિશ્રમ કરવો જરૂરી બને. નોકરીયાત વર્ગને કાર્યબોજ વિશેષ રહે જેથી થાક અનુભવાય. કૌટુંબિક વાતાવરણ સહકારભર્યું રહે. ભાઈ-બહેનથી લાભ થાય. જીવનસાથીથી મતભેદ ન થાય તે જોવું. સંતાનો અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

વૃષભ : આ સપ્તાહ દરમિયાન માનસિક ચિંતા રહ્યા કરે. નાણાંકીય બાબતના પ્રશ્નોમાં વિઘ્નો આવે. તેમજ દરેક કાર્ય અટકી-અટકીને પૂર્ણ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે નવી તકો મળે. તેમજ વડીલ વર્ગના સાથસહકાર પ્રાપ્ત થાય. નોકરીયાત વર્ગની સાનુકૂળ સ્થિતિ, સહકર્મચારી વર્ગનો સાથ-સહાકર મળે. જીવનસાથી સાથે આનંદમય વાતાવરણ રહે. નાનોએવો પ્રવાસ કરી શકશો. અલબત્ત પડવા-વાગવાથી કે અકસ્માતથી સંભાળવું.

મિથુન : આ સમય દરમિયાન મન અસ્વસ્થ રહે તેમજ આત્મવિશ્વાસ ડગી જાય. મનની મુરાદ ન આવે. જોકે જીવનસાથી તરફથી સહયોગ મળે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. યાત્રા-પ્રવાસમાં સાવચેતી રાખવી. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. ખોટી ઉગ્રતાને કાબુમાં રાખવી નહીં તો મુશ્કેલી રહે.

કર્ક : આ સપ્તાહ દરમિયાન પારિવારીક જવાબદારી વધે, નાણાંકીય લાભ મળે. પારિવારીક માનમાં વધારો થાય. પ્રગતિકારક સમય હોતા દરેક કાર્યોમાં સરવાળે સફળતા મેળવી શકશો. સંતાનના સ્વાસ્થય અંગે ચિંતાજનક સ્થિતિ રહે. વડીલ વર્ગ તરફથી લાભ મળવાનો સંભવ છે. કોઈને મનદુઃખ થાય તેવા કુટવચન ન બોલશો.

સિંહ : આ સપ્તાહ દરમિયાન ક્રોધ પર કાબુ રાખવો અન્યથા નુકશાનીના ભોગ બનવું પડે. પારિવારીક સુરક્ષા માટે જાગૃતિ કેળવવી હિતાવહ. વિરોધીવર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય. આર્થિક સમસ્યા હળવી બને અલબત્ત રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ છે. માનસિક તનાવમાંથી સપ્તાહનના અંત સુધી મુક્ત થઈ શકશો.

કન્યા : આ સપ્તાહ દરમિયાન આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનોકામના સિધ્ધ થાય. યાત્રા-મુસાફરીના યોગ નકારી શકાય. જૂના સંબંધો દ્વારા લાભ મળે. કોઈ સંકટ કે મુશ્કેલીમાંથી માર્ગ મળે. નવા કાર્યોમાં સફળતા મેળવી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી-વડીલવર્ગનો સાથ-સહકાર પ્રાપ્ત થાય. નવિન શુભ સમાચાર મળે.

તુલા : આ સપ્તાહ દરમિયાન કોર્ટમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે જરૂરી ધીરજપૂર્વક દરેક કાર્યો હાથ ધરવા. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સસરા પક્ષ તરફથી નાનો એવો લાભ મેળવી શકશો. ભાઈ-બહેનોના કાર્યોમાં સફળતા મળે. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ વધે. આરોગ્ય સુધરે, જૂના રોગોમાંથી મુક્તિ મેળવી શકશો.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન માનસિક સ્વસ્થતા રહે તેમજ આત્મવિશ્વાસ વધે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. વારસા, મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ લાવવા સાનુકૂળ સમય. નોકરીયાત વર્ગને કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. તેમજ તેની માન-પ્રતિષ્ઠા વધે. કૌટુંબિક દ્રષ્ટિએ વડીલ વર્ગનો સાથ-સહાકર મેળવી શકશો. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે અલબત્ત તેનું આરોગ્ય જાળવવું હિતાવહ.

ધન : આ સપ્તાહ દરમિયાન ધીરજ અને શાંતિથી કાર્ય કરવું હિતાવહ. ધંધાકીય પરિસ્થિતિ યથાવત રહે. અલબત્ત મહેનત દ્વારા ઉજળી તકોનું સર્જન કરી શકશો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી સાથે વાણી ઘર્ષણ થવા સંભવ છે. કૌટુંબિક પરિસ્થિતિ મધ્યમ રહે. ભાઈ-બહેન સાથે મતભેદ સર્જાય જેથી ઘરની શાંતિમાં વિક્ષેપ પડે. જીવનસાથીથી વિશેષ લગાવ રહે. તેનો સાથ-સહકાર મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

મકર : આ સપ્તાહ દરમિયાન બાધ્ય સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય. અગત્યના કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ. આરોગ્ય જાળવવું તેમજ ખાન-પાનમાં કાળજી લેવી.

કુંભ : આ સપ્તાહ દરમિયાન કાર્યક્ષેત્રમાં મિક્ષ પરીણામ પ્રાપ્ત થાય તેમ છતાં અગત્યના કાર્યોમાં સફળતા મળે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી સંઘર્ષ ટાળવો હિતાવહ, નાણાં વ્યય થાય. જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. એકંદરે આરોગ્ય સારૂં રહે.

મીન : પ્રિયજનથી આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી, જમીન-વાહન સંબંધી કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમિયાન સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ષડયંત્રમાં ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવધાની રાખવી જરૂરી બને. નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાઓ રહે, ધીરજપૂર્વક કાર્યો કરતા રહેવાથી સમસ્યાઓ દૂર થાય.

- કનકચંદ્ર સી. વ્યાસ

વ્હાલભર્યું સંભારણું

મન દર્પણ - મંજુ પ્રજાપતિ

મને ખબર છે કે તું મને ખુબ ખુબ ચાહે છે આમ છતાંપણ તે આજ દિન સુધી ચાહતનો એકરાર અને અભિવ્યક્તિ નથી બતાવ્યા એમ કેમ દિકું ?

પોતાના હોઠ સીવીને બેસી રહેલા પંકજે અંજલીના સવાલનો કશો જવાબ ન આપ્યો પડયો પડયો તે ધીમે ધીમે ટ્રેન પાટા પર દુર સરકવા લાગી. પંકજને નજર સામેથી દુર થઈ રહેલો નિહાળી રહેલી અંજલીને હૈયામાં પારાવાર વેદના થતી હતી. તેણીની આંખો વરસી રહી હતી તો ટ્રેનમાં જઈ રહેલા પંકજના નયનો જળ વરસતા હતા.

જોગાનુજોગ બંનેને એ ક્ષણોમાં એક જ વિચાર આવતો હતો કે ખરેખર કોઈના પ્રત્યેની ચાહત પ્રેમને અમાપ લાગણી વ્યક્ત કરવાની નહીપરંતુ એકબીજા પ્રત્યેની ચાહતને દિલથી માણી હતી. નિઃસ્વાર્થ શુદ્ધ પ્રેમના ઘુંટડા તેઓએ પીધા હતા. તેઓ એકબીજાથી હંમેશા દુર જ રહ્યા. કદાચ તેઓ દુર રહીને એકબીજાની દિલની ધડકન બની રહેવા માટે સર્જાયા હતા.

પંકજને તો દુરને દુર લઈ જતી ટ્રેન નજર સામેથી સાવ અદ્રશ્ય ના થઈ જાય ત્યાં સુધી અંજલી પ્લેટફોર્મ પર મુર્તિ બનીને ઉભી રહી. અંજલી ટ્રેનને ભાંડતી નિહાળતી રહી. બંને જણાને પારાવાર વેદના હતી પરંતુ ચહેરા પર પરમ સંતોષની અનુભુતી પણ વર્તાઈ જ નથી.

કયારેક અનાયાસે મુખેથી સરી પડેલા અપ્રીય શબ્દો કેવી ઝંઝીર બનીને વ્યક્તિને બાંધી દે છે. તે હવે અંજલીને બરાબર સમજાઈ ગયું હતું તે કોઈને ચાહતી હતી ખુબ ચાહતી હતી તેવા ઘણા કદાચ તેણીનું જીવન અધુરૂં હતું. જોકે પંકજ તેણીની જીંદગીમાં અને પછી દિલમાં જે પ્રકારે મજબુત સ્થાન બનાવી લીધું. એ કલ્પનાતીત હતું. અંજલીએ એક વખત પંકજને ખબર હતી કે અને તેની પ્રેમાળ લાગણીઓને એમ કહીને વહેતા અટકાવી દીધા હતા કે કાશ તમે મારી જીંદગીમાં વહેલા આવ્યા હોત પ્લીઝ તમારા મન પર અંકુશ રાખો તમે જે રસ્તે આગળ વધવા માંગો છો એ પથ પર હું આગળ જઈ શકું તેમ નથી પરંતુ તમારૂં મારા જીવનમાં એક અણમોલ ભેટ સમા મીત્ર તરીકેનું સ્થાન કામ રહેશે આ વાકયને પંકજના દિલ દિમાગની ગતી થંભાવી દીધી હતી. આ પછી તો તેણે હંમેશને માટે પોતાના મન પર એવો અંકુશ સ્થાપી દીધો કે મન કયાંય ના ભટકે. તેણે ગજબનાક પ્રતીકાર દર્શાવ્યો હતો.

આ ઘટના બાદ જે કોઈ સમય પસાર થયો. જે કાંઈ સમય પસાર થયો. જે કાંઈ ઘટનાઓ બની ને જે કોઈ વાણી વ્યવહાર થયો તેમાં બંનેના મન એકબીજા માટે સતત તલસતા રહ્યા. એકબીજાને ભરપુર હુંફ અને સુખ શાંતિ આપવા માટે કોઈને કોઈ મોકો તલાસતા જ રહ્યા. ખબર નહીં કેમ પરંતુ તેમની વચ્ચે અકથ્ય અગાધ પ્રેમ પાંગરી ચુકયો હતો.

પંકજને ખબર હતી કે હવે તે અંજલીથી એટલો દુર જઈ રહ્યો છે કે કદાચ ભવિષ્યમાં કયારે મુલાકાત થશે તેનું કાંઈ નક્કી નહોતું. પંકજ ઈચ્છતો હતો કે તે અંજલીને કાંઈક એવું સંસ્મરણ આપી જાય જે તેને જીંદગીભર યાદ રહી જાય. આખરી મુલાકાત પુર્વે અંજલી સમક્ષ પંકજથી ભુલભુલમાં એટલું બોલાઈ ગયું કે તારા જીવનનો માત્ર એક દિવસ મને તું ફાળવી શકીશ ?

અંજલીને પણ ન સમજાયું કે તેનાથી કયારે હા પડાઈ ગઈ. મનથી ઈન્કાર ન થઈ શકયો. તેઓ એકબીજાને મળ્યા ખુબ રડયા પણ ખરા. અંજલીને દુર કરવા માટે પંકજ પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. એટલે તેણે નોકરી છોડી દીધી હતી. તે હવે અન્ય એક કંપનીમાં કામ કરવાનો હતો જે વિદેશમાં કાર્યરત હતી.

અંજલીએ તેના જીવનનો એક આખો દિવસ પંકજના નામે કરી આપવા એક પળનો પણ વિચાર ન કર્યો. ૨૪ કલાક કયારે પસાર થઈ ગયા તેની તેઓને ખબર જ ના પડી. બંને જણાં વારેઘડીયે પુરપાટ વેગે દોડતા ઘડીયાળના કાંટાને ગાળો દેતા રહેલા. જેમ જેમ દુર જવાનો વિદાયની ક્ષણો નજીક આવતી ગઈ તેમ તેમ વધુ નજીક સરતા રહ્યા હતા.

અંજલી અને પંકજેકયારેય એકબીજા પાસ કશી જ અપેક્ષા રાખી નહોતી. જોકે પંકજ કરતાં અંજલી ખુબ વધારે સમજદાર અને લાગણીશીલ હતી. તેણી ચાહતની કલાત્મક પ્રતિમા હતી પોતાને મળેલી લાગણીનો જવાબ તેણે અભૂતપૂર્વ ચાહતથી આપ્યો હતો.

લગભગ બે દાયકા બાદ વિદેશથી પોતાના વતન પરત ફરેલા પંકજને અનાયાસે જ આશ્ચર્યનોસામનો કરવો પડેલો.

રસ્તા પર માણસોનું ટોળું એકઠું થયેલું જોઈ ત્યાં થંભી ગયો. એક કારચાલક અકસ્માત કરીને નાસી ગયો હતો. રસ્તા પર એક યુવતી ઈજાને કારણે તરફડીયા મારતી હતી.

પંકજે તાબડતોબ એ યુવતીને હોસ્પિટલે પહોંચાડી તાત્કાલીક સારવાર અપાવીને તેનોજીવ બચાવ્યો. તેણી ભાનમાં આવી ત્યાંસુધી પંકજ ત્યાં જ બેસી રહ્યો. આખરે પંકજે યુવચતી પાસેથી ફોન નંબર મેળવી તેના મમ્મી પપ્પાને હોસ્પિટલે બોલાવ્યા હતા. તેઓ હાંફળા ફાંફળા થઈ દોડતા દોડતા હોસ્પિટલે પહોંચ્યા.

યુવતીને મમ્મીને જોતાં જ પંકજને ધ્રાસકો પડયો. એ અંજલી હતી તેને પણ એટલો જ આંચકો લાગ્યો. થોડીકવારે સ્વસ્થ થયા બાદ યુવતીના પપ્પા હોસ્પિટલની ઔપચારીકતા પુર્ણ કરવા ગયા એ વખતે અંજલીએ પંકજનો હાથ પકડીને એટલું જ કહ્યું, તમે મારી જીંદગીનું અણમોલ સંસ્મરણ અને મીઠું સંભારણું ભુંસાઈ જતું બચાવી લીધું. પંકજના દિલમાં શેરડો પડયો હોસ્પીટલના બીછાને પડેલી યુવતી તેની જ દિકરી હતી.

ભાવનાનું ફળ

પુષ્ટીમાર્ગના ગુંસાઈજી પાસે એક વેપારી આવતા. તેની શ્રધ્ધા ખૂબ જ સાચી પરંતુ તેનો સ્વભાવ ભારે કંજુસ. તેમની પાસે અનહદ ધન હતું. પરંતુ તે સદમાર્ગે એક પૈસો ખર્ચ કરવા તૈયાર ન હતા.

એક દિવસ ગુંસાઈજી કહે છે કે, "જો ભાઈ તારે કાયાનું કલ્યાણ કરવું જ હોય તો તું ઠાકોરજીની સેવા કર."

"ઠાકોરજીની સેવા કોઈપણ પ્રકારનો ખર્ચ કરવો પડે તેવી સેવા કરવાનું મને ન ફાવે." વેપારી શિષ્યે ગુંસાઈજીને કહ્યું.

ગુંસાઈજી કહે છે,'જો ભાઈ તારે ઠાકોરજીની સેવા જ કરવી હોય તો તને એક પૈસાનો પણ ખર્ચ ન થાય તેવી સેવા બતાવું. ઠાકોરજીની માનસિક સેવાનો એક એવો પ્રકાર છે કે જેમાં એક પૈસાનો પણ ખર્ચ ન થાય."

"એવી સેવા હોય તો તે મને જરૂર બતાવ જો એક પણ પૈસાનો ખર્ચ ન હોય તો એવી સેવા હું જરૂર કરીશ. મને માનસી સેવાનો એ પ્રકાર સમજાવો." કહી અને વેપારી ઉત્સુકતા સાથે ઠાકોરજીની માનસિક સેવા કરવા તૈયાર થઈ ગયો.

ગુંસાઈજી તે વેપારીને સમજાવતા કહે છે, "તારે દરરોજ વહેલી સવારે ઠાકોરજીને મનોમન જગાડવા પછી મનોમન દૂધમાં ખાંડ, કેસર નાખી અને તે દૂધ ઠાકોરજીને ધરવું. પછી તેમને સ્નાન કરાવવું, પછી તેમને શ્રૃંગાર ધરવાનું, પછી તેને ભોગ ધરવો, આરતી કરવી.

બપોરે ફરી રાજભોગ ધરવો, સાંજે ફરી ઠાકોરજીને મેવો ધરવો, તેમની આરતી કરી પછી એમને પોઢાડી દેવાના. બસ આજ નિત્ય કર્મ પ્રમાણે દરરોજ ઠાકોરજીની હૃદયપૂર્વક સેવા કરવી. સેવા કરવાથી મન પવિત્ર થાય છે અને તેથી ઠાકોરજીની કૃપા પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણે ગુંસાઈજી પાસેથી નિત્ય ક્રમને સમજી લઈ અને વેપારી તો પોતાને ઘરે ગયો. પછી તેને તો દરરોજ ઠાકોરજીની માનસી સેવા શરૂ કરી દીધી. પાંચ પૈસાનો પણ ખર્ચ ન હતો તેથી તેને માનસિક સેવામાં અલૌકિક આનંદ આવવા લાગ્યો.

પછી જ્યારે જ્યારે ગુંસાઈજી વેપારીને મળતા ત્યારે ત્યારે પૂછતા, "કેમ ભાઈ, ઠાકોરજીની સેવા કેમ ચાલે છે ?"

વેપારી કહે છે, "ખરેખર, મહારાજ ઠાકોરજીની સેવામાં મને તો હવે અલૌકિક આનંદ આવતો જાય છે."

આમને આમ સેવા કરતા એ વેપારીએ એક દિવસ માનસી કરતા ઠાકોરજીને જગાડ્યા. છાછી તેમને ધરવા માટે દૂધનો વાટકો લીધો અને મનોમન લીધેલા એ દૂધના વાટકામાં ખાંડ પણ નાખી. પરંતુ ઉતાવળમાં થોડી ખાંડ પડી ગઈ હોય તેવું વેપારીને લાગ્યું એટલે તુરંત જ વેપારીનો મુળ કંજુસીયો સ્વાભાવ જાગૃત થયો તે પૂજામાં તન્મય થયો હતો. દૂધની વાટકીમાંથી ખાંડ કાઢવા જ્યાં દૂધમાં હાથ નાખવા જાય છે. ત્યાં સાક્ષાત શ્રી કૃષ્ણ પ્રગટ થયા અને વેપારીનો હાથ પકડી લીધો. પ્રભુ કહે છે કે, "અલ્યા તું તો ભારે કંજુસીયો એક તો માનસી સેવામાં ખોટે ખોટું તું દૂધ ધરે છે. એમાં ખોટે ખોટી ખાંડ નાખે છે ને વળી તેમાંથીય ખાંડ પાછી કાઢવાની કરે છે ?"

સાક્ષાત ભગવાન શ્રી કૃષ્ણનો સ્પર્શ થતાં તે વેપારીને એક અલૌકિક આનંદનો અનુભવ થયો. પછી તે વૈષ્ણવ બની પોતાની સંપત્તિનો ઠાકોરજીની સેવામાં ઉપયોગ કરતો રહ્યો. અને જીવનના અંતે તેણે ગૌલોકમાં સ્થાન મેળવ્યું.

આજનું ભજન

મારો શામળો સાંભળે સહ વાત ને રે,
હું તો ભુલી ગયો છું મારી જાત ને રે..
કોણ કોનું ? આ ખોટા સંસારમાં રે,
હું તો જીવું છું એના આધારમાં રે..
જેમ થતું હોય એમ ભલે થઈ જતું રે,
જગ આખુ યે છાનુ ડુબી જતું રે...
મારૂ ભજન મને તો બહુ ભાવતું રે,
"પુનીત" શામળીયો કરી લેશે ફાવતું રે..

કનકચંદ્ર સી.વ્યાસ
સંકલન : શ્રીમતી રમણતારા કે.વ્યાસ

જીલ્લામાં ધાર્મિક ધોરણ-૧૫માં પ્રથમ સ્થાને

તા.પ્રતિ. દીઓદર

પાલનપુર જગત ગુરૂ મિત્ર મંડળ બનાસકાંઠા દ્વારા આયોજીત ધાર્મિક લેખિત પરીક્ષા ધોરણ-૧૫માં દિયોદર નગરે પ્રગતિનગર સોસાયટીમાં રહેતા વેલાણી જીનાલીબેન પ્રકાશભાઈ (પ્રગતિનગર જૈન ટ્રસ્ટ) પ્રથમ નંબરે આવેલ છે અને પ્રગતિનગર સોસાયટીનું ગૌરવ વધારેલ છે.પંડિત નીતેશભાઈ ફોફાણી છેલ્લા પંદર વર્ષથી સેવા આપી રહેલા છે જે બાળકોને ખૂબ જ પ્રોત્સાહીત બની રહી છે.

દુઃખદ અવસાન

તા.પ્રતિ. દીઓદર

લાખણી તાલુકા ના અછવાડીયા ગામ ના વતની અને બનાસકાંઠા જીલ્લા પંચાયતના સદસ્ય ભલજીભાઈ રાજપૂતના પિતાશ્રી દેવરાજભાઈ રગાભાઈ રાજપૂતનું દુઃખદ અવસાન તા.૮-૬-૨૦૧૮ને શુક્રવારના રોજ થયેલ છે.સ્વ.માયાળુ સ્વભાવના હતા.તેમની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં ગામ લોકો,અગ્રણીઓ વિગેરે જોડાઈને સ્વ.ને શ્રધ્ધા સુમન અર્પણ કરેલ.

કચરા માંથી ખાતર બનાવાનું સપનું ડીસા પાલિકાએ સાકાર કર્યું

ડીસા

ઈડીસા પાલિકા દ્વારા કચરામાંથી ખાતર બનાવ્યું અને સૂકા કચરનો નિકાલ કર્યું.સાથે કચરામાંથી દુર્ગંધ ના થાય એના માટે વૈજ્ઞાનિક પધ્ધતિ થી કચરા પર કલચર નાખી કચરાને ૫ ઘણો ઓછો કરવામાં આવી રહ્યો છે.જુનાડીસા સરપંચ શ્રી અને જુનાડીસા ડેલિગેટશ્રી પણ આ પ્લાન્ટની મુલાકાત કરી હતી.

જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિના ચેરમેને ચાર્જ સંભાળ્યો

પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામના જિલ્લા પંચાયત સદસ્ય ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણાએ ગત તા.૪/૬/૨૦૧૮ ના રોજ જિલ્લા પંચાયત ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિના ચેરમેનનો ચાર્જ સંભાળ્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઘાડીયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી, ઉપપ્રમુખ માલજીભાઈ દેસાઈ, ભૂપતજી મકવાણા, હરજીભાઈ પટેલ, રત્નાભાઈ દેસાઈ, પૂરણસિંહ વાઘેલા,જિલ્લા પંચાયતના તમામ સમિતિના ચેરમેનો તેમજ જિલ્લા પંચાયતના અધિકારીઓ જિલ્લા પંચાયતના સદસ્યો કોંગ્રેસ અગ્રણીઓ, કાર્યકરોની હાજરીમાં તેમની જિલ્લા પંચાયતમાં આવેલ ઓફિસમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ચાર્જ સંભાળ્યો હતો. જે બદલ બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમાથી દ્વારકા એસ.ટી. બસ શરૂ કરવા લોકમાંગ

તા.પ્રતિ. વાવ

વાવથી માત્ર ૧૧ કિ.મી.ના અંતરે આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા ખાતે કાળીયા ઠાકરનું ભવ્ય મંદિર આવેલું છે. દર પૂનમે અહીંયા લોકમેળો ભરાય છે. છેક સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાનમાંથી ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડે છે. ઢીમાના કાળિયા ઠાકર અને દ્વારકા ખાતે બિરાજમાન કૃષ્ણ ભગવાન બંને પ્રભુઓ સાથે સંબંધ છે એટલે શ્રદ્ધાળુઓ ઢીમાથી દર્શન કરી દ્વારકા જાય છે.

પરંતુ અહીંયા બસની સુવિધા નથી. તો ઢીમાથી વાવ-રાધનપુર- સુરેન્દ્રનગર-ચોટીલા- વાયા- રાજકોટ-જામનગર થઈ દ્વારકા એસ.ટી બસ શરૂ કરવામાં આવે તો એસ.ટી. નિગમને મોટી આવક થઈ શકે તેમ છે અને ભાવિક ભક્તોને પણ બસનો લાભ મળી શકે તેમ છે.

દીઓદર ખાતે પોષ્ટ માસ્તરનો વિદાય સમારોહ યોજાયો

તા.પ્રતિ. દીઓદર

દીઓદર પોસ્ટ ઓફીસમાં સુંદર સેવાઓ આપનાર દેવરામભાઈ રત્નાભાઈ સુથાર વિવિધ પોસ્ટ ઓફિસમાં એસ.પી.એમ.તારીકે ભાભર,દિયોદર, અમીરગઢ, પાલનપુર,ડીસા,સુઈગામ સહીતના વિવિધ સ્થળોએ ફરજ બજાવી અને છેલ્લે થરા પોસ્ટ ઓફીસથી તા.૩૧-૫-૨૦૧૮ના રોજ વય નિવૃત થતાં તેઓનો વિદાય સમારોહ એચ.સી.જોષી (એસ.પી. બનાસકાંઠા)ના અધ્યક્ષસ્થાને તા.૧૦-૬-૨૦૧૮ના રોજ દીઓદર દેશી લોહાણા વાડી જલારામ પાર્ક ખાતે નિવૃત અભિવાદન સમારોહ યોજાયો હતો.

જેમાં ઉપસ્થિત મહેમાનોને સુથાર પરિવાર દ્વારા આવકારવામાં આવેલ.જેમાં ઉપસ્થિત મહેમાનો અને મિત્ર વર્તુળે શાલ અને મોમેન્ટો આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં વી.એન. બ્રહ્મભટ્ટ (આઈ.પી. દીઓદર ડિવીજન), એચ.સી.પરમાર (એસ.ઓ. પાલનપુર), જે.કે.દેસાઈ (આઈ.પી.થરાદ), પરેશભાઈ દેસાઈ (મેનેજર આઈ.પી. બી.બી. પાલનપુર)

અનુસંધાન પાના નં.૬

વાવના લખાપીર ધામે પીક અપ સ્ટેન્ડ બનાવવા માંગ

તા.પ્રતિ. વાવ

વાવથી સુઈગામ નેશનલ હાઈવે રોડ પર આઠ કિ.મી.ના અંતરે સુપ્રસિધ્ધ યાત્રાધામ લખાપીર દાદાનું મંદિર આવેલું છે. દર અજવાળી બીજે ભાવિક ભક્તોનું ભારે ભાવિકોનું ઘોડાપુર ઉમટી પડે છે. નેશનલ હાઈવે રોડ પર આવેલા આ લખાપીર ધામના પાટીયે પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવે તેની શ્રદ્ધાળુઓની પ્રબળ માંગ છે. જેથી કરીને આ પીકઅપ સ્ટેન્ડ પરથી શ્રદ્ધાળુઓ એસ.ટી. બસ કે પછી ખાનગી વાહનો મારફતે સરળ રીતે મુસાફરી કરી શકે છે અને દાદાના ભક્તોને યાત્રાધામે પહોંચવા માટે સરળતા રહે તો આ બાબતે ધારાસભ્યની ગ્રાન્ટ કે પછી કોઈ અન્ય વિકાસની ગ્રાન્ટમાંથી વાવ-સુઈગામ હાઈવે રોડ પર આવેલા લખાપીરધામના પાટીયે પીકઅપ સ્ટેન્ડ બનાવાય તેવી લોકમાંગ છે.

ધાનેરામાં ભાજપના કાર્યકરો દ્વારા કેન્દ્રની ૪ વર્ષની સફળતાનો ડોર ટૂ ડોર પ્રચાર

પ્રતિનિધી ધાનેરા

ધાનેરા શહેર ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તા દ્વારા વોર્ડ નં-૨ માં ડોર ટુ ડોર લોકોના ઘરે ઘરે જઈ દેશમાં ભાજપના નેતૃત્વની એન.ડી.એ. સરકારની કામગીરીને લોકોને સમજાવી હતી અને લોકોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી વિષયક પત્રિકાઓ આપવામાં આવી હતી

એન.કે.મોદી

જેથી લોકો સરકારની યોજનાઓનો લાભ લઈ શકે આજે ડોર ટુ ડોર પ્રચારમાં ધાનેરા શહેર મહામંત્રી જે.બી.રાજપૂત , શહેર મોરચાના પ્રમૂખ નરપતસિંહ પરમાર , જીલ્લાના ભાજપના સદસ્ય પૂનમાજી સુથાર ,નગરપાલિકા સભ્યો ઈશાજી રાજપૂત તેમજ આગોવાન કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થીત રહી બૂથમા ડોર ટૂ ડોર જઈ કેન્દ્ર સરકારની ચાર વર્ષની કામગીરીની લોકોને જાણકારી આપી

વડગામમાં વરીષ્ઠ નાગરિક સંપર્ક અભિયાન કાર્યક્રમ યોજાયો

તા પ્રતિ. વડગામ

મિશન ૨૦૧૯ લોકસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા વરીષ્ઠ નાગરિક સંપર્ક અભિયાન અંતર્ગત ગામડાંના આગેવાનોને ભાજપની વિચારસરણીમાં સામેલ કરવા મહાસંપર્ક અભિયાન કાર્યક્રમ શરૂ કર્યો છે જેમાં વડગામ વિધાન સભાક્ષેત્રના ભાજપના પદાધિકારીઓ ૪૬ ડિગ્રી તાપમાનમાં ગામે ગામ લોકસંપર્ક કરી રહ્યા છે દરમ્યાન ગતરોજ તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ અને જી.પં.ડેલિગેટ ફલજીભાઈ વિ.પટલ (વરસડા), તા.યુવા ભાજપ પૂર્વ પ્રમુખ કાંનજીભાઈ જિ.પુળીયા, ભાજપના વરીષ્ઠ અગ્રણી પિતાંમ્બરભાઈ ડી.મકવાણાની ટીમ દ્વારા કનુભાઈ મેવાડા, કાંનજીભાઈ (મેપડા), નાનુભાઈ પટેલ, રતુભાઈ ડેકલીયા, માંધજીભાઈ એચ. ડેકલીયા, બિસુભાઈ બેલીમ (પૂર્વ આચાર્ય) નો સંપર્ક કરી કેન્દ્ર સરકારના ચાર વર્ષના પ્રજાના કલ્યાણકારી કાર્યોની ચર્ચા કરી હતી.

ઉપરાંત જિ.પં.ડેલિગેટ અશ્વિનભાઈ સકસેના, એડવોકેટ ડી.વી. સોલંકી સતિષભાઈ ભોજક સામંતસિંહ સોલંકી વગેરે અગ્રણીઓની ટીમ દ્વારા ભાવનઆંટા રાજપુત સમાજના અગ્રણી કાળુજી ડી.સોલંકી (પૂર્વસરપંચ),

અનુસંધાન પાના નં.૬

વડગામના નાનોસણા દુધમંડળીમાં પશુ ઓળખ સુધારણા યોજના પરિસંવાદ યોજાયો

તા પ્રતિ. વડગામ

એશિયાની નંબર-૧ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા પશુપાલકોનો દૂધ વ્યવસાય કઈ રીતે વધે અને વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવવાથી ખેડૂતોને શું ફાયદો થાય તે માટે ગામ અભિયાન ઉપાડી બનાસડેરીન નિષ્ણાત વેટનરી ડૉકટરો દ્વારા પશુપાલકોને માર્ગદર્શન આપવા પરિસંવાદોનું આયોજન કરતાં ગતરોજ વડગામના નાનોસણા નગરે દુધમંડળીમાં ચેરમેન લક્ષ્મણભઈ માનસંગભાઈ મહીવાલ (પૂર્વ સરપંચ)ની અધ્યક્ષતામાં પશુઓળખ સુધાર યોજના પરિસંવાદ યોજાયો હતો.કાર્યક્રમના પ્રારંભમાં બનાસડેરી વેટનરી વિભાગના ડૉ.હસમુખ ભાઈ એ.મોઢે, ડૉ.સી.પી. નિકમ ડૉ.દવેનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મંડળીનાં મંત્રી મેરાજભાઈ એચ.દેસાઈ (કોષાધ્યક્ષ)એ સ્વાગત પ્રવચન કર્યું હતું, આસિ.મંત્રી હરીભાઈ કોરોટે આભાર વિધિ કરી હતી. ચેરમેન લક્ષ્મણભાઈ એમ.મહીવાલે દુધમંડળીના પશુપાલકોના હિતમાં કરેલ કાર્યોની ઝાંખી કરાવી.

બનાસડેરી વેટનરી ડૉ.એચ.એ મોઢ ડૉ.સી.પી. નિકમ, ડૉ.દવે એ ડેરીના આયુસ્થાપક સ્વ.ગલભાભાઈ પટેલને યાદ કરી, ચેરમેન શંકરભાઈ દ્વારા પશુપાલકો માટે આપેલ સંદેશો વાંચી સંભળાવ્યો હતો. અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કઈ રીતે કરવું તે વિષયના ત્રણ મુદ્દા (૧) પશુ સંવર્ધન (૨) ખોરાક (૩) પશુ ઉછેરનું મેનેજમેન્ટ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. કાંકરેજ ગાયમાં સુધારેલ બીજદાન અને મહેસાણી ભેંસ પશુઓળખની વિગતો આપવામાં આવી. કાર્યક્રમનું આયોજન સફળ સંચાલન નાનોસણા દુધમંડળી દ્વારા કરાયું હતું.

રામાસરા (ટીમા) ખાતે સાહિત્યોત્સવ અને પુસ્તક લોકાર્પણ વિધિ કાર્યક્રમ યોજાશે

ડીસા

બનાસકાંઠાની સરહદે આવેલું સૌનું પ્રિય ટીમા ધરણીધર ભગવાનનું મંદિર અનેક પ્રકારની સદ્‌પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. ટીમા ધરણીધરની નજીકમાં જ આવેલ રામાસરા આશ્રમ ખાતે અન્નક્ષેત્ર અને ગૌશાળા ચાલે છે. આ પવિત્ર ધામમાં આગામી ૨૪ જૂન રવિવારે પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ સ્વામીશ્રી જ્ઞાનકીદાસજી મહારાજના અધ્યક્ષ સ્થાને રામાસરા આશ્રમ પરિવાર અને બનાસ સાહિત્ય કલા સંઘના સંયુક્ત ઉપક્રમે સાહિત્યકારોને પોખવાનો એક કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ સાહિત્યોત્સવમાં આશીર્વચન આપવા અને કલા વિમર્શ કરવા ભૂપૂનિજ પ્રજ્ઞાવાન સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજ શંકરતીર્થ આશ્રમ સાણંદથી ખાસ પધારનાર છે. આ પ્રેરણાદાયી અવસરે વાલજીભાઈ દવે દ્વારા લખાયેલ ''રામાસરા વૃતાંત' તેમજ ''સર્વ દેવાષ્ટક મંજરી'', તગજીભાઈ બારોટ દ્વારા લખાયેલ ''પીર પ્રબંધ'', કનુભાઈ આચાર્ય દ્વારા લખાયેલ હાસ્ય વાર્તાસંગ્રહ ''ભોપલો બકાવી ગ્યો, બાકી''તેમજ નાથાલાલ બ્રહ્મક્ષત્રિય દ્વારા ''મારું જીવન નૃત્ય આનંદ'' સહિત પાંચ પુસ્તકોનું વિમોચન અર્થાત લોકાર્પણ વિધિ થનાર છે. એ દિવસે જ રાત્રે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન સ્થાનિક કવિઓનો એક લોકદરબાર પણ રાખવામાં આવેલ છે. જેમાં કવિઓ પોતાની કૃતિઓ રજૂ કરશે. કલા અને સાહિત્યના આ શુભ અવસરની દીપ પ્રાગટ્ય વિધિ સાહિત્ય વ્યાસંગી અને સાહિત્યકારોને નિયમિત પ્રોત્સાહન આપનાર પાલનપુરના

અનુસંધાન પાના નં.૬

ઈકબાલગઢમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા લિબું સરબતનું વિતરણ

વિશાલ નાઈ

પ્રતીનીધી ઝીરગઢ

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના યુવાનો દ્વારા લિબું સરબતનું આયોજન કરવામાં આવ્યું લોકો એ ગરમીના સમયે લિબું સરબત પીને ઠાકોર સેનાનો આભાર માન્યો હતો ઈકબાલગઢ ઠાકોર સેનાના યુવાનો જેવા.જયન્તિભાઈ ઠાકોર મફાભાઈ ઠાકોર અરવિંદભાઈ ઠાકોર એમ.પી.ચૌહાણ લાલભાઈ ઠાકોર પોપટજી ઠાકોર એંકેશ કે. ઠાકોર હિતેશ ઠાકોર અશ્વિન ઠાકોર ચકાભાઈ ઠાકોર સતીશભાઈ ઠાકોર જીવણ ભાઈ ઠાકોર મુકેશ એચ. ઠાકોર અશોક ઠાકોર તથા મુકેશ ઠાકોર જેમાં અમીરગઢ તાલુકા ભાજપના પ્રમુખ કિરણસિંહ ચૌહાણે ઈકબાલગઢ યુવા ક્ષત્રિય ઠાકોર સેનાને બિરદાવ્યુ હતું.

વડગામ તા.ના યુવા અગ્રણીની સાબરકાંઠા પ્રભારી તરીકે નિમણૂંક



તા પ્રતિ. વડગામ

વર્ષ ૨૦૧૯ માં લોક શાહીના મહાપર્વ સમાન સંસદની સામાન્ય ચૂંટણી યોજવાની છે તેની તૈયારીના ભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તમામ જિલ્લાઓમાં પ્રભારીઓની નિમણૂંક કરવામાં આવેલ છે જેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રભારી તરીકે વડગામના વેસા ગામના વતની, બનાસકાંઠા જિલ્લાના યુવા કાર્યકર તલીનકુમાર દલસંગભાઈ ચૌધરીની નિમણૂંક કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષથી કોંચેસના સંગઠનમાં સક્રીય છે.

થરાદના પઠામડામાં જૂની અદાવતે વૃદ્ધ પર હુમલો

એક મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાયો : સામસામી ફરિયાદો નોંધાતાં પોલીસે ૧૧ સામે ગુનો નોંધ્યો

(પ્રતિ.) થરાદ

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે થરાદ તાલુકાના કાળાભાઈ દેવરામભાઈ પટેલ નામના ખેડૂત પર જૂની અદાવતે ગામના જ ભેમજીભાઈ રામદાસભાઈ પટેલ, વાલજીભાઈ ભેમજી ભાઈ પટેલ, માલાભાઈ ભેમજીભાઈ પટેલ અને જેવાબેન ભેમજીભાઈ પટેલ

તથા રામજીભાઈ કરમશીભાઈ પટેલ રહે.પઠામડા તા.થરાદના ઓ એ લાકડી તથા ગડદાપાટું વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. જેમને સારવાર અર્થે નગરની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

આ બનાવની ઈશ્વરભાઈ કાળાભાઈ પટેલની ફરિયાદના આધારે પોલીસે તમામ સામે ઈપીકો કલમ ૩૨૩, ૫૦૬/૩, ૫૦૪, ૧૧૪, ૧૩૫ મુજબ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી હતી.સામે પક્ષે પણ કોસ ફરીયાદ નોંધાવાતા પોલીસે છ સામે ગુનો દાખલ કર્યો હતો. આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

મુડેઠા ગામે નકળંગ યુવક મંડળની મિટીંગ યોજાઇ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામે આવેલ નકળંગ ભગવાનનુ મંદિર અને નાગલેશ્વરી માતાજીનુ મંદિરનુ બંને કામ અધુરા હોવાથી નવરાત્રીમાં રચાયેલ નકળંગ યુવક મંડળ દ્વારા ગ્રામજનો તેમજ પોતાનો ફાળો લઈને નવા મંદિરનુ કામકાજ પુર્ણ થાય તે અંગે મિટિંગ યોજાઇ હતી. જેમાં લોલાડા થી પધારેલ શિવાનંદ બાપુ તેમજ ભોમારામ બાપુ તેમજ નવઘનસિંહ વાઘેલા શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરની સેના પાટણ અધ્યક્ષ અને મનુભા રાઠોડ લોલાડા વગેરે મુખ્ય મહેમાનો નવા મંદિરના આયોજન માટે મુલાકાત લીધી હતી. નકળંગ ભગવાન અને મા નાગલેશ્વરીનુ મંદિરનુ કામકાજ જલદી પુર્ણ થાય તે અંગે મિટિંગ યોજાઈ હતી. જેમાં નકળંગ યુવક મંડળ દ્વારા

સાદુલસિંહ રાઠોડ

પણ ગ્રામજનો અને અમારો ફાળો અંદર પ્રવેશ કરીને અમે નવા મંદિર ખડા કરીશુ ગ્રામજનો તેમજ વડીલો અગ્રણી અને નકળંગ યુવક મંડળ હાજર રહીને મિટિંગમાં જણાવ્યું હતું.

આબુરોડ જલારામ મંદિરની રંગેચંગે પ્રાણ પ્રતિષ્ઠા થશે

ડીસા

છેલ્લા દસ વર્ષથી આબુરોડ જલારામ મંદિરનું નિર્માણ કાર્ય ચાલુ હતું. જે હવે અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી માગસર સુદ પાંચમથી સાતમ તારીખ ૧૨/૧૨/૨૦૧૮ થી ૧૪/૧૨/૨૦૧૮ બુધવારથી શુક્રવાર દરમ્યાન યોજાનાર છે.

આબુરોડ જલારામ મંદિરમાં પૂજ્ય જલારામ બાપાની મુખ્ય મૂર્તિની સાથે સાથે, રામ દરબાર, રાધાકિશ્ન, શિવપરિવાર, ગણપતિદાદા, હનુમાનદાદા, મહાલક્ષ્મી માતાજી, સરસ્વતી માતાજી, મહાકાળી માતાજી, ત્રિપુરા સુંદરી માતાજી અને ગાયત્રી માતાજી સહિત વિવિધ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા, કળશવિધિ, ધ્વજારૂંઢ વિધિ સહિત અનેક વિધિઓ થનાર છે. આ તમામ વિધિઓમાં અનેક જલારામ પ્રેમીઓ જોડાઈ શકે તે માટે અલગ અલગ પ્રકારના ૪૫ એકમો નક્કી કરી સીને પત્રિકા અને વોટ્સઅપના માધ્યમથી જાણ કરાતાં લગભગ ૧૫ જેટલા દાતાઓએ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધણી કરાવતાં સૌ કાર્યકરો અને આયોજકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

''શ્રી જલારામ બાપા સેવા સમિતિ ટ્રસ્ટ'' ના નામથી બેંક ઓફ બરોડા આબુરોડ શાખાના ખાતા નં: ૨૨૨૨૦૧ ૦૦૦૦૪૭૬૮ માં કેટલાક દાતાઓ સ્વૈચ્છિક રીતે પોતાનું દાન જમા કરાવી રહેલ છે તે બાબત પણ આનંદ ઉપજાવે તેવી છે. આબુરોડ જલારામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા રંગેચંગે થાય તે માટે અમદાવાદના લીલાધરભાઈ એમ. દક્ષિણી,

અનુસંધાન પાના નં.૬

કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા મહિલા સેનેટનું સન્માન

ડીસા

ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ ઓ.પી. કોહલી દ્વારા પ્રતિભાશાળી અને રાષ્ટ્રવાદી મહિલા એવા ડો.અવનીબેન આલનું હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે નિમણુંક થતાં ડીસા નગરમાં ગૌરવની લાગણી પ્રસરી છે. શેઠ એમ.એન. લો કોલેજ પાટણ ખાતે અધ્યાપિકા તરીકે ફરજ બજાવતા ડો.અવનીબેન ફતાભાઈ આલ માત્ર માલધારી સમાજ જ નહિ પરંતુ આગળ વધવા માગતી તમામ બહેનો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે.તેઓ અગાઉ સમાજ કલ્યાણ વિભાગમાં ઉચ્ચ અધિકારી તરીકે સેવા આપી ચુકેલ છે.

કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસાના પ્રમુખ ચંદુભાઈ એ.ટી.ડી. તેમજ ડીસાની વિવિધ સંસ્થાઓના આગેવાનો સર્વ કનુભાઈ આચાર્ય, ભગવાનભાઈ બંધુ, જયેશભાઈ દેસાઈ, નાથાભાઈ ખત્રી, પ્રવિણભાઈ નાઈ (રતનગઢ), નરેશભાઈ ઠરિયાણી શ્રીમતી દીપાબેન ઠરિયાણી, જગદીશભાઈ વાઘેલા, લલિતભાઈ વારડ, કુમારી પ્રાચી વારડે સહિત સૌએ સાથે મળીને રોટરી હોલ ડીસા ખાતે અવનીબેન આલનું સન્માનપત્ર અર્પણ કરી સન્માન કર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

ભીલડીમાં યુવાનો દ્વારા ૬૧ બોટલ રક્તદાન કરાયું

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડી ખાતે આવેલ શ્રી એચ.વી.વાલાણી વિદ્યામંદિર ખાતે મુડેઠા ગામના સ્વ જોષી ભરતભાઈ ભાયરામ ભાઈની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભણશાલી ટ્રસ્ટ ડીસા અને જોષી ભાયરામભાઈ કરશનભાઈના પરિવાર દ્વારા આયોજીત રક્તદાન કેમ્પમાં મુડેઠા તથા ભીલડી વિસ્તારના અને તેમની આજુબાજુના ગામના યુવાનો એ સમાજમા એક રક્તદાનનો નવો રાહ ચીંધ્યો હતો.

કંચનજી ઠાકોર

આ રક્તદાન કેમ્પને સફળ બનાવવામાં જોષી બળદેવભાઈ બી.(મુડેઠા), જયરામભાઈ ભેથડીયા, જામનદાસ મહેશ્વરીસ, રઘુભાઈ રાજગોર, જોષી વજેરામભાઈ કે (મુડેઠા) પ્રકાશ ડી, જોષી, અશ્વિનભાઈ જોષી જયેશભાઈ મોટી, ડૉ.કિરણભાઈ જોષી, રાકેશભાઈ જોષી, સુરેશભાઈ ડી શીલવા, કંચનજી ઠાકોર, સરતનભાઈ દેસાઈ, નારણભાઈ જોષી, પ્રવિણ જોષી, આચાર્ય સુધીરભાઈ પુરોહીત અને ભણશાલી ટ્રસ્ટ ડીસાના ડૉ.વિપુલ પટેલ, દેવેન્દ્ર રાજપુત, વિક્રમભાઈ ચૌધરી, અશોકભાઈ ત્રિવેદી, ભરતભ્ર કલ્પેશ જાટ, એસ.બી., કલ્પેશ મછયાતર વગેરે યુવામિત્રો વડિલો અને અગ્રણીઓ અને આગેવાનો એ સાથ અને સહકાર આપ્યો હતો.

હળવા વરસાદની આગાહી હજુ પણ અકબંધ

ચોમાસાના આગમનના સંકેત વચ્ચે હવામાનમાં ફરી પલટો

અમદાવાદ

હવામાનમાં પલટાની સ્થિતિ વચ્ચે હવે મોનસુનની એન્ટ્રીના સંકેત દેખાવવા લાગી ગયા છે. ટૂંકમાં જ મોનસુનની એન્ટ્રી થઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગે કહ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડે તેવી સંભાવના છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯.૬ ડિગ્રી રહ્યું હતું. આવતીકાલે અમદાવાદમાં પારો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વરસાદની એન્ટ્રીને લઈને લોકો ખુબ જ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી મળતી માહિતી મુજબ ગુજરાતમાં પણ ૧૩મી જૂન સુધી ચોમાસુ બેસી જાય તેવી સંકેત મળી રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે ૧૫મી જૂનની આસપાસ ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થાય છે પરંતુ આ વર્ષે કેરળની જેમ જ દેશના અન્ય ભાગોમાં પણ વહેલીતકે મોનસુનની એન્ટ્રી થઈ રહી છે. ગરમીના પ્રમાણ વચ્ચે તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસ પણ વધ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ બે દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૧૦૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે ક્રમાણા બે દિવસના ગાળામાં ૩૦ અને ટાઈફોઈડના ૩૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના બે દિવસના ગાળામાં ૨૩ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા. જૂન મહિનામાં ઝેરી મેલેરિયાના કોઈ કેસ નોંધાયા નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગના કેસોમાં વધારો નોંધાયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૨ ડિગ્રી થયું હોવા છતાં બપોરના ગાળામાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તીવ્ર ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો.

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદમાં પણ સવારે હવામાનમાં પલ્ટો આવ્યો હતો. બીજી બાજુ દિવસ દરમિયાન અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેથી લોકોને આંશિક રાહત મળી હતી. આજે રાજ્યમાં સૌથી વધુ ગરમીનો અનુભવ ભાવનગરમાં થયો હતો જ્યાં પારો ૪૧.૫ ડિગ્રી રહ્યો હતો.

વડગામ મોટવાણી પરિવારનું ગૌરવ

તા.પ્રતિ. વડગામ

માર્ચ માસમાં લેવાયેલ ધોરણ ૧૦ એસ.એસ.સી.ની પરીક્ષામાં વડગામના સચિન ગંગારામ મોટવણીએ ૯૩.૫૦ ટકા સાથે ડિસ્ટીકશન માર્કસ લાવી બનાસકાંઠા જિલ્લાના તેજસ્વી તારલા તરીકે જળકતા વડગામ, તાલુકો અને મોટવણી સમાજનું ગૌરવ વધાર્યું છે. તાલુકા મથક વડગામ બસસ્ટેન્ડમાં વર્ષોથી ધંધા વ્યવસાયમાં સ્થાઈ અગ્રણી વેપારી હીરાકાકા મોટવાણીના પૌત્ર સચિનનું ગતરોજ વેપારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

થરાદમાં ત્રિદિવસીય કુંવરબાઈના મામેરાની રંગેચંગે પૂર્ણાહુતિ

રાજયમંત્રી પરબતભાઈ પટેલે પણ અંતિમ દિવસે હાજરી આપી

પ્રતિ. થરાદ

થરાદમાં પાવન અધિકમાસમાં વિશ્વકલ્યાણ અર્થે અને નગરની ગૌશાળાના લાભાર્થે પ્રથમ વખત આયોજીત ભગવાનના પરમ ભક્ત નરસિંહ મહેતાના જીવન પર આધારિત સત્ય-પ્રેમ-કરુણા થી ભરપૂર કુંવરબાઈનું મામેરુ(નાની બાઈરો માયરો) ત્રિ-દિવસીય કૃષ્ણ ભક્તિની કથામહોત્સવનું વ્યાસપીઠ પર વક્તા ગૌવત્સ શ્રી ભગતબાપુ (ભરતભાઈ ત્રિવેદી) કારેલીવાળા ભિરાજ સંગીતમય માહોલમાં રસતરબોળ કથાનું શ્રવણ કરાવ્યું હતું.જેની આજે કરૂણા ના હૃદય દ્રાવક પ્રસંગો સાથે પૂર્ણાહુતિ થઈ હતી.જેમાં દીકરીની વ્યથા વચ્ચે નિર્ધન નરસિંહ મહેતાની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા

વિષ્ણુ દવે

એ ભગવાન ને પદ કરોડનું મામેરું ભરવા દોડી આવવું પડ્યું હતું.

આ પ્રસંગે દિયોદરના ધારાસભ્ય શિવાભાઈ ભુરિયા તથા થરાદના ધારાસભ્ય રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે પણ હાજરી આપતાં તેમનું પણ સન્માન કરાયું હતું.જ્યારે ધારાસભ્યો એ પણ કથાકારનું સન્માન કરી વ્યાસપીઠ ના આશીર્વાદ લીધા હતા.આ પ્રસંગે રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.જેમાં તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં રાજકારણ સમાજો ને જુદા કરે છે ત્યાં આવી ધર્મસભાઓ તમામ સમાજને એક કરે છે જે આવકાર્ય છે.

અનુસંધાન પાના નં.૬

મલાણા ગામમાં ભગવાન શિવનો ઝૅંઝ એક ગાયની પીઠપર કુદરતી રીતે બનતા લોકોમાં આશ્ચર્ય

પાલનપુર

પાલનપુર તાલુકાના મલાણા ગામમાં આશ્ચર્યચકિત કરીદે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મલાણા ગામના ખેડૂત પ્રજાપતિ નવીનભાઈ દેવાભાઈના ઘરેગાયની પીઠ પર ભગવાન શિવનો ઝૅંઝ કુદરતી રીતે બનતા પ્રજાપતિ નવીનભાઈ દેવાભાઈ પોતાને ધન્યમાની રહ્યા છે અને ખરેખર ભગવાન શિવની કૃપા થઈ હોય તેવું માની રહ્યા છે અને પ્રજાપતિ નવીનભાઈ સાથે

અનુસંધાન પાના નં.૬

ઠાકોર સમાજના વિદ્યાર્થી જોગ
(તેમજ બ્રહ્મોપંચના વિદ્યાર્થી માટે) દે.નં.૦૨૭૬૨ - ૨૫૫૨૫૩
શ્રી બ.કાં. ઠાકોર સમાજ સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત
★ શ્રી સરસ્વતી કુમાર છાત્રાલય (બ્રહ્મોપંચ) બિલ્યપુર, તા.સમીરગઢ
ધો.૦૫ થી ૧૨ ના વિદ્યાર્થી માટે
★ શ્રી વિવેકાનંદકુમાર છાત્રાલય, (બ્રહ્મોપંચ) પાલનપુર : ધો.૦૮ થી ૧૨ ની વિદ્યાર્થીની માટે
★ શ્રી સરસ્વતી કન્યા છાત્રાલય, (બ્રહ્મોપંચ) પાલનપુર : ધો.૦૮ થી ૧૨ ની વિદ્યાર્થીની માટે
ઉપરોકત છાત્રાલયોમાં ઠાકોર સમાજ તેમજ બ્રહ્મોપંચના વિદ્યાર્થીઓને પ્રવેશ તો પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. તો પ્રવેશ મેળવવા વિનંતી.
નિરાધાર મુખ્ય મકાન પાલનપુર મુકામે સ્વચ્છ, સુઘડ વિદ્યાર્થી છાત્રાલય સાથેની સરકાર તેમજ પાલનપુરની સ્વચ્છ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિકાસલક્ષી ભાવે રહેવા/જમવાની સગવડ ઉપલબ્ધ છે.
વાઘેલા કરશનભાઈ જે. (પ્રમુખ) : મો.૦૯૮૨૫૩૧૫૩૧૩
બ.કાં. ઠાકોર સમાજ સંસ્કાર મંડળ, જાગણા રોડ, પાલનપુર - ૩૮૫૦૦૧

તંત્રી સ્થાનેથી ...

અસ્પૃશ્યતા આપણા સમાજ અને દેશના મસ્તક પર કલંક છે.

માત્ર કાગળ પર ચાલતી બી.એડ. કોલેજોની તપાસ જરૂરી

જેમ સરકારી કામોના ઘોડા કાગળ પર દોડાવવામાં આવે છે. તે રીતે ગુજરાત યુનિવર્સિટીની મોટાભાગની બી.એડ. કોલેજો પણ કાગળ પર ચાલતી હોવાનું કહેવાય છે. આમ જોવા જઈએ તો શાળા- કોલેજોનું શિક્ષણ તદ્દન ખાડે જઈ રહ્યું છે. શિક્ષકો કે કોલેજના પ્રોફેસરો તેમના વેતન મુજબ પણ કામગીરી કરતા નથી અને તેઓ મોબાઈલ પર વ્યસ્ત રહેતા જોવામાં આવી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓના ભાવિ બાબતે કોઈ તંત્ર ગંભીર નથી. આ અંગે સરકારે ઉચ્ચ સ્તરે તપાસ ચલાવરાવવી જોઈએ. શિક્ષણ માટે કરોડોની લહાણી કરતી સરકાર દ્વારા આ બાબતે સ્પષ્ટ અભિગમ જળવાય તે જરૂરી છે, ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી પણ બી.એડ્. કોલેજો પૈકી કાઉન્સિલ દ્વારા નોટિસો આપવામાં આવી છે. તેવી ૧૧ જેટલી કોલેજોને પ્રવેશ પ્રક્રિયામાંથી બાકાત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું બહાર આવેલ છે. આ એવી કોલેજો છે કે જેને કાઉન્સિલ દ્વારા નોટિસ આપવામાં આવી છે. જ્યારે યુનિવર્સિટી દ્વારા જતી તપાસ કમિટીઓ (સબ સલામત) નો અહેવાલ આપતી હોવાથી યુનિવર્સિટી દ્વારા કોઈ કોલેજ સામે પગલા લેવાતા નથી.

વળી કલોલ ખાતેની પાનસર બી.એડ્. કોલેજ અને શારદા અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજને મંજૂરીની મહોર લગાવવામાં આવી છે. તેના કરતાં આ કોલેજો અલગ જ જગ્યાએ કોલેજ ચલાવવામાં આવી છે. આવી પોલંપોલ કઈ રીતે ચલાવી લેવામાં આવતી હશે?

વળી આશ્ચર્યની વાત તો એ છે કે કલોલ ખાતેની બી.એડ્. કોલેજમાં છેલ્લા એક વર્ષથી વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનો અભ્યાસ કરાવવામાં આવતો નથી. આ ઉપરાંત યુનિવર્સિટીએ નક્કી કરેલી ફી કરતાં પણ વધુ ફી ઉઘરાવવામાં આવતી હોવાની ફરિયાદ ઉઠી છે. તાજેતરમાં બંને કોલેજોમાં વિદ્યાર્થીઓને કેટલા દિવસ ભણાવવામાં આવ્યા અને તેમને ઈન્ટરનલ ગુણ કયા આધારે આપવામાં આવ્યા તેની વિગતો માંગવામાં આવી હોવાનું પણ બહાર આવેલ છે! જો આવું અંધેર ચાલતું હોય તો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરવાનો અર્થ શો?

યુનિવર્સિટી દ્વારા જુદી જુદી બીએડ કોલેજોની તપાસ માટે જે કમિટી મોકલવામાં આવે છે. તેમાં આજદિન સુધી કોઈ 'અગમ્ય' કારણોસર કોઈ ક્ષતિઓ બહાર આવી જ નથી. મતલબ એ થયો કે નિર્ધારિત કમિટી કાર્યવાહી કરવામાં નિષ્ફળ નિવડી હોવાનું માની શકાય. છતાં આ બધું કેવી રીતે ચલાવવામાં આવતું હશે?

યુનિવર્સિટી સાથે જોડાયેલી મોટાભાગની સ્વ- નિર્ભર બી.એડ્. કોલેજોમાં નિયમિત વર્ગો ચાલતાં જ નથી. કારણ કે સ્વનિર્ભર કોલેજ સંચાલકો કાયમી ફેકલ્ટીની નિમણુંક કરતાં જ નથી, કાઉન્સિલના ઈન્સ્પેક્શનમાં માત્ર કાગળ પર જ ફેકલ્ટી દર્શાવી દેવામાં આવે છે. જો કાઉન્સિલ દ્વારા ફેકલ્ટી નથી તેવી ક્ષતિ કાઢવામાં આવે તો જાહેરાત આપીને ફેકલ્ટી ભરવાનું 'નાટક' પણ ભજવી લેવામાં આવે છે.

આમ જોવા જઈએ તો યુનિવર્સિટીની મોટાભાગની બી.એડ્. કોલેજો માત્ર ડિગ્રી આપવાની ફેક્ટરીઓ બની ચુકી છે. તે વાસ્તવિકતા શિક્ષણ સાથે જોડાયેલા તમામ તજજ્ઞોની જાણ બહાર નથી. કેમ કે સત્તાધિશોને કોલેજો સામે કાર્યવાહી કરવામાં 'રસ'જ નથી. આવું પંચો અંધેર ક્યાં સુધી ચાલશે.

ક્યારે સમજાશે કે લક્ષ્મી વસે છે છાણમાં ?

દેશી છાણીયું ખાતરશ પ્રદુષણ અટકાવે છે. આ કુદરતી ખાતરથી ઉત્પન્ન થયેલખાદ્યાન શાકભાજી અને ફળ વિ.ના ગુણો અને સ્વાદને જાળવી રાખવાની તેનામાં ક્ષમતા છેતેથી જ તે સર્વશ્રેષ્ઠ ખાતર ગણાય છે.

ટેકનોલોજી અને કોમ્પ્યુટર કરતાં પણ ભારતીય પ્રજાની સમૃધ્ધિ છાણમાં વધુ છે જો પશુ ખતમ તો છાણ ખતમ અને છાણ ખતમ તો સમૃધ્ધિ ખતમ. દુધ નહીં આપનારી વૃદ્ધ દેશી ગાય વિ.પશુઓ પણ છાણ અને ગૌમૂત્ર જેવી ઉપયોગી વસ્તુ તો આપે જ છે.

સેન્દ્રીય ખાતરમાં રોગપ્રતિકારક શક્તિ વધુ છે. રાસાયણિક ખાતર અને હાઈબ્રીડમાં ઉત્પન્ન થતી અગણિત જીવાતોને મારવા માટે જંતુનાશક દવાઓ પાછળનું અબજો રૂા.નું આંધણ દેશી ખાતર વાપરવાથી બંધ થશે. ઉપરાંત એ જીવાતોના નાશથી બંધાતું પાપ પણ રાસાયિક ખાતરનો ઉપયોગ બંધ કરવાથી અટકશે.

લોકોના ધ્યાન પર એ બાબત લાવવાની ખાસ જરૂર છે કે તેમનું આરોગ્ય આજે જમીનની જે ફળદ્રુપતા છે તે જાળવી રાખી હશે તો તેના પર નિર્ભર હશે. કૃત્રિમ ખાતરો જમીનની ફળદ્રુપતા અને આરોગ્યનો નાશ કરે છે. સેન્દ્રીય ખાતર જમીનને તાકાત અને જીવન બક્ષે છે. અનેક પ્રકારની બિમારીઓથી બચાવી પ્રજાને સુખી, સમૃધ્ધ નિરોગી અને ગુણવાન કરવી હોય તો તેનું મુળ દેશી છાણ આધારીત અર્થતંત્ર છે. કુદરતી ખાતરથી પૌષ્ટીક સાત્વીક આહાર સસ્તા દરે મળી શકે. આવા ભોજનથી ભાવી પેઢી સ્વસ્થ, તંદુરસ્ત બની શકે છે, મન અને વિચારો નિર્મળ થાય છે.

દેશી પશુઓનું છાણ સ્વાવલંબનનું કેન્દ્ર છે. બેકારી, બિમારી, ભુખમરાથી પ્રજાને મુકત કરવી હોય તો છાણ વિના ઉકેલ નથી. કારખાનાઓનાં ભુંગળાં ભારતીય પ્રજા માટે ધીમા મોતનાં ભુંગળાં છે.

રાસાયણિક ખાતર જમીનના છિંદ્રોનો નાશ કરે છે. ટ્રેકટર રા.ખાતર અને પરદેશી બિયારથણ મુકત પરંપરાગત દેશી ખેતી તરફ વળે તેવા ખેડૂતોને સરકારે ખાસ પ્રોત્સાહન આપી સહાય કરવી જોઈએ.

લોન માફીથી ખેડૂતોની આત્મહત્યાનો પ્રશ્ન હલ થાય છે ખરો ?

-સેવંતી મ.સંઘવી (મુંબઈ)

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

મોબાઈલનો અવિવેકપૂર્ણ ઉપયોગથી શું માણસની માનસિકતા હણાઈ રહી છે..?

સંવેદના
પ્રવીણ એમ. નાઈ

પહેલાના સમયમાં સાંજે વાળું પાણી કરીને પાણી કરીને લોકો આડોશ પાડોશમાં કે મિત્રની સાથે અરસ પરસ વાતો કરવા ભેગા થતા. સુખદુ:ખના સમાચાર પૂછીને સાંત્વના આપતા. અત્યારે તેનાથી ઉલ્ટું થતું જાય છે. સાંજે તો ઠીક પણ આપણે જ્યારે જ્યારે કામમાંથી થોડાક નવરા પડીએ એટલે તુરંત મોબાઈલ હાથમાં લઈને વોટશોપ કે ફેશબુક ખોલીને તપાસવાની ટેવ પડી ગઈ છે.

વર્તમાન સમય ટેકનોલોજીવાળાં સાધનોનો વિકાસ થવો જોઈએ.. કેમ કે તેની પણ ખાસ જરૂર છે પરંતુ સમજ્યા વગર થઈ રહેલો અવિવેકપૂર્ણ ઉપયોગથી માણસની માનસિકતા બદલાઈ રહી છે. જો આ બાબતે સંયમ રાખવામાં નહી આવે તો તેનું પરીણામ વિકટ આવશે.. તે દેખુતું છે.

અત્યારે આપણે કોઈક સારા કે નરસા પ્રસંગે ભેગા થઈએ તો પણ તુરંત ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને તેમાં રચ્યા પચ્યા રહીએ છીએ અને દિલખોલીને સુખદુ:ખથી ભરેલી મુક્ત વાતો આપણે કરી શકતા નથી.

કહેવાય છે કે, કંઈ પણ બાબત હોય તેમાં બે પાસાં હોય મોબાઈલની બાબતે આ વાત ચોક્કસ છે કે તેના હકારાત્મક ઉપયોગ ખુબ જ છે પણ તેના નકારાત્મતાને પણ ભૂલી શકાય તેમ નથી.

હમણાં એક ગામમાં લગ્નપ્રસંગે જવાનું થયું. સાંજનો સમય હજુ વાળું પાણીની થોડીક વાર હતી. એટલે જે મહેમાનો આવેલ તેઓ બાજુમાં બેઠેલાની સાથે કોઈપણ વાત કરવાનું ટાળીને મોબાઈલ સાથે ચેટ કરવાનું પસંદ કરી રહ્યા હતા. મેં ઘડીક વિચાર્યુ કે, આ લોકો જે ભેગા છે તેઓના હાથમાં કદાચ મોબાલઈ ન હોત તો આજે અહીં વાતોના ગપાતા બોલાતા હોત.. નિર્દોષ હાસ્ય..મજાક મસ્તી થઈ રહી હોત.. વળી, વાતો વાતોમાં એકબીજાના સમાચાર પણ લેવડાઈ જતા હોત. અને કંઈક વધું જાણવાનું પણ મળી રહેતું હોત. મોબાઈલ મારી પાસે પણ હતો, પણ તેનો મતલબ એવો ન થવો જોઈએ કે આખો દિજસ તેને હાથમાં લઈને ફરવાનું હોય. જયારે ખાસ જરૂર હોય ત્યારે તેનો ઉપયોગ કરી લેવો. હાલના સમયમાં મોબાઈલ એ પ્રચાર પ્રસારનું સર્વોત્તમ સાધન કહી શકાય. ફેશબુક અને વોટશોપના માધ્યમથી ખાસ સમાચાર, જાહેરાત, ફોટો, વિડીઓ કે અન્ય મેસેજો જાહેર જનતા સુધી પહોચાડી શકાય છે. પણ વર્તમાનમાં નાના બાળકથી માડીને વયોવૃધ્ધમાં મોબાઈલનો સમજ્યા વગરનો થઈ રહેલો અપાર ઉપયોગથી ઘણું બધું ખોવાઈ રહ્યું છે.

હમણાં મેં યોગશિક્ષક લક્ષ્મણભાઈ જાદવ વિશેની પોસ્ટ વોટશોપ અને ફેશબુકના માધ્યમથી જાહેર જીવનમાં લોકોની સામે વહેતી મુકી. તેનાથી કેટલાય લોકો પ્રભાવિત થયા. જેમણે નહોતું જાણ્યું તેઓએ પણ લક્ષ્મણભાઈ વિશે જાણ્યું. વાંચીને આનંદ પણ થયો. અરે..ચેતનભાઈ જોષીએ તો આ પોસ્ટને વાંચ્યા બાદ પ્રભાવિત થઈને જાહેરમાં લક્ષ્મણભાઈનું પુસ્તક અને શાલ ઓઢાડીને સમ્માન પણ કર્યું. આ હકારાત્મક બાબત થઈ કહેવાય. એટલે ફાયદો જરૂર છે પણ જરૂર પડે ત્યારે સમજીને કરેલો મોબાઈલનો ઉપયોગ આપણને ઘણુ બધું આપી શકે છે.

બોલતાં પણ ન આવડે તેવા આબાલવૃધ્ધ હાથમાં મોબાઈલ લઈને ન જાણે શું એ જોવા તૈયાર થઈ જાય છે.. અને સમયનો ખોટો બગાડ કરી રહ્યા છે. હકારાત્મક બાબતના કરતાં નકારાત્મક બાબતને પ્રધાન્યતા આપવામાં આવી રહ્યું છે. જ્યાં પાંચ મિનિટ મોબાઈલની જરૂર હોય ત્યાં પાંચ કલાક સુધી મોબાઈલ વપરાઈ રહ્યો છે.. શું થશે...? વિચારવા જેવું છે.

હજારો લોકો મોબાઈલના માધ્યમથી મોટા મોટા વ્યાપાર ધંધાઓ કરી રહ્યા છે. જ્યાં જરૂર છે ત્યાં જ મોબાઈલને વાપરીને અઢળક કમાણી થાય છે.. આ સારી બાબત કહેવાય. આર્થિક, સામાજીક, શૈક્ષણિક, વગેરે બાબતો માટે મોબાઈલનો ઉપયોગ થાય તે જરૂરી છે. પણ જેમાંથી કશું લેવાનું નથી અને બદલામાં આપણામાં ખરાબ વિચારો, ખરાબ ભાવના ખરાબ કર્મ કરવાની ઈચ્છા થાય તેવી રીતે મોબાઈલનો ઉપયોગ કરવામાં આવે તો મોબાઈલને ચોક્કસ રાક્ષસ તુલ્ય કહેવો રહ્યો. જે આપણા પવિત્ર મનને હણતો હોય.

મોબાઈલમાં આવતા 'મેપ'થી આપણે અજાણ્યા રસ્તે પણ કોઈને પુછ્યા વગર જઈ શકીએ છીએ. પ્રવાસ કે યાત્રાના સમયે આ 'મેપ' ખુબ જ કામ આવે છે. વિવિધ સ્થળની માહિતી આ 'મેપ' થકી મળી રહે છે. પણ એ જ 'મેપ' નો અવિવેકથી જો ઉપયોગ કરીએ તો ખોટા રસ્તે પણ જઈ શકાય છે. જો ધ્યાનમા રાખીએ તો મોબાઈલમાં જેટલાં પણ સોફ્ટવેર છે તે દરેક પોઝીટીવ પણ હોય છે પરંતુ સમજ્યા વગર થતા ઉપયોગથી આપણને ખોટી માહિતી મળી જતી હોય છે.

મોબાઈલ દુરસંચાર સેવા માટે ખુબ જ ઉપયોગી છે. જ્યારે જરૂર હોય ત્યારે જ વાતચીત કરવાથી ખુબ જ ફાયદો થઈ શકે છે પણ આખો દિવસ મોબાઈલ થકી વાતચીત ચાલુ રાખવાથી નુકશાન થવાનો પણ સંભવ છે. વળી સમયને બગાડીને, જરૂર વગર આખો દિવસ તેની સાથે રહીને વાતચીત કરવાથી નુકશાન થવાનું તે ચોક્કસ છે.

વિવિધ સોફ્ટવેરના માધ્યમથી બતાવવામાં આવતા ફોટા વીડીયોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ તો તે ફોટો કે વીડીયોથી ખુબ જ માહિતી મેળવી શકાય છે.આપણા જ્ઞાનમાં વધારો થાય છે. પણ જો ખોટા ફોટા કે વિડીયો ડાઉનલોડ થઈ જાય તો તે જ આપણી પાસે રહેલા જ્ઞાનને પણ હણી શકે છે. વધારાનું જ્ઞાન કે માહિતી તો બાજુમાં રહી પણ જે આપણી પાસે હોય તે પણ ચાલ્યું જાય છે.

શ્રવણ અને દ્રશ્ય બાળકને જો સારૂં મળે તો બાળકને શ્રેષ્ઠ નાગરિક બનતાં કોઈ અટકાવી શકે નહીં. ઋચાઓ, શ્લોકો, ઉપનિષદોની પરીભાષાઓ, ભગવત ગીતાનું સુમધુર જ્ઞાન સહીત બાળકમાં સુસંસ્કારો આવે ઘણું બધું મોબાઈલમાં હોય છે.

જો લેતાં આવડે તો નહીંતર ખોટી બાબતો જો ડાઉનલોડ થઈ જાય તો તે બાળકમાં રાક્ષસીવૃત્તિ આવતાં આપણે રોકી શકીશું નહીં. આ બાબતે બાળકના માબાપે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.. બાળકને નાનપણથી જ પકડાવી દેવાતા મોબાઈલ અને બાળક ભુલથી કરી રહેલા વધુ પડતા નેટવર્કીંગથી તેનામાં પાશ્ચાત્ય સંસ્કૃતિના લક્ષણો દેખાતાં વાર નહીં લાગે.

અંતમાં,

મોબાઈલનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તો જ મોબાઈલ આપણા માટે દેવદુત સમાન છે પરંતુ ભુલથી પણ હિંદુ સંસ્કૃતિને છાજે તેવો ઉપયોગ ન થયો તો તે જ મોબાઈલ આપણા માટે પિશાચથી કંઈ કમ નથી.

પ્રવીણ એમ.નાઈ
રતનગઢ (તા.કાંકરેજ)

જીવનના પ્રસંગોનાં રેખાચિત્રોનું સુંદર આલેખન 'ઓગન'

સંસ્કાર ઘડતરની વાત આવે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં વસ્તા અને કૃષિ વ્યવસાય કરતા એવા અદના માનવીઓમાં પડેલ માનવતાની જે સંસ્કાર મુડી છે તે કઈ રીતે બહાર આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો તેમના જીવન પ્રસંગો અને ઘટનાઓમાં ડોકીયું કરી જોવું જોઈએ.ખુબજ મહેનતુ અને પરિશ્રમી એવા લોકોમાં પડેલ માટીના મહેકને પામવા માટે તેમની નજીક જવું પડે અને તેમને પોતાના સંસ્કારોની આ મુડી સમાજ સમક્ષ પ્રસ્તૃત કરવા ઉશ્કેરવા પડે.આવું કામ ક્યારેક અનાયાસે પાસે થઈ જાય ત્યારે તેનાં જે સુંદર પરિણામો આપણી સમક્ષ પ્રસ્તૃત થાય છે ત્યારે એહોભાવ પ્રગટ થયા વિના રહેતો નથી અને તે આલેખનાર ખુદ કહે છે કે આમાં જ જીવનનું નર્યું નિદાન છે.ગામડાના ખેડૂતો આવા નિદાનમાં ભારે માહેર હતા.કાર્લ માર્કસ જેની વાત કરે છે તે તો આપણા જીવનમાં જ હતી.આજે લોકોમાં સુધારો આવ્યો છે. શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખુટે છે તેની શંકા લેખકને છે તે શું છે ?આ ખુટતી કડીને જોડી આપવાનું કામ લેખકે જીવનના પ્રસંગોને રેખાચિત્રોરૂપે આલેખીને કર્યું છે તેવા એક સુંદર મજાના નાનકડા, રૂપકડાં પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે. 'ઓગન' શિર્ષકવાળા પુસ્તકમાંથી પસાર થતાં કુલ ૧૩ જેટલાં સુંદર રેખાચિત્રો આપણને મળે છે.જે દરેક પ્રસંગોને લેખકે પોતાની આગવી શૈલીથી જીવંત બનાવવા જે પ્રયત્ન કર્યો છે તેમાં તે સફળ રહ્યા છે એમ તેને વાંચનાર વાચકને લાગ્યા વિના રહેતું નથી.રેખા ચિત્રોમાં દરિદ્ર, ચોંધાસી, ધિરી, કમુ, પ્રાયશ્ચિત, તર્પણ, સળગી ગયેલા સંબંધો મારું દેહદાન, પાપી, વમળ, પ્રેમ અને જન્મ દિવસ જેવાં શિર્ષકો આપણને મળે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં નર્યું નીતર્યું ગંગાજળ કહીને રેખાચિત્રોની આલેખ આપનાર આપણા વરિષ્ઠ સાહિત્યકાર ડો.કેશુભાઈ દેસાઈ માંગલિક ચિત્રોની મહેફિલ સજાવી બેઠેલા લેખક માટે ખાસ નોંધે છે કે કોઈ કલ્પનાના ઘોડા દોડાવ્યા વિના જાત અનુભવની વાતો જ લેખકે અહીં કંડારી છે. નિરાંતે ગોઠડી માંડીને એમણે જિંદગીના અણમોલ અનુભવોની લહાણી કરી છે.અહીં નાના માણસમાં છુપાયેલી મોટાઈની વાતો છે.તો વળી અભણ ઘરડેરાની આગવી કોઠાસુઝના દષ્ટાંત પણ છે.માણસ ધારે તો એની જીંદગીને અનોખા અવસરમાં પલટી શકે.ઈશ્વરે એને એટલી સમજણ અને લાગણીની સંપદા સાથે આ ધરતી પર મોકલ્યો છે.એ સ્વ વિવેકથી પોતાની હયાતીમાં જ મોક્ષ અને સ્વર્ગ મેળવી શકે છે.એવી સિધ્ધી હાંસલ કરવા માટે એને કોઈ તપ તપવાની કે શાસ્ત્રો ભણવાની પણ જરૂર નથી.બધું એની અંદર પડેલું છે.એણે ખુદને ખોળી કાઢવા માટે ખુદનું જ ખોદકામ કરવાની જરૂર છે. કેમકે ખજાનો લખલુટ છે.આ ખજાનો લેખકે શોધી કાઢ્યો છે અને તે જીવનના અર્ક રૂપે વાચક સમક્ષ ધરી દીધો છે. અહીં છે જીવતાં જાગતાં હાલતાં ચાલતાં હાડમાંસનાં ચરિત્રો ચિતરાયાં છે.તે મારા તમારા જેવા સામાન્ય માણસને પરમાત્માએ સોંપેલી મોઘેરી મિરાત સમાં છે.લેખકની કેળવાયેલી આંખ તેને ઓળખી શકી છે આનંદની વાત છે. નહીંતર આપણા પરિવારમાં અને આસપાસ પણ નાભિમાં અમીકુંપો સંતાડીને ફરતાં આવાં જ મીણ માટીના માણસુડીનો મેળો જામેલો હોવા છતાં આપણે ભૌતિકવાદના પડળ બાઝયાં હોવાથી એવાં ધુળની ઢગલીઓમાં રગદોળામાં રતન કચારાપુંજામાં વાળી નાંખીએ છીએ.અને પછી બધુ બગડી ગયું હોવાથી અશક્ય રૂદન કરતાં હોઈએ છીએ.સંસ્કાર શિક્ષણની મસમોટી ગુલબાંગો પોકારતા આપણા સારસ્વતો અને લોકોની આંખમાં સપનાં આંજી નાખતા નેતાઓના ઘોંઘાટમાં તંબુરનો ઝીણો સૂર સાંભળવા માટે કાન સરખા કરવા પડે એવી સ્થિતિ છે.

અહીં કૃષિકારનો ઋષિશ્વર છે અને નાભિમાંથી ફુટયો છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે.એ કોઈ પંડિતોની પોથીમાં સમાઈ જવા કરતાં આવા આચરણપૂત કૃષિકારની કલમે કોળી ઉઠે ત્યારે વિશેષ સાર્થકતા પામે છે.સંગ્રહનાં બધાંજ રેખાચિત્રો નોખાં-અનોખા અને તદ્દન મૌલિક છે.અહીં સ્વામી આનંદની જેમ લેખકે શબ્દના સાચા અર્થમાં ધરતીની જ આરતી ઉતારી છે.

વળી રેખાચિત્રો કે સ્મરણ ચિત્ર જેવા સાહિત્ય પ્રકાર વિશે પણ લેખકને કશો શાસ્ત્રીય ખ્યાલ ન હોઈ આ અલ્પજ્ઞનતા લેખકને ફળી છે. એથી એમણે સીધે સીધું જેવું લાગ્યું તેવું લખ્યું છે. શબ્દના કેમેરા વડે સ્વજનથી લઈ જીવનની વાટે અલપ ઝલપ સાથે થઈ ગયેલા માનવીઓની છબી પાડી દીધી છે.એથી જે પરિણામ સાંપડ્યું છે તે નર્યું નિતર્યું ગંગાજળ છે તે વાતની પ્રતિતિ વાચકને થયા વિના રહેતી નથી.

લેખકે જિંદગી જીવવાનો કસબ અને કળા હસ્તગત કરેલ છે.જીવન એક યાત્રા છે એમાં કોણ, ક્યારે, કેવા સ્વરૂપે સાથે થઈ જશે અને ક્યારે તેનો સાથ છુટી જશે એ નિશ્ચિત નથી.ત્યારે જીવનમાં જે કાંઈ મેળવ્યું તેનો સંગ્રહ કરી રાખવાને બદલે 'ઓગન' એટલે નિકાચીની વ્યવસ્થા હોવી જોઈએ તે વાત લેખકે એક પ્રસંગરૂપે ભલે તેના દિકરાને સમજાવી હોય પણ તે છેવટે તો સમગ્ર માનવ સમાજને દિશા ચિંધનારી છે.ચોમાસું હવે નજીકમાં છે અનરાધાર વરસાદ વરસી પડતાં ડેમો છલકાવા લાગે છે.જેમ જેમ ડેમમો પાણી વધતુ જાય તેમ તેમ 'ઓગન' (દરવાજા) ખોલાતા રહે તો ડેમમાં પાણી સપ્રમાણ રહે છે.પણ જે ડેમમાં ઓગન ન હોય અથવા ડેમનો રખેવાળ સમય પર ઓગન ન ખોલે તો ડેમ તૂટી જાય છે.અને ડેમની આજુબાજુ રહેતા સૌ બરબાદ થઈ જાય છે.જેથી જીવનમાં એવી વ્યવસ્થા ગોઠવવાની વાત અહીં કરવામાં આવી છે કે ક્યારેય ડેમ તૂટવાની નોબત જ ન આવે, કેમકે તેથી જ તો આપણા ધર્મશાસ્ત્રોએ ધર્મ કરવાથી સુચના આપી છે.આપણી પાસે હોય તેમાંથી બીજાને મદદ કરવા અને આપણી પાસે જે સંપત્તિ આવે એમાંથી બીજાને મદદ કરવાની લક્ષ્મી ખુશ રહે છે તે ઉપદેશાત્મક વાત દેવચંદ શેઠની પેઢીની વાત સાથે સાંકળીને મોરબીના ડેમનો દાખલો આપી લેખકે ખુબજ સરસ રીતે સમજાવી છે.

'ઓગન' પુસ્તકના લેખક હંસરાજભાઈ સાંખલા હિંમતનગરમાં વસતા એક સરચરિત્ર માનવ છે.તેમના પ્રથમ પુસ્તક 'સમાજ ભક્તિની ત્સુનામી' ને સારો આવકાર મળતાં 'જીવનની મહેંક' અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' આલેખ્યા બાદ 'ઓગન' તેમનું ચોથું પુસ્તક છ

જેનું પ્રકાશન ડો.સ્વામી ગૌરાંગ દેવ શ્રી રાધા ગોવિન્દ દેવ ધામ હિંમતનગર તરફથી અરવલ્લી પ્રકાશનના તેની હેઠળ થયું છે.

આ પ્રસંગે 'ઓગન' પુસ્તકના લેખક હંસરાજભાઈ સાંખલા અને પ્રકાશન સંસ્થા અરવલ્લી પ્રકાશનને સંસ્કાર પોષક અને પ્રેરણાત્મક રેખાચિત્રોના આવા સુંદર લેખન પ્રકાશન બદલ ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકાર્યું છે.

'ઓગન'(ચરિત્ર નિબંધો)

લેખક-હંસરાજભાઈ સાંખલા

કાળઝાળ ગરમીથી ત્રસ્ત સહુ કાગ ડોળે રાહ જુવે છે..મેહુલિયાની

કવિ હૃદયીઓની સંવેદનાસભર કલમમાં પણ મેઘનો તલસાટ : આ ધરાને તૃપ્ત કર

જેઠ માસ પુર્ણ થતા અષાઢી આકાશમાં મેઘાડમ્બર છવાઈ જાય છે. અને જગતનો તાત ખેતરને ખોળે જોવા મળે છે. ધરતીને લીલુડી બનાવવા તે ભર તાપમાં પસીનો વહાવતો હોય છે. પણ ચાલુ વર્ષે અધિક (જેઠ) માસ હોવાથી અષાઢી માહોલ એક માસ મોડો જોવા મળશે. એવુ ગામના વડીલો કહી રહ્યા છે...જોકે કેરાળા - મુંબઈ અને સૌરાષ્ટ્ર ના અમરેલી પંથકમાં મેઘરાજાએ પધરામણી કરી છે. (કદાચ આ છપાશે ત્યારે વરસાદનું આગમન થઈ ગયુ હશે.) તેવા સમયે કોઈ લેખકે પોતાની ભાવ સંવેદના વોટસ્ એપમાં આ રીતે વહેતી મુકી છે....

ડિયર મોન્સૂન !

કેરળ - તમિલનાડુથી ગુજરાત સુધી પહોંચતાં આટલી બધી વાર? જલ્દી આય ભાઈ, અહીયા એસીનાં બિલો વધે છે.

રસ્તાઓ ધોવાઈ જવા માટે બેબાકળા બન્યા છે. કોન્ટ્રાક્ટરોનાં છોકરાં નવી ગાડી માટે કજિયો કરે છે, ને એના પપ્પાઓ 'એક વરસાદ પડી જવા દે' એવા વાયદાઓ કરે છે.

ઘણા બધાને સ્વિમિંગ શીખવું છે, રેઈનકોટ - છત્રીઓ માર્કેટમાં ખડકાઈ ગયાં છે, પણ તારા અભાવે વકરો શરુ થવાને વાર છે.

દાળવડાં - ભજિયાં વગર લોકોની આંતરડી કકળે છે.

ફેસબુક પર સેલ્ફીઓ પણ સાવ નપાણિયા થઈ ગયા છે.

ટિટોડીનાં ઈંડાંમાંથી બચ્ચા પણ આવી ગયાં ને સૂકવેલા ગોટલાના મુખવાસ પણ બની ગયા.

તારા વગર 'અમી છાંટણાં', 'ધડાકાભેર', 'મેઘસવારી', 'સર્વત્ર શ્રીકાર', 'નવી આવક', 'જળ બંબાકાર', 'સાંબેલાધાર', 'ઓવરફ્લો', ' ખતરાના નિશાનથી ઉપર', 'ઉપરવાસમાં', '

નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ', 'ડિઝાસ્ટર મેનેજમેન્ટના દાવા પોકળ', 'પ્રિમોન્સૂન પ્લાન ધોવાયો', 'ઠેર ઠેર ભૂવા પડ્યા'

જેવા શબ્દપ્રયોગો વિના ગુજરાતી ભાષા ઓક્સિજનના બાટલા પર ચડી ગઈ છે. હજારો દેડકાઓ અને કરોડો કવિઓ પણ તારા વિના ટળવળે છે. તારા વિના 'પલળેલાં ભીનાં બદન'નાં લેખો સૂકાભઠ ચિંતનાત્મક થઈ ગયાં છે. અમારી ભાષા મરી પરવારશે એનું તને કંઈ ભાન છે?! એટલે ભાઈ, તને પણ વિજય માલ્યાની જેમ ભાગેડુ જાહેર કરાય એ પહેલાં આવી જા.

લિખિતંગ,

રૂમાલને બદલે ટુવાલથી પરસેવા લૂછતો એક કોરોધાકોર ગુજરાતી.

તો કોમ્પ્યુટરમાં એન્જિનિયરીંગ કરનારના કોમ્પ્યુટરી વિચારોને

સૂર્યદેવને કરેલા વોટ્સઅપ મેસેજરૂપે માણો..

"હે સૂર્યદેવ તમારી બ્રાઈટનેસ ઓછી કરો બહુ તકલીફ પડે છે. સૂર્ય દેવે જવાબ આપ્યો કે 'સેટીંગ'માં જાઓ ત્યાં 'ઓપ્શન' આવશે. ઝાડ વાવો એને ઉછેરો અને 'સેવ' કરો કાર્બન ડાયોક્સાઈડ ઓછો થઈ જશે અને વાતાવરણ ઠંડુ થઈ જશે અને વરસાદ થશે". કેટલી મોટી વાત કરી છે આ નાનકડા.મેસેજમાં ?

વૃક્ષ વાવવાને બદલે કાપવાનું કામ વધી ગયું છે. અને પાછી મોટી મોટી વાતો કરીએ છીએ એની વ્યથા ખંભાતના હેતલ વ્યાસ આ રીતે વર્ણવી મને વોટસ એપ કરી ... "શોધી રહ્યો આ તડકો આખું વર્ષ ઘટાટોપ છાંયડાને...અહો.... આશ્ચર્યમ છુપાયો તડકો

પાંચમી જૂને ઉજવાતા વિશ્વ પર્યાવરણ દિન ના એસી કોન્ફરન્સ હોલ માં ભડકે બળતો વગડો મરકે મરક મરક "

આવા વેદનાના વલોપાત વચ્ચે પાલનપુરના પ્રકાશ આચાર્યને વર્ષારાણીનું જલદી આગમન થશે એમ લાગી રહ્યું છે..તેઓ લખે છે..

"સુરજને કહી દો કે તારી ખુરશી જોખમમાં છે,

"આજે મેં વાદળોને ગઠબંધન કરતા જોયા છે.."

વાત વરસાદના તલસાટની એટલા માટે ચાલે છે કારણ..

કોઈએ મને પુછ્યુ : ૧૨ માંથી ૪ જાય તો શું વધે ?

" કાંઈ નહીં "

" કેમ? "મેં કહ્યુ ચાર મહિનાનું ચોમાસુ ૧૨ માસમાંથી કાઢી નાંખો તો શું વધે ? જવાબ મળ્યો ... "કાંઈ નહીં"આપણે કાંઈ નહીં પણ ઘણું બધુ વધારવાનું છે..જે મેઘ વરસે તો જ શક્ય બને..માટે અબ ના તરસાવ..મેઘા તું પાણી બરસાવ.. આપ શું માનો છો ? એ મને ' મેઘ - વર્ષા ' ૧૪, સપ્તગિરિ સોસાયટી નં ૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ , માંજલપુર, વડોદરા. ૩૯૦ ૦૧૧ અથવા.મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો તો ગમશે.

સંવેદના :

મોદીએ કરી મહત્વની જાહેરાત....

ઉનાળા બાદ હવે વરસાદ પડશે... જેને ચોમાસા તરીકે ઓળખાશે.....ભક્તોમાં છવાઈ હરખની હેલી

વાઘેલા શિલ્પા 'નવ્યા'
અમદાવાદ
મનિષ જોષી,'મૌન'
વડોદરા

જેટકીંગ પ્લેસમેન્ટમાં ગિનિસ બુકમાં સ્થાન માટેની તૈયારીમાં

કોમ્પ્યુટર-આઈટી હાર્ડવેર એન્ડ નેટવર્કીંગ ક્ષેત્રે દેશની નંબર વન ડિજિટલ સ્કીલ ઈન્સ્ટીટ્યુટ જેટકીંગ ભારતભરમાં ગત વર્ષે ૧૨ હજારથી વધુ નોકરીઓ પૂરી પાડી લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન મેળવ્યા બાદ હવે પ્લેસમેન્ટમાં ગિનિસ બુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન પામવા ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ માટે દેશની નંબર વન ઈન્સ્ટીટ્યુટ જેટકીંગે અમદાવાદ, ગુજરાત સહિત દેશભરમાં તેના નવા અભ્યાસક્રમો અને યુવાનોને રોજગારીની ખાતરી આપવા સહિતના બહુ મહત્વના આયોજન હાથ ધર્યા છે. કેન્દ્ર સરકાર નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએસડીસી) સાથે જોડાણ ધરાવતી જેટકીંગ સંસ્થા દ્વારા ઈન્ટરનેટ ઓફ થીન્કીંગ (આઈઓટી), કલાઉડ કોમ્પ્યુટીંગ, એથીકલ હેકીંગ અને બ્લોકચેઈન જેવા નવા અભ્યાસક્રમોને લઈ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી વિશ્વભરમાં હવે આ ડિમાન્ડબેઝ વિષયોને લઈ યુવાઓને રોજગારી માટે તૈયારી કરવાનું અનોખુ અભિયાન હાથ ધરાયું છે.દેશના ૨૧ થી વધુ રાજ્યોમાં ફેલાયેલી અને ભારતભરમાં ૧૦૦ થી વધુ સેન્ટરો ધરાવતી જેટકીંગ દર વર્ષે આઈટી હાર્ડવેર અને નેટવર્કીંગ ઈન્ડસ્ટ્રી ક્ષેત્રે વિદ્યાર્થીઓ તેમની કારકિર્દી બનાવી શકે અને ખાતરીપૂર્વકની રોજગારી પામી શકે તે હેતુથી ડિઝિટલ ટેકનોલોજી લગતા બેઝીક અને એડવાન્સ અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ પછી પ્રવેશ આપે છે. અમદાવદમાં સીજી રોડ અને મણિનગર સહિત ગુજરાતમાં સુરત,જૂનાગઢ અને ભરૂચ મળી પાંચ સેન્ટરો ધરાવવા સાથે જેટકીંગ આગામી વર્ષોમાં ગુજરાતમાં તેના નવા સેન્ટરો ખોલવાનું પણ આયોજન ધરાવે છે.

રોજ સવારે એક ગ્લાસ ગરમ પાણી પીવાના ફાયદા જાણીને ચોંકી જશો તમે

વિશેષજ્ઞોએ અભ્યાસમાં જણાવ્યુ કે પાણીનુ તાપમાન ૧૨૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ ન હોવુ જોઈએ. વધુ ગરમ પાણી હોવાથી મોઢાની અંદરની કોશિકાઓ અને ત્વચાની પરત ક્ષતિગ્રસ્ત થઈ શકે છે. તેમને સાત રીત બતાવી જેનાથી ગરમ પાણી પીનારાઓને જોરદાર ફાયદો મળશે.

વજન ઘટાડવામાં મદદગાર...

આ ઉપાય ડાયેટિંગનુ ટોર્ચર અને જીમની તકલીફ સહેવાથી અનેકગણુ સારુ છે. રોજ સવારે ફક્ત એક ગ્લાસ ગરમ પાણી પીને વજન ઘટાડી શકાતુ હોય તો તેનાથી સારુ બીજુ શુ હોઈ શકે છે. આ શરીર ઝેરીલા પદાર્થોને બહાર કાઢવામાં મદદ કરે છે.

સાઈનસમાં લાભકારી...

સાઈનસ એક એવી સમસ્યા છે જે ખૂબ તનાવ આપે છે. સતત માથાનો દુખાવો અને બંધ નાકને જો ફક્ત એક ગ્લાસ ગરમ પાણી રાહત અપાવી શકે છે તો પછી શુ વાત છે. આ નુસ્ખો શ્વાસ લેનારા આખા તંત્ર માટે ખૂબ મદદગાર હોય છે.

દાંતોને પહોંચાડે આરામ

સવરે ગરમ પાણી પીવાને ટેવથી શરીરના જે ભાગને રાહત મળે છે. દાંત પણ તેમાની એક છે. પણ આપણે ધ્યાન રાખવુ જોઈએ કે પાણીનુ તપામાન એટલુ હોય કે મસૂઢા અને દાંતની પરતને નુકશાન ન થાય.

અનુસંધાન પાના નં.૬ ઉપર

કિડની સંબંધિત રોગો અંગે મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ

આરોગ્ય સંહીતા

કિડનીને લગતા રોગો અંગે લોકોમાં અનેક મૂંઝવણો રહેલી હોય છે. આ રોગોને લઈને લોકોના મનમાં અનેક પ્રશ્નો ઉઠતા હોય છે અને કવારેક યોગ્ય જાણકારીના અભાવે તેમને તકલીફનો સામનો પણ કરવો પડતો હોય છે. આજે આ લેખમાં અમે કિડની સંબંધિત રોગને લઈને ઉદ્ભવતા પ્રશ્નોના જવાબ આપીશુ

- કિડનીના બધા રોગો ગંભીર હોય છે? ના, કિડનીના બધા રોગો ગંભીર હોતા નથી. વહેલું નિદાન અને યોગ્ય સારવારથી કિડનીના ઘણા રોગો સંપૂર્ણ રીતે મટી શકે છે. - કિડનીના કોઈ પણ રોગમાં સોજા આવવા તે કિડની ફેલ્યિર સૂચવે છે? ના, કિડનીના કેટલાક રોગોમાં કિડનીની કાર્યક્ષમતા સંપૂર્ણ રીતે સામાન્ય હોવા છતાં દરદીઓમાં સોજા જોવા મળે છે.દા.ત. નેફ્રોટેક સિન્ડ્રોમ. - કિડની ફેલ્યિરમાં એક કિડની બગડે કે બન્રે? બન્રે. સામાન્ય રીતે કોઈ દરદીની એક કિડની એકદમ બગડી જાય તો પણ દરદીને કોઈ તકલીફ હોતી નથી અને લોહીમાં ક્રિએટિનીનની અને યુરિયાની માત્રામાં કોઈ ફેરફાર થતો નથી. જ્યારે બન્રે કિડની બગડે ત્યારે જ લોહીની તપાસમાં ક્રિએટિનીન અને યુરિયાનું પ્રમાણ વધે છે અને કિડની ફેલ્યિરનું નિદાન થાય છે.

- શું કિડનીમાં દરદીઓને વધુ માત્રામાં પાણી લેવું જોઈએ? ના, પેશાબનું પ્રમાણ ઘટવાથી સોજો ચડવા તે કિડનીના ઘણા રોગોના મુખ્ય ચિન્હો છે. આવા દરદીઓને પાણીનું પ્રમાણ ઓછુ લેવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ પેશાબમાં રસી અથવા પથરીની તકલીફવાળા દરદીઓ પાણી લેવાની સલાહ આપવામાં આવે છે. - લોહીમાં ક્રિએટિનીનનું પ્રમાણ થોડું વધારે હોય પણ તબિયત સારી હોય તો ખાસ ચિંતા કે સારવાર કરાવવાની જરૂર નથી? લોહીમાં ક્રિએટિનીનનું પ્રમાણ થોડું પણ વધવુ તે કિડનીની કાર્યક્ષમતામાં ઘટાડો થઈ રહ્યો છે તે સૂચવે છે અને તેના માટે ખાસ કાળજીની જરૂર છે. વિવિધ રોગોને કારણે કિડની પર અસર થાય ત્યારે વહેલાસર ડોક્ટરને બતાવવું ફાયદામંદ છે. - એક વખત ડાયાલેસિસ કરાવવાથી વારંવાર ડાયાલેસિસ કરાવવું પડે છે? ના, ડાયાલેસિસ કેટલીક વખત કરાવવાની જરૂર છે. તે કિડની ફેલ્યિરના પ્રકાર પર આધારિત છે. દા.ત. એકયુટ કિડની ફેલ્યિરના દરદીઓમાં થોડા ડાયાલિસીસ બાદ કિડની ફરીથી સંપૂર્ણ રીતે કામ કરતી થઈ જાય છે અને ફરી ડાયાલિસીસ કરાવવાની જરૂર રહેતી નથી. આવા દરદીઓ ખોટી માન્યતાને કારણે ડાયાલિસિસ કરાવતા નથી અથવા વિલંબ કરે છે અને મૃત્યુ જેવી પરિસ્થિતિને ઉભી કરે છે. ક્રોનિક કિડની ફેલ્યિરમાં નિયમિત ડાયાલિસીસ, તબિયત સારી જાળવવા માટે અનિવાર્ય છે.

- કિડની ટ્રાન્સપ્લાન્ટેશનમાં સ્ત્રી અને પુરૂષ એકબીજાને કિડની આપી ન શકે? ના. સ્ત્રી અને પુરૂષ એકબીજાને કિડની આપી શકે છે. - હવે મારૂ લોહીનું દબાણ (બીપી) સામાન્ય છે તેથી હવે મારે દવા લેવાની જરૂર નથી. મને તકલીફ નથી તો મારે શા માટે દવા લેવી? દરદીઓને લોહીના ઊંચા દબાણને કારણે લાંબે ગાળે કિડની, હૃદય, મગજ વગેરે પર ગંભીર અસર થઈ શકે છે. આથી કોઈપણ તકલીફ ન હોય તેમ છતાં બીપીના દરદીઓને આ આડઅસરોને અટકાવવા કાયમી દવા લેવી જોઈએ. ડો. દીપક. બી. પરમાર, એમ.ડી. (હોમ) મો.ન. ૯૯૨૫૧૪૧૩૭૭

આ ૪ ઉપાયોથી માથાના દુઃખાવાથી મેળવો છુટકારો

આ ભાગદોડ ભરેલી જીંદગીમાં કામનો તનાવ વધવાને કારણે લોકોને માથાના દુખાવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અનેક લોકો તેનાથી રાહત મેળવવા માટે પેનકિલરનો સહારો લે છે પણ આ આરોગ્ય પર ખૂબ ખરાબ અસર નાખે છે. આવામાં તમે આ ઘરેલુ ઉપાયોને અપનાવી શકો છો.

૧. તજ - તેને વાટીને તેનો પાવડર બનાવી લો અને તેમા થોડુ પાણી મિક્સ કરી પેસ્ટ તૈયાર કરી લો. પછી આ પેસ્ટને માથા પર ૩૦ મિનિટ લગાવો અને પછી કુણા પાણીથી ધોઈ લો.

૨. ચમેલીના ફૂલની ચા - આ માથાના દુખાવામાં ખૂબ જ લાભકારી છે. ૧ કપ ફૂલની ચા બનાવીને પી લો ચાહો તો તેમા સ્વાદ માટે મધનો પણ ઉપયોગ કરી શકો છો.

૩. લવિંગ - લોઢીક લવિંગને વાટીને એક સ્વચ્છ કપડામાં બાંધીને સૂંઘવાથી માથાના દુઃખાવામી છુટકારો મળે છે.

૪. આદુ - આદુ અને લીંબૂનો રસ સમાન માત્રામાં મળ્યો કરી તેનુ સેવન કરો. ચાહો તો આદુવાળી કેંડીનુ પણ સેવન કરી શકો છો.

બેથી વધુ બાળકો પેદા કરનારી મહિલાઓને હાર્ટ-એટેકનો ખતરો ૩૦ ટકા વધુ

મહિલાએ કેટલા સંતાન પેદા કર્યા છે. એના આધારે તેના પર હાર્ટ-એટેકનું જોખમ કેટલુ છે એ પણ કહી શકાય છે એવું બ્રિટનના નિષ્ણાંતોનું કહેવું છે. અભ્યાસકર્તાઓની વાત માનીએ તો જે મહિલાઓએ બે કે તેથી વધુ બાળકોને જન્મ આપ્યો હોય તેમને ભવિષ્યમાં હાર્ટ-એટેક આવવાની સંભાવના અન્ય મહિલાઓ કરતાં ૪૦ ટકા જેટલી વધી જાય છે. યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજના વૈજ્ઞાનિકોએ કરેલા અભ્યાસમાં જણાવાયું છે કે પાંચ કે એથી વધુ બાળકોની ડિલીવરી થઈ હોય એવી મહિલાઓ પર હાર્ટના રોગોનું રિસ્ક સૌથી વધુ ૪૦ ટકા જેટલું હોય છે. એવું જોવા મળ્યું છે કે મહિલા પ્રેગનન્ટ થાય ત્યારે નવ મહિના દરમ્યાન હાર્ટને વધુ કામ કરવું પડે છે. જ્યારે બાળકની ડીલીવરી થવાની હોય ત્યારે પણ હૃદય પર ખુબ લોડ આવે છે. વાત માત્ર પ્રેગનન્સી અને ડિલીવરીના સમય સુધીજ સીમિત નથી.

વધુ બાળકો ધરાવતી મહિલાઓને સામાજિક અને પારિવારીક જવાબદારીઓ પણ વધુ ઉઠાવવી પડતી હોવાથી તેઓ પોતાના શરરી પ્રત્યે બિલકુલ ધ્યાન નથી આપી શકતી. બેથી વધુ બાળકો ધરાવતી મમ્મીઓને હૃદયરોગનો હુમલો આવે એનું જોખમ ૩૦ ટકા જેટલું હોય છે. એ ઉપરાંત સ્ટ્રોક અને હાર્ટ-ફેલ્યરની સંભાવના પણ ૧૭ ટકા જેટલી વધે છે. મહિલાઓ પરના આ ખતરાનું નિવારણ બ્રેસ્ટ-ફિડીંગથી થઈ શકે છે. એવું થોડાક સમય પહેલાં મેન્ચેસ્ટરમાં થયેલા અભ્યાસમાં કનિર્ષ લાકિમ તારવાયું હતું.

સાંધાનો દુઃખાવો દૂધ, કેળાંથી મટે ?

આયુર્વેદનું અમૃત — **વૈદ્ય મહેશ અખાણી**

બાળપણમાં શરદી - કફ થાય, યુવાનીમાં ખીલને ગરમી થાય અને ઘડપણમાં સાંધાના દર્દો ને "વા" વાયુના રોગો જેવા કે મધુમેહ, અનિદ્રા, માનસિક રોગો, ગંઝણ, લકવો, હાઈ બી.પી, હૃદય રોગો થાય પરંતુ આ બધી જૂના જમાનાની વાતો થઈ આજનો બાળક મેગી, ચોકલેટ, આઈસ્ક્રીમ ખાઈને ટી.વી સામે બેસી રહેને દડા જેવું શરીર બનાવે છે. યુવાન પણ આઠ વાગે ઉઠતોને ઝટપટ તૈયાર થઈને સ્કુલ, ટ્યુશન કે ક્રમાવા ભાગતોને ટેન્શનમાં દિવસ- રાત વિતાવતો તે અકાળે ઘરડો થઈ જતો જોવા મળેછે. જો બાળકને યુવાન આવા આળસુ બની જાય તો આ દેશની આવતીકાલ ઘરડી જ હશે.

શું થયું માજીને ? શું થયું દાદાને ? .... આ શબ્દો જૂના થઈ જશે. ૨૫ વર્ષના યુવાન- યુવતી પણ ઘડપણના રોગો- સાંધાના દુખાવના દર્દથી દુઃખી જોવા મળશે. અને પછી તો એવું ભવિષ્યમાં કહેવાશે કે જે યુવાન કે બાળક ને સાંધાનું દર્દ કે ઘડપણ રોગોના હોય તેને એવોર્ડ આપવો. શું આવું ભવિષ્ય જોવું છે આપણે ? ... આવું ભવિષ્ય, આવો મારો માયકાગલો ભારતના જોવો હોય તો .... નિયમિત વ્યાયામ કે સૂર્ય નમસ્કારને વેદ- વિચારોનો અભ્યાસ- સ્વાધ્યાયની પ્રત્યેકને ટેવ પડવી જ જોઈએ.

હા મારે આજે અહી વાત કરવી છે દૂધને કેળા ખાવાથી સાંધાનો દુઃખાવો મટે છે તેવી જે આપણી માન્યતા છે તે ખોટી છે. કારણકે આપણે તેવું માનીએ છીએ કે સાંધા માટે જરૂરી કેલ્શિયમ છે ને દૂધ-કેળાથી તે વધે છે. પરંતુ "તેથી તે સારું છે. આ સમજણ ખોટી છે.

આયુર્વેદની દ્રષ્ટીએ અને આજની જીવન પદ્ધતિને કારણે અગ્નિ, આમદોષને રક્તદોષ નો પ્રથમ ને પછી વાયુ નો સાંધાના દર્દો માટે વિચાર કરવો જોઈએ. સાંધા દુઃખે એટલે (૧) હાડકાંનો ઘસારો છે તેવું માનવું અને (૨) તે ઘસારાની પૂર્તિ માટે કેલ્શિયમ – દૂધને કેળા ખાવા .... આ બંને બાબત ભુલ-ભરેલી છે, અર્ધ સત્ય છે.

જેમનું વજન વધુ હોય, વ્યાયામનો અભાવ હોય, ભારે- ભરપેટ ખોરાક ખવાતો હોય તેમને હાડકાનો ઘસારો નહિ પણ આમદોષની જમાવટ હોય. તમે ઘસારો માનશો તો દૂધ, કેળા ખાવાનાને સાંધા બદલવાના વિચારો કરવા પડે. પરંતુ તમે ત્યાં આમદોષ એટલેકે આમવાત વિચારશો તો.... માત્ર આમનું પાચન કરી દો પછી માત્ર વાયુના શમન માટે દૂધ, કેળાને બસ્તિ કે વાતશમન ના ઔષધો નો ઉપયોગ કરશો.. તો રોગમુક્ત થશો.

આમદોષ એટલે ખાધેલો ખોરાક પચે નહિ તેથી કાચો રસ બને, આ કાચોરસ એ જ આમદોષ. આ આમદોષની સાથે વાયુ, પિત્ત કે કફ ભળે અને તેની સાંધામાં જમાવટ થાય તેને આમવાત કહેવાય.સાષત મહેનત કરવા વાળા સિવાયના અન્ય કોઈને પણ આપણી ખાઓ-પીઓ ને મજા કરો, આરામ કરોની જીવન પદ્ધતિ ના કારણે જોવા મળતા સાંધાના દુખાવામાં મુખ્યતઃ આમવાત જ જોવા મળેછે. જેના શરીરના સ્થાન, વક્ષણો ના આધારે જુદા- જુદા નામ પાડવામાં આવેછે. આવા રોગોમાં કવારેક દર્દી, દુઃખાવો દૂર કરનારી બ્રુફેન જેવી દવાઓ વધુ દિવસો સુધી ખાયછે કે દર્દીને ખવડાવવામાં આવેછે ત્યારે તેને કીડની ફેઈલ્યોર અચુક થાયછે.

આમવાત માં આમદોષ નું પાચન કરવાને લોહીને શુદ્ધ કરવા માટે લંઘન, ચૂંઢ, દિવેલ, એરંડાના મૂળ, હરડે, અજમો, ગોમૂત્ર, ગળો, ગુગલ જેવાં અનેક ઔષધોનો ઉપયોગ વૈદ્યના માર્ગદર્શન થી કરવો જોઈએ. અન્યથા વિષિવત પંચકર્મ પદ્ધતિ થી વિરેચન કર્મ કરાવવાથી આમ નંગ પાચનને લોહી શુદ્ધ કરાવીને પછી અનુવાશન અને નિરૂહ બસ્તિનો કોર્ષ કરાવવાથી વાયુનું શમન થાય એટલે રોગમુક્ત થવાય.

આમવાતના દર્દીને માટે ભાવપ્રકાશ ગ્રંથમાં સરસ ઘરેલું ઉપાય આપ્યા છે જે કેમીલી વૈદ્ય ને પૂછીને કરી શકાય. (૧) સુંઢના ઉકાળામાં દીવેલ ઉમેરીને દરરોજ પીવો. (૨) નગોડ, સુંઢ ને લસણ નો ઉકાળો બનાવીને પીવો.

આ લેખ લખતી વખતે મારી ઠીકરી વૈદ્ય અપર્ણા અખાણી/ નંદાણી કે જે M.S.ayurved છે તેણે એક નાનકડું કાવ્ય લખી ને આપ્યું છે...

આહ, નીકળી જાય જો ઉઠતાં જ પ્રભાતે.
ભાઈ, ચતુર એને જાણજે આમવાત તું.
ભૂખ્યો રહી સૂંઢ ને હરડે ખાઈશ જો રોજે
ને ગરમ રેતી ના શેકે સોજો ય ઉતારજે .
પણ જો બોલે કરરર કરરર ઢીંચણીયા...
ઘી- દૂધ થી પોષજે તો એ સૂકા તન ને,
તેલ- માલીશ કરી ને પછી શેક મટાડે દુખડા
દોડતો થાય આવી રીતે માનવી એ જાણજો

વૈદ્ય મહેશ અખાણી
વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)
મો.૯૪૨૬૩૯૯૧૨૫

ચોમાસામાં ડેન્ગ્યુથી રહેજો સાવધાન

હિમોથેરાપી

ચોમાસુ બીમારીઓની ઋતુ પણ કહેવાય છે. વરસાદને કારણે ઘરની આસપાસ અને પાણી જમા થાય છે જેને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે. ડેન્ગ્યુ એક પ્રકારના મચ્છર કરડવાને કારણે થાય છે તેથી આ ખતરનાક તાવથી રક્ષણ માટે તમારે ખાસ તકેદારી રાખવાની આવશ્યકતા છે

લાંબી રાહ જોવડાવ્યા બાદ અંતે મેઘરાજાની મહેર થઈ ખરી. લોકોને કાળઝાળ ગરમીની રાહત મળી ગઈ છે. ચોમાસાની સિઝન આમ તો અત્યંત આહલાદક અને ખુશનુમા સિઝન હોય છે. જોકે આ ઋતુ પોતાની સાથે કેટલીક બીમારીઓ પણ લાવતી હોય છે. ચોમાસામાં કેટલીક બાબતોની, ખાસ કરીને ખાવા-પીવાની તેમજ આરોગ્યને લગતી તકેદારી રાખવી જરૂરી છે. તો સાફસફાઈ પણ આ ઋતુમાં ખાસ જરૂરી બની જાય છે. છેલ્લા કેટલાક વર્ષોની આપણે ત્યાં ડેન્ગ્યુની બીમારીએ જોરદાર રીતે માઝુ ઉચક્યું છે. આ બીમારી ગંભીર છે કારણ કે અત્યાર સુધી તેની કોઈ દવા શોધી શકાઈ નથી. કોઈ એવી રસી પણ બનાવી શકાઈ નથી કે તેનાથી બચી શકાય. ડેન્ગ્યુનો આતંક એટલો બધો વધતો જાય છ ે કે આનાથી બચવાની યોજના કરવી પડે તેમ છે. ચોમાસામાં આ બીમારી માથું ઉંચકતી હોય છે.

ડેન્ગ્યુથી બચવાનો સૌથી પહેલો રસ્તો એ છે કે તમે ડેન્ગ્યુથી બચવાના ઉપાય કરો. ડેન્ગ્યુની બીમારીના લક્ષણો જાણો અને તે બીજાને કહો. આપણે જાતે જ બચવાના ઉપાયો કરી તેનાથી ચુરિશત રહી શકીએ છીએ. ડેન્ગ્યુ એક વાયરસનો તાવ છે જે માદા એન્ડીઝ મચ્છર કરડવાથી થાય છે. આ તાવની શરૂઆત સામાન્ય તાવની જેમ જ થાય છે. કયો તાવ ડેન્ગ્યુનો તાવ છે તે શોધવા માટે ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટ કર્યા પછી જ ખબર પડે કે કયો તાવ છે. ડેન્ગ્યુ આ તાવમાં દર્દીના શરીરમાં લોહીના પ્લેટલેટ્સ એટલે કે રક્તકણો ઓછા થવા માંડે છે. જેને કારણે લોહી પાતળું થઈ જાય છે અને શરીરમાં કોઈ પણ ભાગમાંથી લોહી નીકળવાનું શરૂ થઈ જાય છે. જે પાછળથી જાન લેવા હુમલો પણ કરી શકે છે. ડેન્ગ્યુમાં તાવના લક્ષણો - ડેન્ગ્યુ મચ્છર કરડતા શરીરમાં તાવ આવવાની શરૂઆત થાય છે. શરીરમાં ખૂબ જ દુઃખાવો રહે છે. દુઃખાવો શરીરના સાંધાઓમાંથી શરૂ થાય છે. શરીરની માંસપેશીઓમાં પણ દુઃખાવો રહે છે. - માથાની પાછળના ભાગમાં અસહ્ય દુખાવો થાય છે. જ્યારે ડેન્ગ્યુનો તાવ શરીરમાં ત્રણ-ચાર દિવસ સુધી રહે તો શરીર ઉપર દાણા જેવી ફોલ્લી અને ચાંઠો પડી જય છે. આ તાવ ચેપી હોતો નથી જેમ કે એકબીજાને અડવાથી આ રોગ થઈ શકે નહી. આ રોગ મચ્છર કરડવાને કારણે જ થાય છે. ડેન્ગ્યુના સામાન્ય ઉપાય - સામાન્ય રીતે જ્યારે આપણને તાવ આવે છે તો પહેલા સામાન્ય દવા ખાઈએ છીએ. ડેન્ગ્યુનો તાવ હોય તો આપણે આ દવા ખાઈ શકતાં નથી. તેનાથી શરીરમાં નુકસાન થાય છે. સામાન્ય તાવની દવા લેવાથી શરીરની રક્તવાહિનીઓ ઓછી થવા માંડે છે. એટલા માટે તાવ ઉતારવા માટે પેરાસિટામોલ દવા ખાવી જરૂરી છે. - દર્દીને હવા-ઉજાસવાળો અને ચોખ્ખો રૂમ આપવો જોઈએ. પોષણયુક્ત ખોરાક આપો જેનાથી લોહી બની શકે. - સામાન્ય વ્યક્તિના શરીરમાં ૪૦ હજારથી લઈને ૩ લાખ પ્લેટલેટ્સ કચુબિકની વચ્ચે હોવી જોઈએ. શરીરમાં બહારથી જે પ્લેટલેટ્સ આપવામાં આવે છે તે ત્યાં સુધી કાર્યરત નથી થતાં કે જ્યાં સુધી શરીરમાં જાતે જ પ્લેટલેટ્સ પોતાની જાતે બનવા લાગે. ડેન્ગ્યુના દરેક તાવ ખતરનાક હોતો નથી. ખતરનાક ડેન્ગ્યુ તાવને હિમોરેજિક ફીવર એટલે કે ડીએસએફ કહેવામાં આવે છે. ડેન્ગ્યુથી બચવા શું કરશો

- મચ્છર કરડવાથી બચવું એ તેનો પહેલો ઉપાય છે. તમારા ઘરની આસપાસ ગંદકી અને પાણી ભરાવા દેશો નહીં. મચ્છર ગંદકીને કારણે જ વધારે ફેલાય છે. જે વિસ્તારમાં ડેન્ગ્યુનો તાવ આવતો હોય તેવી જગ્યાએ બાળકોને આખી બાંયના કપડાં પહેરાવો. બાળકોને પગના મોજા જરૂર પહેરાવો. શરીરના લોહીમાંથી એક યુનિટ જેટલા પ્લેટલેટ્સ બહાર નીકળી જાય છે. જ્યાં સુધી શરીર જાતે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

પૃથ્વી ઉપરનું અમૃતમ એટલે'' દૂધ''

મન બિલોરી કાય

દૂધ એ અમૃત છે અને કુદરતની મહામૂલી ભેટ છે. તેના ઉપર ક્યારેય શંકા-કુશંકા કરશો નહી અને ભ્રામક પ્રચાર કરનારની વાતોમાં આવશો નહી

માનવીનો મુખ્ય ખોરાક હવે દૂધનો છે. સવાર, બપોર, સાંજ દૂધ અને તેની બનાવટોનો ભરપૂર ઉપયોગ થાય છે ત્યારે હાલમાં મળતા દૂધની બાબતો જાણવી જરૂરી છે. સમુદ્રમંથનની વાત આપણે જાણીએ છીએ. તેમાં જે અમૃત મળેલ તે કદાચ આ દૂધ હશે કારણ કે દૂધ સ્વાદિષ્ટ છે, સંપૂર્ણ આહાર છે અને તે કુદરતની અણમોલ ભેટ છે. વૈજ્ઞાનિકોના અથાગ પ્રયત્નો છતાં કુદરતે આપેલ દૂધ અને લોહી બનાવી શકવા નથી. પૃથ્વી ઉપર પ્રથમ શ્વાસ લેતા પહેલા તેમનો અમૃત જેવો ખોરાક દૂધ કુદરત તૈયાર રાખે છે. વળી અબોલ જીવોને કોઈ બતાવનાર ન હોવા છતાં કુદરત બચ્ચાને આંચળ તરફ લઈ જવાની પ્રેરણા આપે છે. આ કુદરતની કમાલ છે. માતા કદી પણ બચ્ચાનું અહિત કરતી નથી. માટે જ કુદરતે અમૃત જેવું દૂધ આપ્યું છે. ઉદરથી માંડીને વ્હેલ માછલી સુધી દરેકનું દૂધ સારૂ જ છે. તેમાં ભેદ જોવા તે યોગ્ય નથી. હમણા હમણા દૂધની બાબતે બિનજરૂરી વાતો થાય છે તેના સ્પષ્ટીકરણ માટે આ લેખ ઉપયોગી થશે.

દૂધમાં કુદરતની વિવિધતા કુદરતે જરૂરિયાત મુજબ માતાના દૂધમાં ફેરફાર કરેલ છે. જેમ કે વ્હેલ માછલી મહાકાય છે, તો તેમના બચ્ચા પણ મહાકાય હોય તેમનો ખોરાક વધારે હોય તે માટે બચ્ચુ ભૂખ્યુ ન રહે તેથી તેમના દૂધમાં કુદરતે ૪૦ ટકા ફેટનું આયોજન કરી આપ્યું છે. આ જ રીતે હાથીનું બચ્ચુ મોટું હોવાથી તેમના ખોરાક માટે દૂધમાં ૨૦ ટકા ફેટ આપી છે. વળી જાફરાદબાદી ભેંસનું બચ્ચુ મોટું અને સિંહ સામે ઝઝૂમનાર હોવાથી તેમના દૂધમાં ૧૦ ટકા ફેટ કુદરતે આપી છે. તો બીજી તરફ મહેસાણી અને સુરતી ભેંસના બચ્ચા નાના હોય તેમના દૂધમાં ૭ ટકા ફેટ આપી છે. એ જ રીતે માનવજાતનું સંતાન ખૂબ જ નાનું હોય અને તેમની બુદ્ધિનો વધુ વકાસ કરવા માટે માતાના દૂધમાં ૩ ટકા ફેટ આપેલી છે તથા મગજના વિકાસમાં જરૂરી એવા લેકટોઝ ખાંડ તમામ દૂધો કરતાં માનવ માતાના દૂધમાં ૬.૮ ટકા લેકટોઝ આપેલ છે જે તમામ જાતિના દૂધ કરતાં વધારે છે, કારણ કે આ દુનિયાના નિયંત્રણ અને રક્ષણની જવાબદારી માણસની છે. માનવમાં વધુને વધુ બુદ્ધિ આવે તે માટે માતાના દૂધમાં મગજના વિકાસમાં ઉપયોગી એવી લેકટોઝ ખાંડનું પ્રમાણ તમામ દૂધ કરતાં વધુ રાખેલ છે. કુદરતે આ બાબતે ખૂબ સમજી વિચારીને દૂધ બનાવેલું છે. માતા હેતથી પોતાના બચ્ચાને ખોરાક આપે તે કદી ખરાબ હોતો નથી માટે તમામ દૂધ ગુણવત્તાયુક્ત અને આરોગી શકાય તેવા જ છે.

કેવું દૂધ પીવું? જૂના જમાનામાં રબારી ભરવાડ ભાઈઓ જાનવર ચરાવવા જાય ત્યારે બપોરના ભોજન સમયે પાલતુ ગાય કે બકરીની બાજુમાં બેસીને રોટલા સાથે આંચળમાંથી સીધુ દૂધ પીતા જેના કારણે તેમના શરીર તંદુરસ્ત અને ખડતલ રહેતા. કાઠિયાવાડ અને મહેસાણા વિસ્તારમાં ખેડૂત કુટુંબો પોતાની જાણીતી ગાય કે ભેંસને દોહીને દૂધને સીધુ વાળુ કરવા માટે વાપરતા. જો દૂધને ગરમ કર્યા વગર વાપરવામાં આવે તો તેમાના જૈવિક તત્ત્વો **અનુસંધાન પાના નં.૬ ઉપર**

અહંકાર, આનંદ અને ઉત્સવ

માનસ — **ડૉ. પ્રવીણ પટેલ**

ગતાંકથી ચાલુ

ઈ.પૂ.૩૨૧ માં ભારતમાં ચંદ્રગુપ મૌર્ય મગધનો રાજા થયો હતો. તેના શાસનમાં લોકો ઘરોને તાળાં માર્યા સિવાય રાત્રે ઉંઘી શકતા હતા.ઈ.પૂ.૨૨૭ માં મગધમાં પડેલા ભીષણ દુકાળમાં પ્રજાને અઢ્રજળ વિના મરતી જોઈને પ્રજા પ્રત્યેના પ્રેમથી તરબોળ હૈયું ધરાવતા ચંદ્રગુપ્તે પણ અઢ્ર જળનો ત્યાગ કરી દીધો અને પ્રજા પ્રેમી રાજાનું મૃત્યુ થયું ! પ્રજા પ્રત્યે પ્રેમ, માનવતા અને નિષ્ઠા ધરાવતા ચંદ્રગુપ્તના વ્યક્તિત્વમાં અહંકાર નહોતો. પ્રજા માટે તેણે આનંદથી દેહત્યાગ કરી દીધો. ઈ.પૂ.૩૪૦ માં જન્મેલા સમ્રાટ અશોક જીવનના ઉત્તરાર્ધમાં અહિંસા, જનસેવા અને પ્રેમનો મહાન પ્રચારક થઈ ગયો હતો. અહંકારની ન્યુનતા પ્રેમ અને આનંદના બીજને માનવ હૃદયમાં સ્ફુટ થઈને પાંગરવા દે છે, એ હકીકત છે..

પૃથ્વી પર કાચબા ૩૦૦ થી ૪૦૦ વર્ષ જીવે છે, તેમની સરખામણીમાં માણસ લગભગ ૬૦, ૭૦ કે ૧૦૦ વર્ષ જીવે છે.. અને આ અનંત.. ખર્વો.. અબજોના.. અબજો..અગણ્ય કાળની સરખામણીમાં આપણું જીવન માત્ર ક્ષણ બે ક્ષણનું જ ગણાય.. મનુષ્ય એ પરમાત્માની શ્રેષ્ઠ કૃતિ છે, કારણ કે તેને દીર્ઘ વિચાર શક્તિ, બુધ્ધિ અને સંવેદનાને સમજી શકે તેવું હૃદય આપ્યું છે ! આપણા જીવનનો કોઈ વિશેષ હેતુ ન હોત તો પરમાત્માએ આપણને લાગણી, બુધ્ધિ, સમજશક્તિને આપીને પશુપક્ષીના બદલે મનુષ્ય યોનિમાં જન્મ જ ન આપ્યો હોત !

આપણે જ્યાં પણ છીએ જે પણ પરિસ્થિતિમાં છીએ જે પણ કંઈ આપણી પાસે છે જેમની પણ વચ્ચે રહીએ છીએ બસ પ્રતિ પળ આનંદમાં જીવીએ..આ જ એક માત્ર મનુષ્યના જીવનનો એકમેવ હેતુ છે. આનંદમાં અહર્નિશ રહેવું, પ્રતિબળ પ્રસન્નતામાં રહેવું, એ જ આપણા આત્માનો સ્વભાવ છે. એટલે જ્યારે આનંદમાં રહેવાની કલા હસ્તગત થઈ જાય છે ત્યારે આપણે આત્મા સાથે, ચેતના સાથે સજગ સમાન થઈ જીવીએ છીએ તેમ કહી શકાય અને એ જ પરમ તત્વ સાથે આપણું એકત્વ સધાતાં આપણો 'હું વીલીન થઈ જાય છે' આપણું નાનકડા શરીરમાં સમાયેલું અસ્તિત્વ પરમાત્માના વિરાટ,સીમાતીત, અકલ્પનીય, **અનુસંધાન પાના નં.૬ ઉપર**

અજમાના ૧૪ ફાયદા - સવારે ખાલી પેટ અજમાનું પાણી પીવો, ડાયાબિટીસથી બચી જશો

આરોગ્ય

અજમાને સામાન્ય રીતે ઘરમાં મસાલાના રૂપમાં વાપરવામાં આવે છે. પણ તેમા રહેલ કેલ્શિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ, આયોડીન, કેરોટિન જેવા તત્વ આપણને અનેક હેલ્થ બેનિફિટ્સ આપે છે. જો રેગ્યુલર સવારે અડધી ચમચી અજમાને ઉકાળીને પીશો તો અનેક પ્રકારની હેલ્થ પ્રોબ્લમ્સને ઓછી કરી શકાય છે. આયુર્વેદ એક્સપર્ટના મુજબ તેના ૧૪ ફાયદા છે... જાણો અજમાના ૧૪ ફાયદા વિશે..

- તેને રેગ્યુલર પીવાથી હાર્ટ ડિસીજનો ખતરો ટળે છે.
- તેનાથી દાંતોનો દુઃખાવો અને મોઢાની દુર્ગંધની સમસ્યા દૂર થાય છે.
- આ પેટ સાથે સંકળાયેલી બીમારીઓ દૂર કરે છે અને કબજીયાતમાં આરામ આપે છે.
- આ કિડની સ્ટોન અને દુઃખાવાથી રાહત આપે છે.
- સવારે ખાલી પેટ અજમાનું પાણી પીવો, ડાયાબિટીસથી બચી જશો
- આ ખાવાનું જલ્દી પચાવવામાં મદદ કર છે.
- આ શરીરનું મેટાબોલિજ્મ વધારીને વજન ઘટાડવામાં મદદ કરે છે.
- આ દિવસમાં ૨ વાર પીવાથી ડાયેરિયાની પ્રોબ્લેમ દૂર થાય છે.
- આ ઈનડાયજેશનની પ્રોબ્લેમ દૂર કરીને એસીડીટીથી રાહત અપાવે છે.
- આ શરદી અને કફની પ્રોબ્લેમ દૂર કરે છે અસ્થમાનો ખતરો ટાળી શકે છે.
- તેમા એક ચપટી સંચળ નાખીને મિક્સ કરીને પીવાથી ખાંસી દૂર થાય છે.
- એક કપ અજમાનુ પાણી પીવાથી માથાના દુખાવામાં રાહત મળે છે.
- પેટમાં કૃમિ થાય તો અજમાના પાણીમાં એક ચપટી સંચળ નાખીને પીવો. પેટના કીડા ખતમ થઈ જશે.
- આને રોજ સુતા પહેલા એક કપ પીવાથી ઉંઘ સારી આવશે.

હિપ્રોથેરાપી

અનુસંધાન ૫ નુ ચાલુ..

પ્લેટલેટ્સ બનાવવાનું ચાલુ કરતું નથી ત્યાં સુધી બહારથી આપવામાં આવે છે. ડેન્ગ્યુ તાવને માપવા માટે એક કિટનો ઉપયોગ થાય છે જે ૫૦૦થી ૮૦૦ રૂપિયા સુધીની આવે છે. બાળકો અને ટીનેજરને આ તાવ જલદી પકડી લેતો હોય છે. ડેન્ગ્યુ ફેલાવનાર મચ્છર મહિલાઓને મુકાબલે પુરૂષોને વધારે કરડે છે તેથી પુરૂષોને વધારો ખતરો છે. ડેન્ગ્યુનો તાવ ત્રણ લેવલમાં આવે છે. પહેલા લેવલમાં તાવ આવે છે. બીજા લેવલમાં ચામડી પર અસર થવા લાગે છે. અને ત્રીજા લેવલમાં શરીરમાંથી લોહી વહેલા લાગે છે. લોહી શરીરમાંથી ગમે તે જગ્યાએથી નીકળી શકે છે. તેથી જ જ્યારે પણ તમને તાવ આવે ત્યારે ટેસ્ટ કરાવવો જરૂરી બને છે. કારણ કે શરૂઆતમાં તમને ખબર નહીં પડે કે આ કયો તાવ છે જ્યારે પાછળથી ટેસ્ટ કરાવો ત્યારે ડેન્ગ્યુનો તાવ છે તેની ખબર પડે છે. આ રોગ મચ્છર કરડે તેનાથી ફેલાતો રોગ હોવાથી ઘરમાં અને બહાર નકામો કચરો, પાણી અને ગંદકી કરવી ના જોઈએ. ગંદકી હશે તો મચ્છર પણ ત્યાં રહેશે અને બીમારી ફેલાશે.

મન બિલોરી કાચ

અનુસંધાન ૫ નુ ચાલુ...

નાશ પામતા નથી અને દૂધનું પ્રોટીન ડીનેચર્ડ થતું નથી. હાલના યુગમાં આપણી જાણીતી ગાય કે ભેંસ નથી કારણકે ગામડાના કોઈપણ જાનવરનું દૂધ આવવાથી તે ગરમ કરવામાં આવે છે. સાથે સાથે તે લાંબા સમય રાખી શકાય તે માટે ગરમ કરવામાં આવે છે. દૂધ પીતા હૈ ઈન્ડિયાનું દૂધ પણ ગરમ કરી ઠંડુ કરીને જ પેકિંગ કરવામાં આવે છે. આ દૂધ આપણે ઘેર લાવીને પાછુ ગરમ કરીએ છીએ જેથી તેના જૈવિક તત્ત્વો મહદ અંશે નાશ પામે છે. આ દૂધ એક વાર ગરમ કરેલ છે અને ગુણવત્તાન ખાતરી આપે છે ત્યારે તે સીધુ ઉપયોગમાં લેવું વધુ હિતાવહ છે. બજારૂ દૂધની કહાની દૂધના ધંધામાં જોડાયેલા તમામ વર્ગોમાં કોઈ પણ જ્ઞાતિના ભાઈઓ સેવા આપવામાં ઉત્તમ છે, પરંતુ દૂધની ગુણવત્તા સામે ખતરો છે. આ દૂધ રામભરોસે પેકિંગ વગર આપવામાં આવે છે. તેમાં પાણી જેવી પવિત્ર વસ્તુ તે ધારે તેટલી નાખી શકે છે. સહકારી ડેરીઓનું દૂધનું પેકિંગ ખોલીને પાણી ભેળવીને પણ આપી શકે છે. મોટાભાગે તેમની ગાયો બજારમાં ફરતી હોય તો તે શું ન ખાય? વિજ્ઞાન કહે છે કે જેવો ખોરાક તેવું દૂધ. તેને લસણ, ડુંગળી, લીમડો આપો તો તેની ગંધ દૂધમાં આવે જ. તમે જેટલા વાસી દૂધ એસિડવાળો ખોરાક આપો તો તેના દૂધમાં ફેરફાર થવાનો છે. તમામ બજારૂ દૂધ આવું હોય તેવું નથી. ઘણા ભાઈઓ આવું કરે છે. તેમાં નિતિવાળા લોકો પણ હોય છે. છતાં આવા દૂધમાં વિશ્વાસ મૂકવો યોગ્ય નથી. આધુનિક સમયમાં દૂધની ગૌરવગાથા હમણા હમણા એ ૨ અને એ ૧ દૂધના પ્રોટીનની ચર્ચાએ વેગ પકડ્યો છે. એ ૨ દૂધ સારૂ. તે ગીર ગાયમાં હોય છે અને એ૧ દૂધ ખરાબ છે. તે જર્સી અને સંકર ગાયમાં હોય છે. આ માન્યતા ભૂલભરેલી છે અને અયોગ્ય છે. જર્સી ગાયોમાં પણ એ ૨ પ્રોટીન હોય છે અને ગીર ગાયોમાં પણ મહદઅંશે એ૧ પ્રોટીન જોવા મળે છે. દુનિયાની કોઈ પણ લેબોરેટરીનો ગુણવત્તા માટે કોઈ રિપોર્ટ નથી. જર્સી ગાયના દૂધથી કેન્સર થાય છે તે પણ ખોટી અને વાહિયાત વાત છે. ભારતમાં જે સંકર જર્સી ગાયો છે તેમાં દેશી ગાયોનું ૫૦ ટકા સુધી લોહી તો દેસીગાયોનું છે તો પણ વિરોધ શા માટે? આઝાદી પહેલા આપણને વ્યકિતદીઠ ૫૦ ગ્રામ દૂધ મળતું હતું. અત્યારે ૩૦૦ ગ્રામ દૂધ મળે છે વિઘ્ન સંતોષી લોકોએ આઝાદી સમયનો દૂધનો પુરવઠો પાછો લાવવો છે? આ દેશને પાયમાલ કરવો છે? અમેરિકી, ડેનમાર્ક, ઓસ્ટ્રેલિયા અને અન્ય વિદેશોમાં જર્સી ગાયનું દૂધ ઘડા ભરી ભરીને આરોગવામાં આવે છે. તે લોકો આપણા કરતાં બુદ્ધિજીવી છે. તેમની પાસે આધુનિક લેબોરેટરી છે છતાં તેને કોઈ ખામી ન મળી અને ભારતના કોઈ ભડવીરને સંકર ગાયોમાં અને જર્સી ગાયોના દૂધમાં ખામી જણાય છે. અગાઉ જણાવ્યા મુજબ હાલમાં મળતા દૂધમાં જે શરીરને મળે છે તે જ વધુ નાણાં ખર્ચીને કશું મળવાનું નથી. હું ભારતવાસીઓને વિનંતી કરૂ છું કે મુઠ્ઠીભર માણસો આ સમાજને ગેરમાર્ગે દોરે તો મહેરબાની કરીને દોરાશો નહીં અને આવી ભ્રામક વાતો કરનારને જણાવજો કે તમે સરકારને જણાવો કે વટહૂકમ બહાર પાડે કે જર્સી ગાયનું દૂધ બરાબર નથી. આવી ભ્રામક વાતોથી તે દેશા કરોડો બાળકોના મુખમાંથી દૂધ અટકાવવાના પ્રયાસો કરેછે. વિશેષમાં જર્સી ગાયના દૂધમાં કેરોટીનનું પ્રમાણ વધુ હોવાથી તે આંખીની રોશની માટે ઉત્તમ છે. પૂના-મુંબઈ હાઈ-વે નજીક ગોવર્ધન ડેરીના માલિક મુંબઈના ફિલ્મ કલાકારો, અનિલભાઈ અંબાણી જેવા ઉદ્યોગપતિઓ જર્સી, સંકર ગાયનું દૂધ રૂા. ૯૦ લીટરના ભાવે પુરૂ પાડે છે. તેમાં ગાયની જાતિને બદલે દૂધની ગુણવત્તા મહત્વની છે. મિત્રો આ લેખ વાંચીને એટલું તો સમજજો કે સત્ય શું છે? અને એકવાત ખાસ સમજવાની કે દૂધ એ અમૃત છે અને કુદરતની મહામૂલી ભેટ છે. તેના ઉપર ક્યારેય શંકા-કુશંકા કરશો નહીં અને ભ્રામક પ્રચાર કરનારની વાતોમાં આવશો નહીં. ડો. અંબાલાલ સવાણી મેનેજિંગ ટ્રસ્ટી, મૂકપ્રીતી સેવા ટ્રસ્ટ, આણંદ મો. ૯૮૯૮૯૨૫૮૫૦

માનસ..

અનુસંધાન ૫ નુ ચાલુ...

ઉત્સવમય અસ્તિત્વમાં એકાકાર થઈ જાય છે અને આપણો મનુષ્ય ભવ ખરેખર સાર્થક થઈ જાય છે.

પુનરપિ જનનં પુનરપિ મરણમ્
પુનરપિ જનની જઠરે શયનમ્ ।।

આમ ૮૪ લાખ ફિલ્મોમાં (જન્મ મૃત્યુના ફેરા) મજબુરીમાં, મફતમાં કામ કરવાની, અભિનય કરવાની પળોજણમાંથી આપણને કાયમી મુક્તિ મળી જાય છે.

પરંતુ આવી અણમોલ અમૃત સમાન ભવતારક વાતમાં દુનિયાના રાજકારણીઓને ભાગ્યે જ રસ પડશે. કારણ કે એ લોકો સત્તા, શોષણ, જોહુકમી રંજાડ, ભ્રષ્ટાચાર, યુદ્ધ, વિરોધ પક્ષોને પાંસરા કરવાના કડવાં કાવા પીવામાં જ મદમસ્ત છે. એ મદહોશ અહંકારના કસુંબા પાણીમાં ડુબેલા સત્તાધીશો, લાડીઓ, ગાડીઓ, જમીનજાગીરો, તગડાં બેંક બેલેન્સો (ઓફ કોર્સ વિદેશોમાં) પોતાનાં પ્રાપ્ત પદોનાં સુરક્ષાના પ્રબંધ પાછળ પોતાના જીવનને વેડફી નાખે છે. શા માટે ? એ લોકો ઈન્સ્ટન્ટ આનંદ, ભલેને પછી એ આનંદ ક્ષુલ્લક ભાદરવાના ભીંડા જેટલો અલ્પજીવી કેમ ન હોય, એમાં જ એ મસ્ત અને વ્યસ્ત રહે છે. માત્ર રાજકારણીઓ જ નહીં, પરંતુ અમીરો અને ૯૯ ટકા લોકો વ્યર્થ જ જીવન ગુજારે છે.

સદીઓથી, સત્યપૂર્ણ ધર્મ અને તેના ઉપદેશકોને ધર્મવિક્રેતાઓ અને સત્તાનશીન ઘમંડી રાજકારણીઓ મૃત્યુતુલ્ય પીડા અરે ! કયારેક તો દેહાંતદંડ પણ અપાતા આવ્યા છે.કારણ સ્પષ્ટ જ છે. 'વસુધૈવ કુટુંબકમ્' ભાવનાને વરેલા એ આત્મજ્ઞાનીઓના મુખેથી જ્યારે સમાનતા, સુખશાંતિ, આત્મ સ્વાતંત્ર્ય, નીરંતર આનંદ વર્ષાની પ્રાપ્તિની ઓજસપુર્ણ વાણીમાં સત્ય પ્રગટે છે. ત્યારે શાસકોના અત્યાચાર, અનાચાર સામે ચેતનાયુકત થયેલા જાગૃત લોકો બંડ પોકારે છે (ક્રમશઃ)

ડૉ. પ્રવિણ પટેલ

નાશ્તામાં ખાશો ઈડલી તો દિવસભર રહેશે આરામ, જાણો આવું શા માટે?

ઈડલીમાં આમ તો સાઉથ ઈંડિયન ડિશ છે પણ આજકાલ વધારેપણું લોકો નાશ્તામાં ઈડલી ખાવી પસંદ કરે છે અને આ કારણે એ બહુ લાઈટ એટલે કે હળવું ભોજન હોય છે આવો જાણી તમને જણાવીએ કે નાશ્તામાં ઈડલી ખાવાના ફાયદા વિશે.

અડદની દાળમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે. સાથે જ તેમાં પ્રોટીન અને વિટામિસ પણ હોય છે.

વાષ્પમાં રાંધવાથી ઈડલીમાં કેલોરી પણ બહુ જ ઓછી હોય છે.

ઈડલી સરળતાથી પચી પણ જાય છે અને પેટ ફૂલવાની સમસ્યા પણ નહી હોય છે.

બ્લડપ્રેશરને જોતા પણ ઈડલી ખાવી ફાયદાકારી હોય છે.

એક મધ્યમ સાઈજની ઈડલીમાં ૨ ગ્રામ ફાઈબર અને ૮ ગ્રામ કાર્બોહાઈડ્રેડ હોય છે.

એસિડિટીથી પરેશાન છો તો અપનાવો આ અસરદાર ઘરેલુ ઉપાયો

ખોટા ખાન-પાન અને ભાગદોડ ભરી જીંદગીને કારણે મોટાભાગના લોકોને એસિડીટીની સમસ્યાનો સામનો કરવો પડે છે. એસિડીટી થવાના અનેક કારણ હોઈ શકે છે જેવા કે સમય પર ન ખાવુ, મોડી રાત સુધી જાગવુ, મસાલેદાર વસ્તુનુ સેવન કરવુ વગેરે. આ સમસ્યાથી રાહત મેળવવા માટે લોકો અનેક દવાઓનો સહારો લે છે. પણ તેનો વધુ ફાયદો નથી મળતો. કેટલાક ઘરેલુ ઉપાયો અપનવીને પણ એસીડિટીને દૂર કરી શકાય છે. આજે અમે તમને એસિડિટી દૂર કરવા માટે કેટલાક અસરદર ઘરેલુ ઉપાય બતાવીશુ.

૧. કાચુ દૂધ - જે લોકોને એસિડીટીની સમસ્યા રહે છે તેમણે રોજ કાચા દૂધનુ સેવન કરવુ જોઈએ. દૂધમાં મોટી માત્રામાં કેલ્શિયમ હોય છે જે એસિડિટીની સમસ્યાને ખતમ કરે છે.

૨. તુલસી - સવાર સવારે ખાલી પેટ તુલસીના પાન ચાવવાથી એસિડીટી કંટ્રોલમાં રહે છે. તુલસીમાં એસિડિટીને ખતમ કરવાના ગુણ જોવા મળે છે. રોજ તેનુ સેવન કરવાથી થોડાક જ દિવસમાં એસિડીટીની સમસ્યા દૂર થાય છે.

૩. કેળા - કેળામાં પૌટેશિયમ અને ફાઈબર જોવા મળે છે. જે પેટમાં એસિડ બનવા દેતુ નથી. જો તમને પણ એસિડિટીની સમસ્યા રહે છે તો રોજ સવારે કેળા ખાવ.

૪. સફરજન સિરકા - ૨ મોટી ચમચી સફરજન સિરકાને ઠંડુ પાણી મિક્સ કરીને પીવો. તેનાથી પાચન ક્રિયા સારી રહે છે અને એસિડીટી થતી નથી.

૫. વરિયાળી - વરિયાળીમાં એંટી અલ્સર ગુણ હોય છે જે કબજિયાત અને એસિડીટીની સમસ્યાથી રાહત અપાવે છે. જ્યારે પણ તમને એસીડીટી લાગે તો વરિયાળી ખાઈ લો. જો તમે ચાહો તો વરિયાળીનુ પાણી પણ પી શકો છો.

૬. ફુદીનાની ચા - ફુદીનો એસીડીટીની સમસ્યા દૂર કરવા માટે કારગર ઉપાય છે. એસિડીટીથી છુટકારો મેળવવા માટે જમ્યા પછી એક કપ ફુદીનાની ચા પીવો.

૭. ઈલાયચી - ઈલાયચી ખાવાથી એસીડીટી અને કબજિયાતની સમસ્યા દૂર થાય છે. ૨ ઈલાયચી લો તેને ૧ ગ્લાસ પાણીમાં નાખીને ઉકાળી લો. જ્યારે પાણી ઠંડુ થઈ જાય તો તેને પી લો. તેને પીવાથી તરત જ એસીડીટીથી રાહત મળશે.

૮. મેથી દાણા - એસિડીટીથી છુટકારો મેળવવા માટે મેથીના દાણાનો ઉપયોગ કરો. ૧ ચમચી મેથીના દાણાને આખી રાત ૧ ગ્લાસ પાણીમાં પલાળીને મુકી દો. સવારે ઉઠીને તેને ગાળીને પીવો.

ગરમ પાણી

અનુસંધાન ૫ નુ ચાલુ..

પાચન માટે સારુ

જો તમે અવારનવાર ખરાબ પાચન કે કબજિયાતની પરેશાનીઓનો સામનો કરો છો તો આ ઉપાય તમારે માટે રામબાણ હોઈ શકે છે. ગરમ પાણી નસોને ફેલાવનારી દવાની જેમ કામ કરે છે. તેનાથી રક્ત વાહિકાઓ પહોળી થઈ જાય છે અને આંતરડાની તરફ સંચાર સારો થાય છે. તેનાથી પાચન તંત્રને મદદ મળે છે. તેનાથી શરીરમાં પાણીની જરૂરિયાત ઝડપથી પૂરી થાય છે.

શરીરમાંથી ઝેરીલા તત્વો કાઢે બહાર

ગરમ પાણીનુ સેવન શરીરનુ તાપમાન વધારે છે. તેનાથી પરસેવાની પ્રક્રિયા ઝડપી બને છે. આ સાથે જ ઝેરીલા તત્વ પણ શરીરમાંથી બહાર નીકળી જાય છે. જો તમે લીંબૂ પાણી પીવા નથી માંગતા તો ગ્રીન ટી પી શકો છો. તેની અસર પણ સમાન જ રહે છે.

દુઃખાવાથી મળે રાહત

ગરમ પાણી પીનારાઓને અનેક પ્રકારના દુખાવાથી રાહત મળે છે. ખાસ કરીને પેટ સાથે સંબંધિત દુખાવામાં. અનેકવાર સાદુ પાણી પીવાથી માંસપેશી સંકોચાય જાય છે. જેનાથી શરીરના અન્ય ભાગમાં પણ દુખાવો થવા માંડે છે. ગરમ પાણી આ પ્રકારના દુખાવામાં આરામ આપે છે.

કબજિયાતથી આરામ

કબજિયાત એક એવી સમસ્યા છે જેનાથી દરેક વયના લોકો પીડિત છે. આ યુવાવર્ગમાં વિશેષ રૂપે જોવા મળે છે. કારણ કે તેમનુ ખાનપાન ઘણુ અસંતુલિત હોય છે. કબજિયાતથી મુક્તિમાં ગરમ પાણી ખૂબ મદદરૂપ હોઈ શકે છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :......................... પતિ/પિતા :.........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

દિવાળી સુધી...

પાના નં.૧ ચાલુ

શેરબજારની સરખામણીમાં સોનામાં ફરી જંગી રોકાણ કરવાના મૂડમાં કારોબારીઓ દેખાઈ રહ્યા છે. આગામી દિવસોમાં સોનાની કિંમત રોકેટગતિથી વધી શકે છે. ડોલર સામે રૂપિયાની કિંમતમાં ઘટાડો થઇ રહ્યો છે. આ ઉપરાંત ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે હાલમાં જે પ્રકારની રાજકીય સ્થિતિ રહેલી છે તેને લઈને પણ સોનાના કારોબારીઓ નજર રાખી રહ્યા છે. સિંગાપોરમાં ૧૨મીના દિવસે ડોનાલ્ડ ટ્રમ્પ અને કિમ જોંગ વચ્ચે શિખર મંત્રણાની અસર સોના પર થશે.

પ્રધાનમંત્રી ફસલ...

પાના નં.૧ ચાલુ

મળ્યા નથી. આજે પૂર પીડિતો છેલ્લા બે વર્ષ થી પાક વીમાના નાણાં મેળવવા માટે વલખા મારી રહ્યા છે.

સરહદી બનાસકાંઠા જીલ્લામાં આવેલા બે પૂર ના કારણે જીલ્લાના ખેડૂતોની હાલત કફોડી છે. પૂર બાદ સરકાર દ્વારા જાહેર કેરલા પેકેજની સામાન્ય મદદ ખેડૂતો સુધી પોહચી. પરંતુ જે નાણાં પર તેમનો હક છે તે નાણાં તેમના સુધી પોહ્ચ્યા નથી. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત જે ખેડૂતો એ પાક ધિરાણ બેંકોમાંથી મેળવ્યું તેમના વીમા પ્રીમીયમ તે જ સમયે મુદ્દલ માંથી કાપી લેવામાં આવ્યા. પરંતુ તેનો લાભ ખેડૂતોને મળ્યો નથી. જીલ્લામાં સતત બે વર્ષે ભયાનક પૂર આવ્યું. કરોડો રૂપિયાની સંપતિ પાયમાલ થઈ. પરંતુ વીમા પેટે જે ખેડૂતો વળતર મળવું જોઈએ તે વળતર આજદિન સુધી ખેડૂતોને મળ્યું નથી. જેના કારણે જગતનો તાત છેતરાયા હોવાની અનુભૂતિ કરી રહ્યો છે. વાંરવાર ખેડૂતો સરકારી કચેરીઓ અને બેંકોના ધક્કા પાક વીમા યોજનાનો લાભ મેળવવા ખાય છે. પરંતુ આ મામલે તેમને યોગ્ય દિશા જ મળતી નથી. જેના કારણે બનાસકાંઠાના ખેડૂતો મુશ્કેલીમાં હોવાનું લક્ષ્મણભાઈ નામના ખેડૂતે જણાવ્યું હતું.

આ સમગ્ર મામલે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા વિધાનસભામાં ખેડૂતોના આ પ્રશ્ન પણ પૂછવામાં આવ્યો. આ સમગ્ર મામલે સરકાર ને જાણકારી આપી પરંતુ આજદિન સુધી આ મામલે કોઈ હકારાત્મક વલણ આવ્યું નથી. વારંવાર ખેડૂતો અને સ્થાનિક નેતાઓ આ મામલે સત્તાધારી અધિકારીઓને ફરિયાદ કરે છે. પરંતુ આજદિન સુધી તેનો કોઈ નિકાલ આવ્યો નથી. જગતના તાતના પરસેવાના નાણાં પ્રીમીયમ રૂપે બેંકો અને વીમા કંપનીઓ દ્વારા લેવાયા. પરંતુ જે નાણાં તેમને પ્રીમીયમ રૂપે લીધા છે તેનો લાભ ખેડૂતોને મળ્યો ન હોવાનો એકરાર પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલએ કર્યો હતો.

આ સમગ્ર મામલે હજુ કોઈ નક્કર કામગીરી થઇ નથી. અનેક એવા ખેડૂતો છે જે પાક વીમાના નાણાં મેળવવા માટે સરકારી કચેરીમાં પગથીયા ઘસે છે. પરંતુ પરિણામ મળતું નથી. વીમા કંપનીઓ આ સમગ્ર મામલે હજુ કોઈ નક્કર કામગીરી કરી નથી. જ્યારે જીલ્લા કલેકટર આ મામલે જે ખેડૂતોને પાક વીમાના પ્રીમીયમ કપાયા છે અને લાભ મળ્યો નથી. તે લોકોને લાભ મળે તે માટે કાર્યવાહી થશે. જો પ્રીમીયમ કાપ્યા બાદ ખેડૂતોને પાક વીમા ના નાણાં નહી મળે તો સરકારમાં રીપોર્ટ કરી આ વીમા કંપનીઓને બ્લેક લીસ્ટ કરવાની કામગીરી પણ કરવામાં આવશે તેવી ચીમકી જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ ઉચ્ચારી હતી.

બનાસકાંઠા જીલ્લામાં આવેલા બે ભયાનક પૂરના કારણે ખેડૂતોની સ્થિતિ કફોડી છે. જે નાણાં માટે તેઓ હકદાર છે તેના લાભ થી જ વંચિત છે. પ્રધાનમંત્રી ની આ ખેડૂતો માટેની કલ્યાણકારી યોજનાનો લાભ ખેડૂતોને મળ્યો નથી. ખુદ સરકારે જાહેર કર્યું છે કે બનાસકાંઠામાં આવેલા પૂરના કારણે ખેડૂતોના પાક નિષ્ફળ ગયા છે. ત્યારે વિધાનસભામાં પણ આ પ્રશ્ન રજૂઆત બાદ પણ સરકાર કેમ નિંદ્રાધીન છે તે સૌથી મોટો પ્રશ્ન છે.

જમ્મુ કાશ્મીર...

પાના નં.૧ ચાલુ

કુપવારાના કેરન સેક્ટરમાં ત્રાસવાદીઓએ ઘુસણખોરીનો મોટો પ્રયાસ કર્યો હતો. આતંકવાદીઓની હિલચાલ નિહાળ્યા બાદ સુરક્ષા દળોએ શરણાગતિ સ્વીકારી લેવા માટે ત્રાસવાદીઓને કહ્યું હતું પરંતુ ત્રાસવાદીઓએ શરણે થવાના બદલે સુરક્ષા દળો ઉપર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરતા કલાકો સુધી ચાલેલી ગોળીબારની રમઝટમાં છ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. મોટાપાયે સર્ચ ઓપરેશન અથડામણ બાદ પણ જારી રહ્યું હતું. શનિવારના દિવસે બાંદીપોરામાં ત્રાસવાદીઓ સાથે ભીષણ અથડામણ થઇ હતી. સેનાના અધિકારીઓને શનિવારે મોડી રાત્રે માહિતી મળી હતી કે, કેટલાક ત્રાસવાદીઓ વન્ય વિસ્તારમાં છુપાયેલા છે.

ખેડૂત સમર્થનમાં...

પાના નં.૧ ચાલુ

કૃષિલક્ષી નીતિનો અમલ કરવામાં રાજય સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે. ભાજપને જો ખરેખર જ ખેડૂતોની ચિંતા હોય તો, કોંગ્રેસની યુપીએ સરકારે જેમ ખેડૂતોના દેવા માફ કર્યા હતા તે જ રીતે કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારે ખેડૂતોના દેવા માફ કરવા જોઇએ. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડો.મનીષ દોશી સહિતના આગેવાનોએ પણ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભાજપની આંધળી, બહેરી અને મૂંગી સરકારને જગાડવા અને રાજયના ખેડૂતોને ન્યાય અપાવવા કોંગ્રેસ ખેડૂતોના સમર્થનમાં રસ્તા પર ઉતરી આવી છે. ભાજપ સરકારની કૃષિવિરોધી અને ખેડૂત વિરોધી નીતિઓના કારણે આજે રાજયમાં ખેડૂતોની આત્મહત્યાના બનાવો દિન પ્રતિદિન સતત વધી રહ્યા છે તેમછતાં સરકારના પેટનું પાણી હાલતું નથી તે આઘાતજનક અને શરમજનક વાત છે.

વડગામમાં વરીષ્ઠ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રણછોડજી મંદિરના ટ્રસ્ટી અમૃતભાઈ બી.રાવલનો સંપર્ક કરવામાં આવ્યો હતો.તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા (કોદરામ), મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, મહામંત્રી દશરથજી ઠાકોર, કોષાધ્યક્ષ મેરાજભાઈ દેસાઈ (નાનોસણા), ઉપપ્રમુખ ગીતાબેન પ્રજાપતી મંત્રી જયંતીભાઈ બી.રાવળ વગેરે અગ્રણીઓ જુદા જુદા વિસ્તારોમાં વરીષ્ઠ નાગરીકોનો સંપર્ક કરી રહ્યા છે.

આબુરોડ જલારામ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

નરોત્તમભાઈ તન્ના, પ્રકાશભાઈ કારિયા, પ્રવિણભાઈ એસ. હાલાણી, શંકરભાઈ કારિયા, પ્રભુલાલ ગટ્ટા, સુરેશભાઈ કારિયા, પ્રતાપભાઈ ઠક્કર, સુખદેવભાઈ પોપટ, ગૌતમભાઈ ગટ્ટા, આબુરોડના પ્રભુલાલભાઈ અનડા, પાલનપુરના બળદેવભાઈ ગટ્ટા, ડીસાના ભગવાનભાઈ બંધુ, મહેશભાઈ પોપટ, શશીકાતભાઈ ડી.ઠક્કર, મહેશભાઈ ઉડેચા, ભૂપતભાઈ આપા, તુલસીભાઈ પલણ, તારાચંદભાઈ ડી. મજેઠીયા, પ્રકાશભાઈ આર.ઠક્કર, થરાદના ડી.ડી. પૂજારા, વિનોદભાઈ મજેઠીયા, વાવના શાંતિભાઈ જોબનપુત્રા, દાંતીવાડાના મહેશભાઈ એમ.ઠક્કર, ગાંધીનગરના રમેશભાઈ ગટ્ટા, ઢીમાના પ્રભુલાલ મજેઠીયા સહિત તમામ પ્રયત્નો કરી રહેલ છે. પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિમાં રાધનપુર, પાટણ, કચ્છ, ધાનેરા, વારાહી સહિત વિવિધ નગરોનો રૂબરૂ સંપર્ક કરી સૌ પ્રતિનિધિઓને સમિતિમાં પણ સમાવેશ કરાનાર છે. આબુરોડ જલારામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે ગુજરાત, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, કચ્છ અને મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં ઉત્સાહ જોવા મળી રહેલ છે.

નરસૈંયાની ભક્તિએ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જ્યારે ગૌસેવાના લાભાર્થે આયોજિત કુંવરબાઈના મામેરામાં ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનું કથાકારના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. થરાદ નગરના આંગણે યોજાઇ રહેલા અનોખા કથા મહોત્સવનો લાભ લઈ ધન્યતા નો અનુભવ કર્યો હતો.કથાના ત્રણેય દિવસ ભોજન પ્રસાદના દાતા દિનેશ ભાઈ રાયમલજી બારોટ (સણવાલ) સહિત સેવાભાવીઓનું પણ સન્માન કરાયું હતું.કારેલીના ચિનુભાઈ ત્રિવેદી અને દિનેશભાઇ ત્રિવેદી સહિતો એ કાર્યક્રમનું સરસ આયોજન કર્યું હતું.

રામસરા (ઢીમા)...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ડૉ.સુરેન્દ્ર ગુપ્તા દ્વારા થશે જ્યારે લોકસાહિત્ય અને સાહિત્ય વિશે મીમાંસા અને પુસ્તકોનો પરિચય ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર રાઘવજી માધડ આપશે. અતિથિ વિશેષ તરીકે આનંદ સત્સંગ પરિવાર ડીસાના જયંતિભાઈ ઓઢાવાળા અને જાણીતા વાર્તાકાર ધરમાભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહેશે.

બનાસ સાહિત્ય કલા સંઘ વતી સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન મંત્રી ભગવાનભાઈ બંધુ કરનાર છે. બનાસ સાહિત્ય કલા સંઘના સૌ સભ્યોને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ આપવામાં આવેલ છે.

મલાણા ગામમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ચર્ચા કરતા નવીનભાઈએ જણાવેલ કે ખરેખર હું ધન્ય છું કે આ ગાય મારી પાસે છે અને હું આ ગાયની સેવા કરી પોતાને ધન્ય ગણી રહ્યો છું. અમારા ઘરે બધા આ ગાયને ૐ વાળી ગાયથી જ બોલાવે છે અને ખરેખર આ કુદરતની કરામત કહેવાય અને ભગવાન શિવનો ચમત્કાર કેવાય કે ગાયની પીઠ પર કુદરતી ૐ છે તેમજ આ અમારી ૐ વાળી ગાયના દર્શન કરવા માટે ઘણા લોકો આવે છે તેમજ બનાસકાંઠા જિલ્લામાં આ વાત વાયુવેગે પ્રસરી રહી છે અને લોકો આ ગાયના દર્શન કરવા માટે આતુર બની રહ્યા છે તેમજ ગ્રામવાસીઓ દ્વારા જણાવેલ કે ખરેખર અમારું ગામ ધન્ય છે કે ભગવાન શિવે આવો ચમત્કાર અમારા ગામમાં કરેલ તેમજ ગાય માલિક અને તેમના કુટુંબીજનોમાં ખુશીનું મોજું પ્રસરી ગયું છે.

કલાસૃષ્ટિ ફાઉન્ડેશન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ અવસરે રોટરી ક્લબ ડીસાના પ્રમુખ નટુભાઈ પટેલ, આનંદ સત્સંગ પરિવારના જયંતિભાઈ ઓઢાવાળા, યંગ બોયઝ ગ્રુપના દિનેશભાઈ પુરોહિત, ભારત વિકાસ પરિષદ ડીસાના પ્રમુખ, પારસભાઈ ત્રિવેદી, સહિત સૌએ શુભેચ્છા પાઠવી હતી.

દાંતા તાલુકામાં...

પાના નં.૮ ચાલુ

નાગરિકે આ બાબતે દાંતા પ્રાન્ત ઓફિસ ખાતે લેખિતમાં રજૂઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી. જાગૃત નાગરિકે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પણ આ અંગે ફરિયાદ નોંધાવી હતી પરંતુ તાલુકા સ્વાગતમાં આ અરજી પેન્ડીગ રાખી દીધેલ હતી. જેથી દાંતાના યુવાનો દ્વારા તારીખ ૧૩/૬/૧૮ બુધવારના રોજ તંત્રને જાગૃત કરવા અને દાંતા તાલૂકાને પ્રદૂષણ મૂકત કરવા તેમજ તાલુકામાં ચાલતા ગેરકાયદેસર ઈંટવાડા બંધ કરવાની માંગ સાથે એક દિવસના અનશન પર ઊતરવાનું નક્કી કર્યું છે. અનશન પર ઊતર્યા બાદ પણ જો તંત્ર દ્વારા આ ગેરકાયદેસર ઈંટવાડા બંધ કરી સીલ કરાવી સરકાર હસ્તક લેવામાં નહી આવે તો આગામી દિવસોમાં કલેક્ટર કચેરીએ પણ અનશન પર ઉતરવામાં આવશે તેમજ ગાંધીનગર ખાત મુખ્યમંત્રી સચિવાલય ખાતે પણ અનશન પર ઉતરવામાં આવશે. દાંતા તાલૂકા પ્રદૂષણ મૂકત બનાવવા અને ગેરકાયદેસર ઈંટવાડા બંધ કરાવવાની આ લડત ચાલુ રખાશે.

વ્યાજના વિષચક્રમાં...

પાના નં.૮ ચાલુ

પડે છે.જયારે વ્યાજના શાહુકારો એ.સી.ગાડીઓમાં વટ મારે છે. દીઓદર તાલુકામાં અનેક આવા કિસ્સાઓ બની રહ્યા છે ત્યારે તાજેતરમાં દીઓદર નજદીક આવેલ વખા ગામના એક ઈસમ કનૈયાલાલ મફાજી માળીએ ડીસા ખાતે જઈ દીપક હોટલ નજદીક સુશાઈટ નોટ લખીને ઝેરી દવા પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો.બેભાન હાલતમાં દવાખાને સારવાર અપાઈ યુવકને બચાવી લેવાયો. કહેવાય છે કે મળી આવેલ સુસાઈટ નોટમાં દીઓદર તાલુકાના ભડકાસર ગામના વતની ભરતભાઈ ભુરાભાઈ રબારી તથા શૈલેષભાઈ ભુરાભાઈ રબારી પાસેથી રૂા.૪.૫૦ લાખ વ્યાજે લીધેલ અને અત્યાર સુધીમાં સાત લાખ જેટલી રકમ પરત આપી ચુક્યા છે અને હજુ તેઓ રૂા.સાત લાખની માંગણી કરે છે.અત્યાર સુધીમાં આ ઈસમે ૧૦ વીઘા જમીન વેચી છે જ્યારે ૧૭ વીઘા જમીન ગીરવે મુકી છે. ટાઈમસર વ્યાજ ન અપાય એટલે તેની પાસેથી રૂા.૧૦ હજાર પેનલટી વસુલ કરાય છે અને ૬૦ ટકા વ્યાજનો દર વસુલ કરાય છે તેવું સુસાઈટ નોટમાં ઉલ્લેખ કરેલ છે.

આમ એક ઈસમને ફરીથી આત્મહત્યા તરફ જવું પડે છે.પોલીસ તંત્ર સત્ય હકીકત હું છે તે કેમ બહાર લાવતી નથી. ? માત્ર ગોદડી ગોટે વાળી સંતોષ માને છે. આમ આવા કેટલાય ઈસમો હજુ કહેવાય છે કે આપઘાતની લાઈનમાં છે શું પોલીસ તંત્ર વધુ આપઘાતની રાહ જોઈ રહી છે આવી બાબતોમાં કોણ સાચું હોય અને કોણ ખોટું હોય તે તંત્ર દ્વારા રહેમ નજર અપનાવ્યા વગર સાચી દિશામાં તપાસ કરી સત્ય બહાર લાવવામાં આવે તેવી આજના સમયની માંગ છે.

છાપી એપ્રોચ...

પાના નં.૮ ચાલુ

પરેશાની વેઠી રહયા છે. આ માર્ગ ઉપર આવેલું નાળુ હાઈવેથી પૂર્વના ગામડાઓ તેમજ તાલુકા મથક વડગામ અને સુપ્રસિધ્ધ યાત્રા ધામ અંબાજી તેમજ મગરવાડાને જોડતો મુખ્ય માર્ગ હોઈ વરસાદ શરૂ થાય તે પહેલા તાત્કાલીક નવો બનાવી આ કાયમી સમસ્યા હલ કરવા માંગ ઉઠી છે આ નાળાને અડીને આવેલા તળાવમાં ચોમાસા દરમિયાન મજાદર તરફ થી પાણી નું વહેણ મોટા પ્રમાણ મા આવતા ઓવર ફલો થતા નાળા ઉપરનો વાહન વ્યવહાર વારંવાર બંધ થઈ જાય છે. જેથી આ કાયમી સમસ્યા હલ થાય તેવી પ્રબળ માંગ ઉઠી છે.

બનાસકાંઠામાં આકાશી...

પાના નં.૮ ચાલુ

દ્વારા પણ તેની સંપૂર્ણ તૈયારીઓ આરંભી દીધી છે સરહદી વિસ્તારના તાલુકાઓમાં સિંચાઈની પૂરતી સગવડ ન હોવાથી માત્રને માત્ર આકાશી ખેતી પર નિર્ભર રહેવું પડતુ હોય છે જેથી સમયસર વરસાદ થાય તો આ વિસ્તારોમાં મબલક પાક થતો હોય છે જિલ્લામાં ચોમાસુ ઋતુમાં સૌથી વધુ વાવેતર થતુ હોય છે કેટલાક તાલુકાઓમાં સિંચાઈની સગવડ મળી રહેતા ત્રણ સિઝનનું વાવેતર થાય છે જ્યારે જ્યાં સિંચાઈની પૂરતી સગવડ ઉપલબ્ધ નથી. ત્યાં માત્ર ચોમાસુ સિઝન જ લેવાય છે જેથી કરીને બનાસકાંઠા જિલ્લાનો ખેડુત વરસાદનું આગમન થાય તે પહેલા ખરીફ પાકની વાવણી માટેની તૈયારીઓમાં લાગી ચુક્યો છે.

કંસારીથી ઝેરડા...

પાના નં.૮ ચાલુ

આસપાસના ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે આજદિન સુધી કોઈ અધિકારી કે કોન્ટ્રાક્ટર રોડની કામગીરી જોવા ફરક્યા નથી. જ્યારે મજુરોને પુછતાં તેઓ કોઈ જવાબ આપતા નથી. આમ રોડમાં હલકી ગુણવત્તાવાળો માલ સામાન વાપરી ગેરરીતિ આચરવામાં આવી રહી છે. જેથી નવો બની રહેલા રોડ ઉપર અત્યારથી જ ઠેરઠેર ખાડા પડવા લાગ્યા છે. જેથી લાગતા વળગતા અધિકારીઓ દ્વારા રોડની યોગ્ય તપાસ થાય તેવી માંગ છે. નહીં તો કલેક્ટર કચેરી સમક્ષ ધરણાં યોજવાની ગ્રામજનોએ ચિમકી ઉચ્ચારી છે.

રણછોડપુરામાં શિક્ષિકાઓની બદલીને લઈ ગ્રામજનોએ તાળાબંધી કરી...!!

(જી.એન.એસ) પ્રાંતિજ

ઉનાળુ વેકેશન પુરુ થતા સોમવારથી શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે. ત્યારે પ્રાંતિજના રણછોડપુરામાં શિક્ષિકાઓની બદલીને લઈને શાળા ખુલવાના બે દિવસ પહેલાં ગ્રામજનો દ્વારા તાળાબંધી કરાઈ છે.

નબળા શિક્ષણને લઈને ગ્રામજનો દ્વારા તાળાબંધી કરવામાં આવી છે. રણછોડપુરા પ્રાથમિક શાળામાં ૧ થી ૭માં અભ્યાસ કરતાં બાળકોને લખતા-વાંચતા ન આવડતુ હોવાનો ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.

અને ઉધડતી શાળા પહેલાં શિક્ષિકાઓની બદલી કરવાની માંગ કરવામાં આવી હતી. લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતા પણ પરિણામ શુન્ય આવતા તાળાબંધ કરાઈ હતી. જો કે ઘટનાની જાણ થતા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ તાલુકા શિક્ષણાધિકારીઓ સહિતના અધિકારીઓ સ્કૂલે દોડી આવ્યા હતા. અને પરિસ્થિતિ થાળે પાડવાના પ્રયત્નો હાથ ધર્યા હતા.

ઊંઝા તા.પં.ના પ્રમુખની અઢી વર્ષની ટર્મ પુરી થતાં ચૂંટણી ૨૦ જુને યોજાશે

ઊંઝા

ઊંઝા તાલુકા પંચાયતના પ્રમુખની અઢી વર્ષની સમય મર્યાદા પુર્ણ થતાં નવી ટર્મ માટે ચૂંટણી ૨૦ જુને યોજવા માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં ઉમેદવારોમાં ગરમી પકડાઈ છે.

ઊંઝા નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી ૧૧ જુને યોજવાની હોવાથી હાલમાં શહેર અને તાલુકા પ્રમુખ માટે રાજકીય કાવાદાવા અને બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે.

ત્યારે ઊંઝા તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષની ચૂંટણી યોજવા જાહેરનામું બહાર પડ્યું છે. ૨૦ જુને ચૂંટણી યોજાશે. જેથી સંભવિત ઉમેદવારોમાં બેઠકોનો દોર શરૂ થયો છે. તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટેની બેઠક જનરલ હોવાથી ઉમેદવારની દાવેદારી વધવાની ગણતરી છે.

ઊંઝા તાલુકા પંચાયતની ૧૮ સભ્યોની બોડીમાં ૧૩ સભ્યો કોંગ્રેસના છે, એક ભાજપ અને ચાર સભ્યો વિપક્ષના છે. હાલ કોંગ્રેસનું બોર્ડ સત્તા પર છે.

તંત્રના આંખ આડા કાન...!! ખાનગી હોસ્પિટલો બાયો મેડિકલ વેસ્ટ ખુલ્લેઆમ નાખે છે

(જી.એન.એસ) પાટણ

પાટણ જિલ્લાના રાધનપુરમાં ખાનગી હોસ્પિટલો દ્વારા ખુલ્લેઆમ બાયો મેડિકલ વેસ્ટ નાંખવામાં આવે છે છતાં પણ તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતા નથી. જેના કારણે રાધનપુરવાસીઓમાં આરોગ્ય સામે ખતરો ઊભો થયો છે.

અગાઉ પણ આ જ હોસ્પિટલ અને ડોક્ટરોએ પાલનપુર હાઈવે પર રસ્તા પર બાયો મેડિકલ વેસ્ટ નાંખ્યો હતો. આ હોસ્પિટલોની યાદી પણ લાંબી છે.

પાલનપુર હાઈવે ઉપર આવેલ દીપ આંખની હોસ્પિટલ, ફુસ સર્જીકેર હોસ્પિટલ, પંકજ સિન્ધા તેમજ ઈન્દ્રપ્રસ્થના પાછળના ભાગે આશીર્વાદ હોસ્પિટલ, શ્રધ્ધા હોસ્પિટલ, ડોકટર પરેશ દરજી દ્વારા જાહેરમાં રસ્તાઓ ઉપર વેસ્ટ મેડિકલ નાખવામાં આવ્યાનો રહીશો આક્ષેપ કરી રહ્યા છે.

કેટલાક લોકોએ ફરિયાદ કરતાં નગરપાલિકાના ચીફ ઓફિસરે શરૂઆતમાં ગલ્લાં તલ્લાં કર્યાં પછી ના છૂટકે નમૂનો લેવામાં આવ્યો હતો.

મોઢેરામાં ૬ શખ્સોએ અપહરણ કરી પરિણીતા સાથે દુષ્કર્મ આચર્યુ

(હિં.સ.) મહેસાણા

મોઢેરા પોલીસ સ્ટેશનમાં પરિણીતાનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ કરવાની ફરિયાદ નોંધાવી છે. પરિણીતાનું અપહરણ કરીને ૬ શખ્સોએ સાત દિવસ સુધી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતુ. આ પરીણીતા સાથે તેનાં બે બાળકોનું પણ અપહરણ કરવામાં આવ્યુ હતુ. આ પરિણીતાને સાત દિવસ સુધી ખેરવાના લીંબુડીના ખેતરમાં ગોંધી રાખવામાં આવી હતી. મોઢેરા આ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાના પગલે સમગ્ર નગરમાં રોષની લાગણી ફેલાઈ છે.

ભાગી ગયેલી સગીરા મણુંદથી ઝડપાઈ

પાટણ

પાટણના મણુંદ ગામે રહેતા એક પરિવારની સાડા સત્તર વર્ષિય દિકરીને ગામનો ગામના ઠાકોર વિનોદભાઈ મોહનજી તેને રવિવારની મોડી રાત્રે ૧ થી ૪ કલાકના અરસામાં સગીરાને લલચાવી ફોસલાવી તેની સાથે જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હોવાની સગીરાની માતાએ બાલીસણા પોલીસ મથકે ઠાકોર વિનોદભાઈ મોહનજી સામે ફરિયાદ નોંધાવી હતી. આ કામમાં તેની મદદગારી કરના ઠાકોર દશરથજી અજમલજી અને એક વાન ગાડીનો અજાણ્યા ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. તેની તપાસ અધિકારી સર્કલ પીઆઈ ડી.વી.ડેડીયાએ ફરિયાદ આધારે તપાસના ચક્રો ગતિમાન કરીને સગીરાને શોધી લઈ તેનું મેડીકલ ચેકઅપ માટે ધારપુર હોસ્પિટલ લઈ ગયા હતા.

ધારપુરીમાં સંતવાણી યોજાઈ

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ધારપુરી ગામે કનુપુરીજીની નિર્વાણતીથી નિમિતે સંતવાણીનું આયોજન કરાયું હતું. જેમાં નામાંકિત કળાકાર રામનાથ ગૌસ્વામી (અલખ આરાધક) સાહિત્યકાર ઉમેદકવિ, રમેશભાઈ તથા તબલાના તરવૈયા પ્રહલાદ રાજપૂત સંગત આપી સાથે આજુ બાજુના ગામોમાંથી પધારેલ ભક્ત મડળે દેશી ભજનો ગાઈ રંગત જમાવી હતી. ઉપરાંત ગૌસ્વામી સમાજના રીત રીવાજ પ્રમાણે માળકિયા કાર્યક્રમ રાખેલ શ્રી રામનાથ ગૌસ્વામીએ નિર્વાણ તિથીનું ભજન ગાઈ ચકલાંચણ, માટે ફાળો એકઠો કરેલ તે ચણ દાણ માટે આપેલ.

રાધનપુરમાં ઝમઝમ કોલોનીવાળો બોર ચાલુ કરાયો

કમલ ચકવર્તી

રાધનપુર

રાધનપુરમાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ભલામણથી પાણીપુરવઠા વિભાગ દ્વારા પીવાના પાણીના ત્રણ બોર મંજુર કરવામાં આવ્યા હતા, જેમાંથી પાણીપુરવઠાના યાંત્રિક વિભાગ દવારા બનાવી આપવામાં આવેલો ઝમઝમ કોલોની પાસે બનેલો બોર રવિવારે ચાલુ થયો હતો,અને પાલિકાના પ્રમુખ કમુબેન ઠાકોર,કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમાર, પાણી પુરવઠા સુપરવાઈઝર વિક્રમભાઈ ભોજક તેમજ અન્ય કોર્પોરેટરોની જહેમત બાદ બોર રવિવારે સફળ થયો હતો.આ બોરમાં વીસ-વીસ ફૂટની ત્રણ કોલમો ઉતાર્યા બાદ ફોર્સથી પાણી ચાલુ થવા પામ્યું હતું. જેથી આ બોરનું પાણી પાઈપલાઈન દ્વારા અરગુસરના સંપમાં નાખવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી. પાઈપલાઈન નાખી દેવામાં આવી છે,માત્ર જોડાણ જ આપવાનું બાકી રાખવામાં આવ્યું હતું.જે રવિવારે આપી દેવાની તૈયારીઓ ચાલી રહી હતી.આ બોર ચાલુ થતા ત્રણ હજાર પરિવારોને પાણી મળી રહેશે તેમ કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમારે જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે પંદર દિવસ પહેલા અરગુસરનો બોર એકાએક ફેલ થઈ જતા પરાવિસ્તાર સહીત અન્ય વિસ્તારોમાં બે હજાર કરતા વધુ પરિવારોને પીવાના પાણીની સમસ્યા ઉભી થવા પામી હતી,પરંતુ પાલિકા દ્વારા રવિયામથી પાઈપલાઈન દ્વારા પાણી આપવા ઉપરાંત પાંચ ટેન્કરો દ્વારા જ્યાં-જ્યાં જરૂર પડી ત્યાં પાણી પહોંચાડતા લોકોને ખાસ તકલીફ પડી નથી.જો કે હવે ઝમઝમ વાળો બોર હવે ચાલુ થઈ જતા આ તમામ વિસ્તારોને પહેલા મળતું હતું તેમ સમયસર પાણી મળતું થઈ જશે.પાલિકાના પ્રમુખ કમુબેન ઠાકોરના જણાવ્યા મુજબ પાણીપુરવઠા દ્વારા બનાવી આપવામાં આવેલા ઝમઝમવાળા નવીન બોરમાં વીસ-વીસ ફૂટની ત્રણ કોલમો ઉતારતા હવે ફોર્સથી પાણી આવે છે,જે રવિવારે સાંજ સુધીમાં પાઈપલાઈનથી જોડી દેવામાં આવશે.

રાધનપુરમાં મસાલી રોડ ઉપરની ગટરો સાફ કરવાની કામગીરી પુરજોશમાં

રાધનપુર

રાધનપુર શહેરમાં મસાલી રોડ ઉપર ૨૫થી વધુ સોસાયટીઓ આવેલી છે,અને આ સોસાયટીઓના પાણીના નિકાલ માટે માર્ગ અને મકાન વિભાગ દવારા નવીન રોડની સાથે રોડની બંને બાજુએ મોટી ગટરો બનાવી આપવામાં આવી છે.ચોમાસાની ઘડીઓ ગણાઈ રહી છે

કમલ ચકવર્તી

ત્યારે નગરપાલિકા દવારા આ બંને ગટરો સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે,અને પહેલા જે.સી.બી.થી ગટરોના ઢાંકણા ખોલીને ગટરો સાફ કરવામાં આવનાર છે. છેલ્લા ઘણા સમયથી આવિસ્તારના લોકોની માંગ હતી કે આ બંને ગટરો સાફ કરવામાં આવી ના હોવાથી વરસાદી પાણી લોકોના ઘરોમાં ઘુસી જશે,

જે રજૂઆતોને ધ્યાનમાં લઈને પાલિકા દવારા ગટરો સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમારના જણાવ્યા મુજબ વરસાદ ચાલુ થાય તે પહેલા રોડની બંને બાજુની ગટરો સાફ કરી નાખવામાં આવશે.

તલોદમાં ભત્રીજા સાથે ઓળખાણ હોવાનું જણાવી જ્વેલર્સ સાથે રૂ.૧.૨૫ લાખની છેતરપિંડી

તલોદ

તલોદની ભવાની જ્વેલર્સના સોનીના ભત્રીજા સાથેની ઓળખનો હવાલો આપી ગઠીયો સોનાની બે ચેન અને કી લઈ જઈ છેતરપિંડી આચરતા તલોદ પોલીસ સ્ટેશનમાં રૂ. ૧.૨૫ લાખની છેતરપીડી આચર્યાની ફરિયાદ નોંધાઈ હતી.

તલોદમાં ભવાની જ્વેલર્સ નામની દુકાન ધરાવતા નરેન્દ્રકુમાર ધેવરચંદ સોનીના ભત્રીજા નિશાંતભાઈને આશિષ જશવંતભાઈ શાહ નામનો શખસ અગાઉ હરસોલ ખાતે મળતા ઓળખાણ થઈ હતી. ઓળખાણનો હવાલો આપી આ શખસ રૂ. ૪૨,૩૯૫ ની કિંમતની એક ચેન રૂ. ૧૦ હજાર રોકડા આપી લઈ ગયો હતો.

ત્યારબાદ બીજા દિવસે પણ શખસ પાછો આવ્યો હતો અને રૂ. ૯,૫૨૯ આપીને રૂ. ૪૫,૯૫૨ની બીજી સોનાની ચેન લઈ ગયો હતો અને હિસાબ પેટે રૂ. ૩૬,૪૨૩નો ચેક આપી ગયો હતો અને તલોદ નિજાનંદ પાર્ક સોસાયટીમાં રહેતો હોવાનું તથા આધારકાર્ડ માંગતા પાન નંબર આપ્યો હતો. ત્રીજા દિવસે આ શખસ ફરીથી પાછો આવ્યો હતો અને રૂ. ૫૭,૧૨૫ સોનાની લકી ચેર બતાવવાનું કહી કોરો ચેક આપીને ગયો હતો. સોનાની બે ચેન અને લકી પેટે આપેલ ચેક રિટર્ન થતાં આ શખસનો મોબાઈલથી સંપર્ક કરતા તેણે જણાવ્યું કે, થાય તે કરી લેજો મેં બધા પુરાવા ખોટા આપ્યા છે તેનું ઘરનું સરનામું પણ ખોટું હોઈ નરેન્દ્રકુમાર સોનીને છેતરપિંડી થયાનું જણાતા તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

યાત્રાધામ શામળાજી ખાતે અધિક માસમાં સુપ્રસિદ્ધ ભક્તોનો જમાવડો

(જી.એન.એસ)

શામળાજી

હાલ પવિત્ર અધિક માસ ચાલે છે ત્યારે ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિરે ભગવાન શામળિયાના દર્શન માટે ભક્તોની ભીડ જામી હતી. મંદિર પરિસરમાં હિન્દૂ સંસ્કૃતિમાં અધિક માસનું આગવું મહત્વ હોય છે. દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે. અધિક માસ એટલે વિષ્ણુપ્રિય માસ આ મહિનામાં ભગવાન વિષ્ણુની આરાધના ભક્તો દ્વારા કરવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં આવેલ અને ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં અધિક માસની ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.

દરરોજ મંદિરમાં ભગવાન કાળિયા ઠાકરની વૈદિક ભૂદેવો દ્વારા રાજોપચાર પૂજા કરવામાં આવે છે. અહીં દૂર દૂરથી ભક્તો ભગવાન શામળિયાના દર્શન કરવા આવે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા વર્ષના જેટલા મનોરથ ઉજવવામાં આવે એ તમામ મનોરથ અધિક માસમાં શામળાજી મંદિરમાં ઉજવાય છે. હાલ મંદિર પરિસરમાં ભગવાનની ભાગવત કથાનું પણ આયોજન કરેલ છે, ત્યારે ભક્તો ભગવાનના દર્શન કરી ધન્ય બને છે.

મંદિર ટ્રસ્ટ દ્વારા દરરોજ વૈદિક પદ્ધતિ થી પુજન અર્ચન કરવામાં આવે છે. સમગ્ર માસ દરમિયાન વિષ્ણુ સહસ્ત્ર અનુષ્ઠાન અને વિષ્ણુ યાગ કરવામાં આવે છે, ત્યારે આ માસમાં ભગવાન શામળિયો તમામ ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે.

ભાજપ દ્વારા પાટણ અને ચાણસ્મા શહેર તથા સરસ્વતી તાલુકાના વિશિષ્ટ વ્યક્તિઓનો સંપર્ક - સમર્થન કાર્યક્રમ યોજાયો

પાટણ

કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારના ૪ વર્ષના સુશાસનની ઉજવણી સંદર્ભે વિશેષ સંપર્ક અભિયાન અંતર્ગત પાટણ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક દ્વારા પાટણ શહેર ખાતે વિશિષ્ટ વ્યક્તિઓનો સંપર્ક-સમર્થન કાર્યક્રમ યોજાયેલ. જેમાં પાટણના કૃષિ ક્ષેત્રે એવોર્ડ મેળવનાર રામભાઈ પટેલ, હસુમતીબેન પટેલ તથા શિક્ષણક્ષેત્રે ગણિત વિષયમાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા દિલીપભાઈ દવેના નિવાસ સ્થાને જઈ તેમનું સન્માન કરવામાં આવેલ. તેમજ કેન્દ્ર સરકારની સિધ્ધિની પુસ્તિકા અર્પણ કરવામાં આવેલ. તેમની સાથે જિલ્લા મંત્રી વિરેશભાઈ વ્યાસ, રીન્કુભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ સુરેશભાઈ પટેલ, વિપક્ષના નેતા મનોજભાઈ પટેલ તથા રોહિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મયંકભાઈ દ્વારા ચાણસ્મા શહેરના વિશિષ્ટ વ્યક્તિઓનો સંપર્ક કરવામાં આવેલ જેમાં સિનિયર વકીલ મનોજભાઈ ગંગારામ પટેલ, નિવૃત શિક્ષકો સોમાભાઈ પ્રજાપતિ, રામાભાઈ પટેલ, મનુભાઈ પટેલ, લાલજીભાઈ પરમાર તથા સતીષભાઈ સુખડીયાનો સંપર્ક સમર્થક કરવામાં આવેલ. પ્રભારીની સાથે જિલ્લા ભાજપ મંત્રી વિરેશભાઈ વ્યાસ, જિલ્લા મંત્રી રીન્કુભાઈ પટેલ, ચાણસ્મા શહેર પ્રમુખ નવીનભાઈ પટેલ, મહામંત્રી અશ્વિનભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ પટેલ, કલ્પેશભાઈ ડોડીયા હાજર રહ્યા હતા.

પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ દ્વારા સરસ્વતી તાલુકાના વિવિધ વિશિષ્ટ વ્યક્તિઓનો સંપર્ક કરી તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું અને કેન્દ્ર સરકારની સિધ્ધિઓની માહિતી આપી હતી. તેમની સાથે તાલુકા ભાજપ પ્રમુખ સોવનજી ઠાકોર, મહામંત્રી પ્રહલાદજી ઠાકોર, ભાવેશભાઈ જોષી તથા ગિરીશભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરના મોતીપુર સર્કલ પાસે કોંગ્રેસે કાર્યકર્તાઓએ હાઈવે રોકી ચક્કાજામ કર્યુ

સતીષ ભટ્ટ

હિંમતનગર

હિંમતનગરના મોતીપુર સર્કલે પાસે કોંગ્રેસે કાર્યકર્તાઓ નેશનલ હાઈવે રોકી ટ્રાફિક જામ કર્યો હતો અને શાકભાજી નાખી અને દૂધ ઢોળી ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા. ત્યારે હિંમતનગર પોલીસ ૩૩ કોંગ્રેસ કાર્યકર્તા અટકાયત કરી હતી. હિંમતનગરના ખેડૂતોની મુશ્કેલીઓને સરકાર સુધી પહોંચાડવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધ્વારા રાજ્ય વ્યાપી આંદોલનના અનુસંધાનમાં સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા મોતીપુરા સર્કલ ખાતે શાકભાજી રોડ ઉપર ફેંકી તથા દૂધ ઢોળી ભાજપ સરકાર વિરુદ્ધ ભારે સુત્રોચ્ચાર કરી ચક્કાજામ કરીભાજપ સરકારનો વિરોધ કરવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શનના આ કાર્યક્રમમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ મણીભાઈ પટેલ ગજેન્દ્રસિંહ રેહવર મોલેશ સોની રામભાઈ સોલંકી શંભુભાઈ પટેલ નિર્મેળા પંચાલ યુસુફભાઈ બચ્ચા કાદીરડોઈ કુમાર ભાટ હુશેનદિવાન જયોતીદવે કમળાબેન પરમાર સહીત ૩૩થી વધુ કોંગ્રેસી કાર્યકરો તથા હોદ્દેદારોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

વિજાપુર- વિસનગર તાલુકાની ૨૫ લાખની ગ્રાન્ટ અટકી પડી

રાજકીય દ્વેષભાવથી પ્રજા પરેશાન

મહેસાણા

એટીવીટી હેઠળ આયોજન સંબંધે વિજાપુર અને વિસનગર તાલુકા પંચાયતોને પ્રાંત મારફત મળતી ગ્રાન્ટને બ્રેક લાગતાં રાજકીય ધમાસાણ શરૂ થયું છે. પ્રાંત અધિકારી દ્વારા રૂા. ૨૫ લાખની વહીવટી મંજુરી નહિં મળતાં રાજકીય સત્તાના જોરે વહીવટી સત્તાનો દુરપયોગ થવાનું ચર્ચાય છે.

વિસનગર અને વિજાપુર તાલુકા પંચાયતોને સાડા ભાર લાખ લેખે કુલ ૨૫ લાખની એટીવીટી ગ્રાન્ટ નહિં મળતા છેક રાજ્યકક્ષા સુધી મામલો પહોંચી ગયો છે. પ્રાંત અધિકારીની આયોજનની ગ્રાન્ટ હોવાથી વહીવટી મંજુરી કોઈ કારણસર રોકાઈ જતાં બંને તાલુકાઓમાં શાસન કરતા કોંગી પ્રમુખો લાલઘુમ બન્યા છે. કોંગ્રેસના આગેવાનોએ રાજકીય દ્વેષભાવ થઈ રહ્યાનું કારણ આપી વિપક્ષ નેતા પરેશ ધાનાણીને રજુઆત કરી છે. તેમજ કલેક્ટરને જાણ કરવામાં આવી છે.

વિજાપુર- વિસનગર તા.પંચાયતમાં કોંગ્રેસની સત્તા સામે બંને તાલુકાના ધારાસભ્યો ભાજપના છે.

હિંમતનગરમાં મહિલા સાથે રૂ. ૧૬ હજારની ઓનલાઈન છેતરપિંડી

હિંમતનગર

હિંમતનગર સહકારી જીન રોડ વિસ્તારમાં રહેતી મહિલાને ફોન કરીને એટ-ીએમ કાર્ડ ઈનવેલીડ થઈ ગયુ હોવાનુ જણાવી કાર્ડની તમામ વિગતો મેળવી લઈ ઓનલાઈન ૧૬૦૯૯ ઉપાડી લેતાં એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

શહેરના સહકારીજીન રોડ પર રાજમંદીર સોસાયટીમાં રહેતા વર્ષાબેન વા/ઓ શૈલેશકુમાર ઉર્ફે જીનેશકુમાર પટેલના મોબાઈલ ફોન પર હીન્દીભાષી વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તમારુ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાનુ એટ-ીએમ કાર્ડ ઈનવેલીડ થઈ ગયુ છે તેમ જણાવી એટીએમ કાર્ડનો ૧૬ આંકડાનો નંબર જણી મેસેજ કરી ૬ આંકડાનો નંબર મેળવી તેમના ખાતામાંથી રૂ. ૧૬૦૯૯ ઓનલાઈન ઉપાડી લીધા હતા. વર્ષાબેનની ફરિયાદને આધારે એડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગોપીનાથજી ભગવાનના મંદિરમાં દર્શન

પાટણ

પાટણ શહેરના સોનીવાડા માં આવેલ ગોપીનાથજી ભગવાનના મંદિરમાં અધિકમાસ નિમિત્તે વિવિધ મનોરથ ઉજવાઈ રહ્યા છે

જેમાં શનિવારે ભગવાન શ્રીકૃષ્ણ બાલકૃષ્ણ ગોકુળમાં જે રીતે રેતમાં રમતા હતા તે રીતે રેતીમાં રમણ કરતા ભગવાનની સદસ્ય પ્રતિકૃતિ સર્જીને નયનરમ્ય મનોરથના દર્શન કર્યા હતા

જેમાં ભગવાન બાલકૃષ્ણની સાથે ગોપી કન્યાઓ અને તેમના બાળસખાઓ બાળસખાઓ ના દર્શન નું સર્જન કરવામાં આવ્યું હતું

જેનો લાભ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લીધો હતો એમ મંદિરના રાજગોપાલ મહારાજાએ જણાવ્યુ

અમીરગઢ તાલુકામાં ધમધમતા બિન અધિકૃત ઈંટવાડા સામે તંત્રના આંખ આડા કાન

વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકામ ઠેરઠેર જગ્યા ચાલી રહેલા ઈંટવાડા અધિકૃત અને બિન અધિકૃત અમીરગઢ તંત્રને વારંવાર લોકો દ્વારા જાણ કરવામાં છતાં તંત્ર આખા આડા કાન કરી રહ્યું છે.

દેખાવમાં આવે તો ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે જ્યારે લોકો વૃક્ષનું વાવેતર કરવામાં આવે છે. અમીરગઢ તાલુકામાં ઠેર ઠેર ચાલી રહેલા ઈંટવાડામાં પર્યાવરણને ભારે નુકસાન થતું જોવા મળે છે ઈંટો પકવવા માટે ઈંટવાડાના માલિકો કાળા રંગનું કેમિકલનો ઉપયોગ કરતા જોવા મળે સવારના સમયે ઈંટવાડાના માલિકો ઈંટવાડા ઈંટો પકવવા માટે સળગાવતા હોઈ છે ભૂંગળા માંથી ધુમાડો નિકતો હોઈ છે તે તે આજુબાજુના વિસ્તારમાં ખેતી ના પાકોને પ્રકૃતિ તેમજ જમીનનું મોટા પાયે નુકસાન થયું જોવા મળે છે જો અમીરગઢ ના ઈંટવાડાની બાબતમાં જિલ્લા ઉચ્ચત્તર અધિકારીઓ તપાસ કરાવે તો પ્રકૃતિને થતું નુકશાન અટકી શકે તેમ છે.

દાંતા તાલુકામાં ઈંટવાડા મુદ્દે યુવાનોએ તંત્ર સામે મોરચો માંડયો

ગેરકાયદેસર રીતે ચાલતા ઈંટવાડા સીલ કરી ઈંટો સરકાર હસ્તક કરવાની માંગ સાથે યુવાનો દ્વારા પ્રતિક ઉપવાસ

પ્રતિનિધિ દાંતા

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામા મોટા પ્રમાણમાં ગેરકાયદેસર ઈંટવાડા ધમધમી રહ્યા છે. જેમાં મોટા ભાગના ઈંટવાડાઓ ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યા છે જેઓ પ્રદૂષણ આંકી પર્યાવરણને નુકશાન કરી જન આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો કરી રહ્યા છે. આ બાબતે મિડીયા દ્વારા વારંવાર વાચા આપવા છતાંય તંત્રની આળસ અને મીલીભગતના લીધે કોઈ પણ પ્રકાર ના પગલા ઈંટ માફીયા પર લેવામાં આવતા નથી. દાંતાના જાગૃત

અનુસંધાન પાના નં.૬

રાધનપુરમાં ટ્યુશનિયા શિક્ષકો વિરૂધ્ધ આવેદનપત્ર અપાયું

(પ્રતિ.) રાધનપુર

રાધનપુરની વિવિધ શાળાના ટ્યુશનિયા શિક્ષકોના વિરુદ્ધમાં વિદ્યાર્થી સંગઠન એન.એસ.યુ.આઈ.ના જિલ્લા મહામંત્રી મહેશભાઈ દેસાઈની આગેવાની હેઠળ તમામ શાળાના આચાર્યોને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું, જેમાં તાજેતરમાં સી.બી.એસ.સી. પેપર લીક તેમજ ટ્રીસામાં પેપર લીક થવાની ઘટનામાં શાળાના શિક્ષકોની સંડોવણી બહાર આવેલી છે.આ ઘટનાઓમાં જાણવા મળ્યા મુજબ ટ્યુશનિયા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવે છે. સરકારશ્રીના આદેશ અનુસાર સરકારી પગાર લેતા શિક્ષકો કોઈપણ પ્રકારનું ખાનગી

કમલ ચકવર્તી

ટ્યુશન ચલાવી શકતા નથી અને આ પ્રકારની પ્રવૃત્તિ ગેરકાયદેસર છે. તેથી શાળાના આચાર્યોને જણાવ્યું હતું કે આપની શાળાના શિક્ષકો દ્વારા આવી કોઈ પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તો તેમના ઉપર પગલાં લેવા માંગ કરવામાં આવી હતી. એન.એસ. યુ.આઈ. ની ટીમ દ્વારા આવા ટ્યુશનિયા શિક્ષકો ઉપર દેખરેખ રાખવા એક ખાસ ટીમની રચના કરવામાં આવેલ છે,જે ભવિષ્યમાં આ પ્રકારના ટ્યુશન ચલાવતા શિક્ષકો અંગે માહિતી મળશે તો તેમની સામે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે તેમજ ગાંધીચીંધ્યા માર્ગે જાણ આંદોલન કરવામાં આવશે. આ પ્રસંગે આનંદ નાઈ, સંદીપ નાઈ, સાગર ઠક્કર, જયેશ પટેલ સહીત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

તાત્કાલિક નવું નાળુ બનાવવા માંગ

છાપી એપ્રોચ રોડ ઉપર ગત ચોમાસા તૂટેલું નાળુ એક વર્ષ બાદ પણ રીપેર ન કરાતાં રોષ

સુરેશ અગ્રવાલ

નવા બ્રિજના નિર્માણમાં નાળુ જર્જરી બન્યા બાદ વરસાદમાં સ્વાહા થઈ ગયું હતું

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકા ના મુખ્ય વેપારી મથક છાપી હાઈવે તરફ જવાના માર્ગ ઉપર આવેલ નાળાને તૂટે એક વર્ષ થયું છતાં નવું અથવા નાળનું રીપેરીંગ ન થતા વાહનચાલકોમાં ભારે રોષ પર્વતી રહ્યો છે અને તાત્કાલિક સમસ્યા હલ કરવા માંગ ઉઠી છે.

છાપી રેલવે ફાટક ઉપર ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું છે દરમિયાન નાળા ઉપર બ્રિજનો પિલ્લર ઉભો કરાતા નાળુ જર્જરિત થયું હતું બાદમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ ખાબકતા નાળુ સંપૂર્ણ ધોવાઈ ગયું હતું જેના કારણે છાપી - હાઈવેનો વાહન વ્યહવાર ત્રણ દિવસ સુધી સંપૂર્ણ બંધ રહ્યો હતો. જોકે નાળાને તૂટે એક વર્ષ થવા છતાં નાળાને રીપેરીંગ અથવા નવું ન બનાવતા વાહનચાલકો ભારે

અનુસંધાન પાના નં.૬

વ્યાજના વિષચક્રમાં પીસાતી દીઓદર પંથકની પ્રજા...

(ર.સ.સે.) ડીસા

ધંધો રોજગાર કરવા નાણાની જરૂરીયાતો રહે નાણાં ક્યાંથી મેળવવા તેમાંય કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકોમાં એજન્ટોના અડ્ડા હોય છે.જેની ડેપીસીટી ન હોય તેને લાખોની લોન મળી જાય જરૂરીયાતમંદ મર્યાદિત લોન માટે પગથીયાં ઘસે...સહકારી બેંકોમાં સહકાર જોવે આમ નાના અને મધ્યમ વર્ગને હંમેશાં પીસાવાનું જ ભાગે આવે છે.

ધંધા રોજગાર માટે ૧ થી ૧૦ ટકાના દરે વ્યાજે રકમ લેવાય તો પણ આજે ધંધા રોજગારમાં પોષાય તેમ નથી. એક તરફ મોઝ શોખ - ખર્ચાઓ વધ્યા ત્યારે કેટલાક લોકોને બે છેડા ભેગા કરવા પણ કઠીન બની જાય છે ત્યારે વ્યાજના શાહુકારો આ તકને ઝડપી લે છે.

તાજેતરમાં વખા ગામના ચુવકે વ્યાજના ચકરમાં ફસાઈ આપઘાત કર્યો હતો

આજે દીઓદર પંથકમાં વ્યાજના શાહુકારોનો રાફડો ફાટ્યો છે. રૂા.૧૦૦ એ ત્રણ ટકા તો સામાન્ય કહેવાય. ત્રણ - પાંચ - દસ - વીસ ટકાના દરે લાખો રૂપીયા ધીરાણોમાં પ્રજા દેવાદાર બની રહી છે. કહેવાય છે કે રૂપીયા એક લાખ લેવાય એટલે રૂા.૧૦ કે ૨૦ હજાર પ્રથમ વ્યાજ તરીકે કાપી લઈ બાકીની રકમ અપાય છે. તેમાંય બીજા મહિને એક દિવસ વ્યાજ આપવામાં લેટ પડે તો રૂા.પાંચ હજાર પેનલટી પ્રત્યેક દિવસની આમ બીજા મહિને રૂા.૨૦ હજાર વ્યાજ + પાંચ હજાર પેનલટી ભરવાની થાય. આમ શરૂઆતમાં રૂા.૮૦ હજાર મેળવનાર પ્રથમ મહિને રૂા.૨૦ હજાર બીજા મહિને ૨૫ હજાર કુલ બે મહિનામાં ૪૫ હજાર તો આપી ચુકે છતાં મુડી તરીકે રૂા.૧ લાખ ઉભા રહે આને કહેવાય શાહુકારી રીત... એ પણ વ્યાજ ઉઘરાવનાર...ગાળી આપે એ તો નફામાં...પ્રજા પરેશાન જાય ક્યાં...?

દીઓદર પંથકમાં આ ધંધો ખુબ જ ફુલ્યો ફાલ્યો છે.કહેવાય છે કે દીઓદર શહેરમાં કાયદો વ્યવસ્થા જેવું કંઈ જ છે જ નહીં...જાહેરમાં દાદાગીરી કરો...જાહેરમાં લુંટો...તમારા પક્ષે કોઈ નહી હોય અને આવા લુંટનારા... શાહુકારોના સાંજે પોલીસ સ્ટેશનો આસપાસ અડ્ડા હશે.... પ્રજા જાય ક્યાં...?

દીઓદર પંથકમાં આવા અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે.જેના ફળ સ્વરૂપ કેટલાકને આપઘાત કરવા કે દવા પીવી પડે છે.અગર રેલ્વેના પાટા ગોતવા

અનુસંધાન પાના નં.૬

જિલ્લાભરમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે

ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠશે : શિક્ષણ ક્ષેત્રમાં પણ મોંઘવારીનો માર સહન કરવો પડશે

ડીસા

બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં ૩૫ દિવસના ઉનાળુ વેકેશન ગતરોજ પૂર્ણ થતાં સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જેથી છેલ્લા કેટલાક દિવસોથી સુમસામ ભાસતી શાળાઓમાં બાળકોના કલરવથી ગુંજી ઉઠશે. શાળાઓ શરૂ થતાંની સાથે બાળકો દ્વારા વેકેશનમાં કરેલી વિવિધ પ્રવૃત્તિઓ સહિતની એકબીજાને વાતચીત કરશે તો વળી કેટલાક નવા બાળકો શાળાઓમાં દાખલ થયા હશે તેમનો પરિચય કરશે.

આમ વેકેશન પૂર્ણ થતાં બાળકો મામા માસી કે કોઈના ઘરેથી પરત ફરી શાળાઓમાં હાજરી આપવા પહોંચી જશે. સોમવારના રોજ શરૂ થતી શાળાઓમાં બાળકોના કલરવથી ખીલી ઉઠશે. રસ્તાઓમાં વાહનોમાં પણ બાળકોને અભ્યાસ કરવા જતાં જોવા મળશે.

સોશિયલ મીડિયામાં વેકેશનની લઈ ફરતો થયેલો મેસેજ ખોટો છે

બનાસકાંઠા જિલ્લામાં ૧૧ મી જુનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આગામી દિવસે સોશિયલ મીડિયામાં વેકેશન લંબાયું છે તેવો મેસેજ ફરતો થતો હતો. પણ હાલ અને ગરમીની સમસ્યાને લઈ ૧૧મી જૂન ને બદલે ૧૬ જૂનથી નવા સત્રની શરૂઆત થશે તેવો મેસેજ ફરતો થતાં જિલ્લામાં ભારે ઊહાપોહ જોવા મળ્યો હતો ત્યારે શિક્ષણના સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ મેસેજ ખોટો છે અને ૧૧ મી જુન થી રાબેતા મુજબ શાળાઓ ચાલુ થશે.

રાધનપુરમાં આખલાએ મા-દીકરીને અડફેટે લીધા

(પ્રતિ.) રાધનપુર

રાધનપુર શહેરમાં તમામ જાહેર માર્ગો અને મહોલ્લા-પોળો અને સોસાયટીઓમાં રખડતા ઢોરોનો જબરદસ્ત રંજાડ છે, આ રખડતા ઢોર ક્યારેક આમને-સામને આવી જાય છે ત્યારે મુખ્ય બજારોમાં ભારે દોડધામ મચી જતી હોય છે અને ભરબજારે બે આખલાઓ વચ્ચે જયારે લડાઈ જામે છે ત્યારે માણસો અને પેડલા વાહનોને ભારે નુકશાન થાય છે. શનિવારે મોડી સાંજે પરાવિસ્તારમાં આવેલી પોળમાં બે આખલા આમને-સામને શીંગડા ભરાવીને લડાઈ કરી રહ્યા હતા,અને આ લડાઈ એટલી ખતરનાક હતી કે લડતા આખલાની અડફેટે માં-દીકરી આવી ગયા હતા, જેમાંથી

કમલ ચકવર્તી

દીકરીને ઈજાઓ થવા પામી હતી.

આ આખલાઓ લડતા-લડતા પાણીની ટાંકી ઉપર પડતા પાણીની ટાંકીના ટુકડે-ટુકડા થઈ જવા પામ્યા હતા. આ વિસ્તારના પૂર્વ કોર્પોરેટર શોભનાબેન ઓઝાના જણાવ્યા મુજબ રખડતા ઢોરોનો ત્રાસ ખુબ જ વધી જવા પામ્યો છે, નગરપાલિકાના સત્તાધીશોને રજૂઆતો કરવા છતાંય કોઈ જ પગલાં લેવામાં આવતા નથી. જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. પાલિકા દ્વારા રખડતા ઢોરોને તાત્કાલિક પકડીને પાંજરા પોળમાં મોકલી આપવા જોઈએ.

કંસારીથી ઝેરડા - ગણેશપુરા વચ્ચે નવા બની રહેલ રોડના કામમાં ગેરરીતિની આશંકા

સરકારી ધારાધોરણ મુજબ ગુણવત્તાયુક્ત મટીરીયલ ન વપરાયુ હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ ઝેરડા

ડીસા તાલુકાના કંસારીથી ઝેરડા ગણેશપુરા વચ્ચે નવા રોડની કામગીરી ચાલી રહી છે. પરંતુ તેમા સરકારી ધારાધોરણ મુજબ ગુણવત્તાયુક્ત મટીરીયલ ન વાપરી ગેરરીતિ આચરવામાં આવતી હોવાનો આક્ષેપ ગ્રામજનોમાં ઉઠવા પામ્યો છે.

ડીસા તાલુકાના કંસારીથી ઝેરડા ગણેશપુરા ગામ વચ્ચે નવો રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. પરંતુ તેમાં ગુણવત્તા વગરનું મટીરીયલ વાપરી ધારાધોરણ મુજબ કામ થતુ નથી. તેવી ફરિયાદ સાથે

અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠામાં આકાશી ખેતી પર નિર્ભર જગતનો તાત ખરીફ પાકની વાવણીમાં જોતરાયો

વરસાદ થાય તે પહેલા ખેડુત દ્વારા વિવિધ તૈયારીમાં વ્યસ્ત

પ્રતિ. વડાવળ

દેશના દક્ષિણ ભાગ સહિત મહારાષ્ટ્રમાં ચોમાસુ સિઝનનો જોરદાર વરસાદ થઈ રહ્યો છે ત્યારે ગુજરાત સહીત બનાસકાંઠા જિલ્લામાં પણ વર્ષાઋતુના પડઘમ સંભળાઈ રહ્યા છે જેને પગલે જગતનો તાત પણ ચોમાસુ ખેતીની તૈયારીમાં લાગી ગયો છે સરહદી વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં આજે પણ અનેક ખેડુતો આકાશી ખેતી પર નિર્ભર છે માત્ર ચોમાસુ સિઝનમાંજ વાવણી થતી હોવાથી ખેડુતો દ્વારા વરસાદનું આગમન થાય તે પહેલા ખેતરોને ખેડી તૈયાર કરી રાખી રહ્યા છે જેથી વરસાદ થતાની સાથે જ ખરીફ પાકની વાવણી થઈ શકે જેને લઈ બનાસકાંઠા જિલ્લાના ખેતરોમાં ટ્રેકટર સહિત બળદોની મદદથી

નરસિંહ દેસાઈ

ખેડ કરતા જોવા મળી રહ્યા છે બનાસકાંઠા જિલ્લામાં આગામી સમયમાં વરસાદનું આગમન થવાની શક્યતાઓ સેવાઈ રહી છે ત્યારે ખેડુતો

અનુસંધાન પાના નં.૬

શ્રધ્ધાંજલિ

સ્વ. વાઘેલા કેસુભા હમીરસિંહ
મુ. વરા, તા.કાંકરેજ, જુ.બ.કાં.
સુકુન પાટી
સ્વ.તા.૮/૬/૨૦૧૮, ગુરુવાર

ચંદન સમુ જીવન જીવીને સુખ સહુને દઈ ગયા, આપના ઉત્તમ સંસ્કારો પરિવારને આપી ગયા, જીવનભર પરિશ્રમ કરીને પરિવારને સુખી અને સમૃધ્ધ બનાવી ગયા, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રભુને પ્રાર્થના...

વાઘેલા સોમજીસિંહ સહુના (બાવકાંશ મોટાસીંગ, વરા)
વાઘેલા સરજીસિંહે ઉકુભા - વરા
વાઘેલા જયેન્દ્રસિંહ ભગાભા - વરા
વાઘેલા દિનેશસિંહ સહુના (મિત મોટાસીંગ, વરા)
વાઘેલા વૃષભસિંહ ઝેઠાભા - વરા
વાઘેલા પ્રતાપસિંહ ડાહુભા (સોગઠકુવા, વરા)

વિ.
વાઘેલા મુકુનસિંહ વાઘુભા - વરા
વાઘેલા વિજયસિંહ વાઘુભા - વરા
વાઘેલા રજનીકાંતસિંહ સહુના (લીકડેક પાન પાર્લર, વરા)
વાઘેલા ગુણવંતસિંહ સહુના - વરા
વાઘેલા ગુરૂનાનકસિંહ મહેન્દ્રસિંહ (કુલ કુમ ઓટલ, વરા)
વાઘેલા અર્જુનસિંહ સહુના - વરા
વાઘેલા સુરજીતસિંહ સહુના (વિરસુલ પાન પાર્લર, વરા)
વાઘેલા ભરતસિંહ ડાહુભા - વરા

બનાસકાંઠા જિલ્લામાં અધિક માસના પગલે ધાર્મિક માહોલ જામ્યો !

ઠેરઠેર ભાગવત સપ્તાહ સહિત કથા વાર્તાનું આયોજન

પ્રતિનિધિ વડાવળ

અધિક માસ એટલે જેને આપણા શાસ્ત્રોમાં પુરૂષોત્તમ માસ તરીકે માનવામાં આવે છે. દર ત્રણ વર્ષે વધારાના દિવસોની પુર્તિ કરવા માટે અધિક માસ ગણવામાં આવે છે. જેથી આ અધિક માસનું ખુબ જ મહત્વ રહેલું છે. આપણા સનાતન ધર્મમાં પંચાંગના આધારે અધિક માસમાં જપ-તપ, દાનનું પુણ્ય અનેકગણુ વધી જાય છે. જેને લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અધિક માસમાં ઠેરઠેર ધાર્મિક માહોલ જામ્યો છે. ૧૬ મી મે થી અધિક જેઠ માસની શરૂઆત થઈ હતી. જે ૧૩ મી જુનને બુધવારના રોજ પૂર્ણ થાય છે. ત્યારે અધિક માસને લઈ જિલ્લાભરમાં ધાર્મિક માહોલ છવાયો છે.

નરસિંહ દેસાઈ

પુરૂષોત્તમ માસ અને રમઝાન માસનો સમન્વય થયો

સનાતન ધર્મમાં અધિક માસ એટલે કે પુરૂષોત્તમ માસનું ખુબ જ વિશેષ મહત્વ રહેલુ છે. ત્યારે ઈસ્લામ ધર્મમાં રમજાન માસનો ખુબ વિશેષ મહત્વ ગણાય છે. ત્યારે આ વખતે આ બન્ને પવિત્ર માસનું સમન્વય થયુ છે. પુરૂષોત્તમ માસના પગલે ઠેરઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા ભાગવત સપ્તાહ કથાવાર્તા સત્સંગ વગેરેનું સમગ્ર જિલ્લામાં ઠેરઠેર આયોજન થઈ રહ્યું છે. તો રમજાન માસના પગલે મુસ્લિમ બિરાદરો ઈબાદતમાં મશગુલ બની ગયા છે. ખુદાની બંદગી કરવા રિશો નમાજ અદા કરી રોઝા રાખી રહ્યા છે. આમ બન્ને પવિત્ર માસનો એક સાથે સમન્વય થતાં સનાતન સહિત ઈસ્લામ ધર્મના લોકોમાં આદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ઠેરઠેર ભાગવત સપ્તાહ સહિત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. અધિક માસમાં કોઈપણ ધાર્મિક શ્રવણ વગેરે કરવામાં આવે તો પુણ્યકારક માનવામાં આવે છે. જેથી તો વ્યવહારિક કાર્યો અધિક માસમાં થતા નથી અને આત્મકલ્યાણના કાર્યોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. જેને લઈ જિલ્લાભરના નાના મોટા ગામડાઓ સહિત શહેરી વિસ્તારમાં ઠેરઠેર ભાગવત સપ્તાહ, કથા વાર્તાઓ સત્સંગ ધ્યાન, જપ વગેરે સહિતના ધાર્મિક કાર્યક્રમો થઈ રહ્યા છે.

વિવિધ સંપ્રદાયોમાં પુરૂષોત્તમ માસનો મહિમા સર્વોત્તમ ગણ્યો છે. ત્યારે હવે પુરૂષોત્તમ એટલે કે અધિક માસના ગણત્રીના દિવસો બાકી રહ્યા છે. જેને લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ધાર્મિક માહોલ જામ્યો છે.

ચાલો થરાદ... ચાલો થરાદ... ચાલો થરાદ...

શ્રી રામ આશરા અન્નક્ષેત્ર તથા શ્રીરામ આશરા ધરણીધર ગૌશાળા, ઢીમાના લાભાર્થે

આથી થરાદ-વાવની જાહેર જનતાને જણાવતાં આનંદ થાય છે કે થરાદ નગરે શ્રીરામ આશરા અન્નક્ષેત્ર તથા શ્રીરામ આશરા ધરણીધર ગૌ શાળા, ઢીમાના લાભાર્થે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરેલ છે.
તો સર્વે ભાવિક ભકતોને ડાયરાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

ભવ્ય લોક ડાયરો

તારીખ : ૧૨-૬-૨૦૧૮, મંગળવાર સમય : રાત્રે ૯-૦૦ કલાકે

ભવ્ય લોક ડાયરાના કલાકારો

જીગ્નેશદાન ગઢવી ચતુરદાન ગઢવી (સાહિત્યકાર) પ્રવિણદાન ગઢવી (ભજનીક) દશરથદાન ગઢવી (લોક સંગ્રાહક)

આયોજન સ્થળ : એમ.એસ. વિદ્યામંદિરની સામે, ઢીમા રોડ, થરાદ

નિમંત્રક
મહામંડલેશ્વર જાનકીદાસજી બાપુ તેમજ સમસ્ત ભાવિક ભકતગણ